CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૨૯
તા.૦૬-૦૩-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ ફાગણ વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૯ સૂર્યાસ્ત : ૦૬:૪૫

તાપમાન
ડીસા ૩૪.૩ | વડોદરા ૩૪.૬
અમદાવાદ ૩૪.૪ | સુરત ૩૫.૦
ગાંધીનગર ૩૪.૦ | નલિયા ૩૧.૦

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# સાંસદમાં બેંક કૌભાંડ મુદ્દે ધમાલ : કાર્યવાહી મોકૂફ

## આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવા માટે પણ જોરદાર ધાંધલ ધમાલ થઇ : તૃણમુલ કોંગ્રેસના સાંસદો દ્વારા ગાંધીજીની પ્રતિમા સામે દેખાવો

નવીદિલ્હી

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની આજે ધાંધલ ધમાલ સાથે શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે ધાંધલ ધમાલના કારણે કોઇ કામ થઇ શક્યું ન હતું. લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ કરવામાં આવી હતી. પીએનબી ફ્રોડ અને નિરવ મોદીના મુદ્દા ઉપર રાજ્યસભામાં પણ ધાંધલ ધમાલ થઇ હતી. ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુને કાર્યવાહી પહેલા બપોર સુધી મોકૂફ કરવાની ફરજ પડી હતી. સત્રના પ્રથમ દિવસે જ હોબાળો થયો હતો. આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાનો મુદ્દો પણ છવાયેલો રહ્યો હતો. આને લઈને પણ ધાંધલ ધમાલ થઇ હતી. સ્થિતિ યથાવત રહેતા લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ કરાઈ હતી. લોકસભામાં પીએનબી ફ્રોડ કેસ પર ચર્ચા માટે આરજેડીના સાંસદ જેપી યાદવે સ્થગન પ્રસ્તાવ લાવવાની માંગ કરી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ નરેશ અગ્રવાલે રાજ્યસભામાં આ મામલે સ્થગન પ્રસ્તાવ મામલે નોટિસ આપી હતી. આજે સવારે નરેન્દ્ર મોદી અને ભાજપ વડા અમિત શાહનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીએ તેમનું સ્વાગત કર્યું હતું. પૂર્વોત્તર રાજ્યોમાં ભાજપના શાનદાર દેખાવને લઈને બંનેનું સ્વાગત કરાયું હતું. ત્રિપલ તલાક બિલને મુદ્દા પર પણ ખેંચતાણ રહેવાના સંકેત છે. આ બિલમાં તરત છુટાછેડાના કેસમાં મુસ્લિમ પતિને જેલની સજાની જોગવાઇ કરવામાં આવી છે. ભાજપે સાફ શબ્દોમાં કહ્યુ છે કે કોંગ્રેસ અને ડાબેરીઓ તરફથી જોરદાર વિરોધ કરવામાં આવ્યો હોવા છતાં સંસદમાં ત્રિપલ તલાક બિલ પસાર કરવા માટે સરકાર ઈચ્છુક છે. ઓબીસી કમીશન માટે બંધારણીય દરજ્જા સાથે સંબંધિત બિલ સરકારના એજન્ડામાં સામેલ છે. સંસદમાં કેન્દ્રિય બજેટ પર ચર્ચા પણ કરવામાં આવનાર

અનુસંધાન પાના નં.૬

### ૧૦ હજાર કિલોમીટર લાંબા કોરિડોર અંગે ટૂંકમાં જ જાહેરાત થશે

## ૧૦ લાખ કરોડમાં હાઇસ્પીડ ટ્રેન કોરિડોર બનાવવા તૈયારી

**દેશના તમામ મુખ્ય શહેરોને ટૂંકમાં જ રેલવેથી જોડી દેવાની મહાકાય યોજના જાહેર કરાશે : પ્રોજેક્ટ માટે ફન્ડિંગ કઇરીતે થશે તે અંગે પણ જાહેરાત કરાશે**

નવી દિલ્હી

ભારતીય રેલવે દેશના મુખ્ય શહેરોને કનેક્ટ કરવા માટે એક હાઇ સ્પીડ ટ્રેન કોરિડોર બનાવવા માટેની યોજનાની ટુંક સમયમાં જ જાહેરાત કરી શકે છે. આના નિર્માણ પર ૧૦ લાખ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ થનાર છે. સરકારના ભારતમાળા હાઇવેઝ ડેવલપમેન્ટ પ્રોગ્રામની જેમ જ આ કોરિડોર બનાવવામાં આવનાર છે. આ કોરિડોરની લંબાઇ ૧૦૦૦૦ કિલોમીટરની આસપાસ રહે તેવી શક્યતા છે. રેલવે મંત્રાલયના એક ટોપના અધિકારીએ કહ્યુ છે કે યોજનાની જાહેરાત એપ્રિલ મહિનામાં કરવામાં આવનાર છે. એવા રૂટની પણ જાહેરાત કરવામાં આવનાર છે જેને કનેક્ટ કરવામાં આવનાર છે. પ્રોગ્રામ હેઠળ ફંડિગ કઇ રીતે કરવામાં આવનાર છે તેની માહિતી પણ આપવામાં આવનાર છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે નવી રેલવે લાઇન પર ટ્રેનો ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી દોડાવવામાં આવનાર છે. આ લાઇન કે તો વર્તમાન અથવા તો આવનાર દિવસોમાં બનનાર રાષ્ટ્રીય રાજમાર્ગોના ઉપરથી થઇને પ્રસાર થનાર છે. હાલની રેલવે લાઇનની નજીક પડેલી રેલવેની જમીન પર તેને બનાવવામાં આવનાર છે. રેલવે આ પ્રોજેક્ટ માટે મોટા ટેન્ડર બહાર પાડનાર છે. જેમાં તમામ મોટી કંપનીઓને આમંત્રણ આપવામાં આવનાર છે. આ પગલુ નિર્માણનો ખર્ચ ઓછો રાખવાના હેતુથી લેવામાં આવનાર છે.સરકારે સિંગલ પિલર્સ પર ડબલ લાઇન બનાવવા માટેની મોટી યોજના તૈયાર કરી છે. જેથી નિર્માણ ખર્ચ ૨૦૦ કરોડ રૂપિયા

અનુસંધાન પાના નં.૬

### આવકવેરા વિભાગે ૪૪૭ કંપનીઓને શોધી કાઢી

## ટીડીએસ કાંડ ખુલ્યું : ૩૨૦૦ કરોડની ઠગાઈ

**કંપનીઓએ કર્મચારીઓ પાસે ટેક્સની વસુલી કરી પરંતુ સરકારની પાસે જમા ન કર્યા : ઇન્કમટેક્સની વધુ તપાસ**

મુંબઈ

આવકવેરા વિભાગે ૩૨૦૦ કરોડ રૂપિયાના ટીડીએસ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આઈટી વિભાગે એવી ૪૪૭ કંપનીઓ શોધી કાઢી છે જે કંપનીઓએ પોતાના કર્મચારીઓ પાસેથી ટેક્સ લઇ લીધા હોવા છતાં સરકારની પાસે જમા કરાવ્યા નથી. આ કંપનીઓને કર્મચારીઓના કાપી લેવામાં આવેલા ટીડીએસને પોતાના બિઝનેસમાં રોકી દીધા હતા.

આવકવેરા વિભાગની ટીડીએસ શાખાએ આવી કંપનીઓની સામે તપાસ શરૂ કરી દીધી છે. કેટલાક મામલામાં વોરંટ પણ જારી કરવામાં આવ્યા છે. ઈન્કમટેક્સ એક્ટ હેઠળ આ મામલામાં ત્રણ મહિનાથી લઇને દંડ સુધી સાત વર્ષની સજાની જોગવાઈ છે. આરોપી કંપનીઓ અને માલિકોની સામે આઈટી એક્ટની કલમ ૨૭૬બી હેઠળ કાર્યવાહી કરવામાં આવી શકે છે. આવકવેરા વિભાગ આઈપીસીની કલમ હેઠળ છેતરપિંડી અને અપરાધિક મામલામાં તપાસ કરે છે. સુત્રોનુ ંકહેવું ખે, આ કૌભાંડમાં કર્મચારીઓની સાથે છેતરપિંડી કરવામાં આવી છે જેથી આઈપીસીની કલમો લાગૂ કરવામાં આવનાર છે. આવકવેરા વિભાગના એક અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, હાલમાં જ કરવામાં આવેલા વેરિફિકેશન સર્વેમાં આવા ૪૪૭ મામલા સપાટી ઉપર આવ્યા છે. કંપનીઓએ કર્મચારીના ટીડીએસના ૩૨૦૦ કરોડ રૂપિયા કાપ્યા હતા પરંતુ સરકારના ખાતામાં જમા કરવામાં આવ્યા ન હતા. કેટલાક લોકોની ધરપકડ પણ કરવામાં આવી રહી છે. આ આંકડો એપ્રિલ ૨૦૧૭થી લઈને માર્ચ ૨૦૧૮ સુધીનો છે. આવકવેરા વિભાગે રિકવરી માટે એક્શન લેવાની શરૂઆત કરી દીધી છે. આરોપી કંપનીઓના બેંક ખાતા જપ્ત કરવાની શરૂઆત પણ થઇ ચુકી છે. અનેક મામલામાં કંપનીઓએ ટીડીએસના પૈસા વર્કિંગ કેપિટલમાં લગાવી દીધા હોવાના પણ અહેવાલ છે.

### વિચાર વૈભવ...

#### માનવને ઊગવા દે તેવું શિક્ષણ

માણસ હંમેશાં સ્મારકપ્રેમી રહ્યો છે. અમુક ઘટનાનું સ્મરણ કરાવવાનું કામ સ્મારક કરે છે. ધર્મ નામની ઘટનાનું સ્મારક એટલે મંદિર. ન્યાય નામની ઘટનાનું સ્મારક ન્યાયાલય છે. આ જ તર્ક પ્રમાણે ગુનાનું સ્મારક કેદખાનું ગણાય. નશાનું સ્મારક શરાબખાનું ગણાય. કામાસક્તિનું સ્મારક વેશ્યાગૃહ ગણાય અને જ્ઞાનનું સ્મારક પુસ્તકાલય ગણાય. આ અર્થમાં હું નિશાળને 'શિક્ષણ' નામની એક અત્યંત વ્યાપક ઘટનાનું સ્થૂળ સ્મારક ગણું છું.

પણ સ્મારકની એક મર્યાદા છે. સ્મારક વ્યાપક ઘટનાને સીમાના ચોકઠામાં બંદી બનાવી દે છે. ઘટનાનો અંશ એ સાચવી તો રાખે છે પણ ક્યારેક વ્યાપકતા અને સૂક્ષ્મતા બેઉ ખતમ થાય છે. ન્યાયાલયની બહાર ન્યાય (અને અન્યાય) હોઈ શકે છે. મંદિરમાં પુરાઈ રહેલો ધર્મ ગંધાઈ ઊઠે એમ બને. ગુનો કેદની ઊંચી દીવાલો અતિક્રમીને સમાજમાં હરતો-ફરતો રહે છે. પુસ્તકાલયમાં જ્ઞાનનો ભંડાર જરૂર હશે પણ સ્વિમિંગ પુલને સાગર માનવાની ભૂલ ટાળવા જેવી છે. પ્રતિક્ષણ ચાલતી રહેતી શિક્ષણની વ્યાપક અને સૂક્ષ્મ ક્રિયાનો એક ઘણો જ નાનો અંશ નિશાળ નામની એક સામાજિક સંસ્થામાં સાચવી રાખવામાં આવ્યો છે. પિરામિડોમાં મમી જળવાઈ રહે તે જ રીતે એ અંશને જાળવી રાખવામાં થોડું જોખમ છે. સ્વિમિંગ પુલમાં પણ હવે તો સતત વહેતા પાણીનો આગ્રહ રાખવામાં આવે છે.

આ વાત હું 'નિશાળ' ને નાબૂદ કરવાની હિમાયત કરવા માટે નથી કરી રહ્યો. 'નિશાળ' ગમે તેટલી સારી હોય તો ય કદીય ' શિક્ષણ'નો પર્યાય ન જ બની શકે. 'સ્મોલ ઈઝ બ્યુટિફુલ' નામના સુંદર પુસ્તકના જાણીતા લેખક સ્વ ઈ.એફ. શુમાકરે 'એ ગાઈડ ફોર ધ પર પ્લેક્સ્ડ' નામનું બીજું પુસ્તક પણ પ્રગટ કર્યું છે. પુસ્તકની શરૂઆત ફાંકડી છે. લેખક પોતાની લેનિનગ્રેડની મુલાકાતને યાદ કરે છે. ત્યાં ફરતી વખતે સાથે રાખેલા નકશા પર ચર્ચ નહોતાં બતાવ્યાં પણ રસ્તા પર ઘણાં ચર્ચ જોવા મળ્યાં. આ વાત ન સમજાવાથી એમણે દુભાષિયાને પૂછ્યું ત્યારે જવાબ મળ્યોઃ 'અમે નકશામાં ચર્ચ બતાવતા નથી.' શુમાકર કહે છે. 'નિશાળો અને કૉલેજોમાં મને હંમેશાં જીવનનો અને જ્ઞાનનો નકશો આપવામાં આવેલો. આ નકશા પર જેની મને ખુબ જ દરકાર હોય એવી ચીજો ભાગ્યે જ જોવા મળતી.'

ગુણવંત શાહ

### ગુજરાત વિધાનસભામાં ચુડાસમાએ માહિતી આપી

## પ્રત્યેક તાલુકાઓમાં સરકારી કોલેજ કાર્યરત કરવા પ્રયાસ

**નવનિર્મિત બિનઆદિવાસી ૧૪ તેમજ ચાર આદિવાસી તાલુકામાં આવી કોલેજ શરૂ કરવાની યોજના : ચુડાસમા**

અમદાવાદ

રાજ્ય વિધાનસભામાં પ્રશ્નોતરી કાળ દરમિયાન પાટણ અને અમદાવાદ જિલ્લામાં આવેલી વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો સંદર્ભના ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નો રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રત્યુત્તર પાઠવ્યો હતો. મંત્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના પ્રત્યેક તાલુકામાં સરકારી કોલેજ કાર્યરત થાય તે માટે રાજ્ય સરકારે ખાસ ભાર મૂક્યો છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, નવનિર્મિત એવા બિન આદિવાસી એવા ૧૪ અને ૪ આદિવાસી મળી આવા ૧૮ તાલુકામાં સરકારી કોલેજો શરૂ કરવા રાજ્ય

અનુસંધાન પાના નં.૬

### અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ધાનાણીના પ્રહાર

## અયોગ્ય વ્યવસ્થાથી ગુજરાત દેવાળીયું બનવાની દિશામાં છે

**ભાજપના સતત ૨૨ વર્ષના શાસનમાં રાજ્યનો વિકાસ દર ક્યારે બે આંકડા સુધી પહોંચ્યો નથી : પરેશ ધાનાણી**

અમદાવાદ

ગુજરાત રાજ્યનાં અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેતા વિરોધપક્ષનાં નેતા પરેશ ધાનાણીએ આજે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપના સતત ૨૨ વર્ષના શાસનમાં નાણાની અયોગ્ય વ્યવસ્થાના કારણે ગુજરાત દેવાળિયુ બનવા તરફ આગળ વધી રહ્યું છે. ભાજપના શાસનકાળમાં ગુજરાતનો વિકાસ દર ક્યારે બે આંકડામાં પહોંચ્યો નથી. રાજ્ય વિકાસદરના આંકડાઓ સાથે ચેડા કરી બે આંકડામાં દર્શાવવાના પ્રયાસ થઇ રહ્યા છે. રાજ્યનું દેવું અને વ્યાજ ચુકવવા માટે તેટલી જ રકમની નવી લોનો લેવા રાજ્ય સરકારે મજબુર થવું પડે છે. ૨૦૧૮-૧૯નું બજેટ દિશાહિન અને

અનુસંધાન પાના નં.૬

### ગુજરાતમાંથી કુલ રૂા.૩.૨૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા

## સીબીએસઈ : ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આરંભ

**ધોરણ ૧૦માં ગુજરાતમાંથી ૧.૮૫ લાખ, ધોરણ ૧૨માં ૧.૪૩ લાખ વિદ્યાર્થી નોંધાયા : વાલીઓ પણ સાથે દેખાયા**



અમદાવાદ

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સીબીએસઈ બોર્ડની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. આજે ધોરણ ૧૦માં ઈન્ફો ટેકનોલોજી અને ઓટો મોબાઈલ ટેકનોલોજી સહિતના વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જ્યારે ધોરણ ૧૨માં ઈંગ્લિશ ઈલેક્ટિવ અને ઈંગ્લિશ કોરની પરીક્ષા લેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષા આજે શરૂ થયા બાદ આ પરીક્ષા ૧૩ એપ્રિલ સુધી ચાલશે. ધોરણ ૧૦ની લાંબા સમય પછી આ પરીક્ષા ફરીથી બોર્ડ દ્વારા લેવાઈ રહી છે. ગુજરાત રાજ્યમાંથી સીબીએસઈ ધોરણ ૧૦માં ૧.૮૫ લાખ અને ધોરણ ૧૨માં ૧.૪૩ લાખ વિદ્યાર્થી નોંધાયા છે. એકંદરે ગુજરાતમાંથી ૩.૨૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. બીજી બાજુ દેશભરમાં કુલ ૨૮.૨૪ લાખ વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ધોરણ ૧૦માં દેશમાં ૧૬.૩૮ લાખ અને ધોરણ ૧૨માં કુલ ૧૧.૮૬ લાખ વિદ્યાર્થી રજિસ્ટર્ડ થયા છે. ગુજરાતનો સમાવેશ અજમેર વિભાગમાં થાય છે. આ વિભાગ માટે ધોરણ ૧૦માં ૬૪૩ સેન્ટર અને ૨૨૭૫ શાળાઓમાં પરીક્ષા નિયત

અનુસંધાન પાના નં.૬

### વિરાટ કોહલી અને ધોનીની ગેરહાજરીમાં ટીમ પર જીતવાનું દબાણ

## ભારત અને શ્રીલંકા વચ્ચે આજે રોમાંચક ટ્વેન્ટી-૨૦ જંગ

કોલંબો

કરોડો ક્રિકેટ ચાહકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઇ રહ્યા હતા તે ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલે ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મેચ રમાનાર છે. આ મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ભારતના સ્ટાર ખેલાડીઓ આ ત્રિકોણીય ટ્વેન્ટી-૨૦ શ્રેણીમાં રમનાર નથી. રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમ જોરદાર દેખાવ કરવા માટે ઉત્સુક છે. વિરાટ કોહલી, મહેન્દ્ર સિંહ ધોની અને અન્ય સ્ટાર ખેલાડી આમાં રમનાર નથી. રોહિત શર્માના નેતૃત્વમાં આ ટીમમાં શિખર ધવન વાઇસ કેપ્ટન તરીકેની ભૂમિકામાં રહેશે. જો કે આ શ્રેણીમાં પણ ભારત હોટ ફેવરીટ તરીકે રહેશે. ટીમમાં સામેલ કરવામાં આવેલા યુવા ખેલાડીઓને શાનદાર દેખાવ કરવાની તક છે. રાઉન્ડ રોબિન ફોર્મેટના આધાર પર આ શ્રેણી રમાનાર છે. વિરાટ કોહલી અને પૂર્વ કેપ્ટન એમએસ ધોની બંનેને આરામ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ભુવનેશ્વર કુમાર, જસપ્રિત બુમરાહ, કુલદીપ યાદવ, હાર્દિક પંડ્યાને પણ આરામ આપવામાં આવ્યો છે. દિપક હુડા અને વોશિંગ્ટન સુંદરને સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભારતીય ટીમમાં વિજય શંકર અને મોહમ્મદ સિરાજનો સમાવેશ કરવામાં આવ્યો છે. રિષભ પંત બીજા વિકેટકીપર તરીકે રહેશે. તમામ મેચો કોલંબોમાં પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે લાઈટ હેઠળ રમાનાર છે. ત્રણ ટીમો એક બીજા સામે બે વખત અનુસંધાન પાના નં.૬

### વિદ્યાર્થીઓની મદદ માટે મોબાઇલ નંબર અપાયો

## હોલ ટિકિટો નહીં મળે તો હવે DEOને ફરિયાદ થઇ શકશે

**મંગળવાર સુધી તમામ શાળાઓને બોર્ડના વિદ્યાર્થીઓની હોલ ટિકિટ આપી દેવા શિક્ષણવિભાગ અને બોર્ડની તાકીદ**

અમદાવાદ

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આગામી તા.૧૨મી માર્ચથી શરૂ થઇ રહી છે ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જો કોઇ શાળા દ્વારા પરીક્ષાર્થી વિદ્યાર્થીની હોલ ટિકિટ અટકાવાશે તો તે શાળા અને આચાર્ય વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી છે. સાથે સાથે બોર્ડે પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને આશ્વસ્થ કરતાં નવી જોગવાઇ કરતાં જણાવ્યું છે કે, જો કોઇ વિદ્યાર્થીને તા.૯મી માર્ચ સુધીમાં હોલ ટિકિટ ના અપાય તો, વિદ્યાર્થી પોતે જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર માટે ૯૯૦૯૯૭૦૨૦૧ અને અમદાવાદ ગ્રામ્ય માટે ૯૯૦૯૯૭૦૨૦૨ મોબાઇલ નંબર પર સીધી પોતાની ફરિયાદ કરી શકશે. બીજીબાજુ, રાજયના શિક્ષણવિભાગ દ્વારા પણ રાજયની તમામ શાળાઓને આવતીકાલ સુધીમાં પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને હોલ ટિકિટ મળી જાય તેવી કડક તાકીદ કરવામાં આવી છે. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવવા માટે હોલ ટિકિટ બહુ અગત્યની હોય છે, જેથી બોર્ડ દ્વારા તાજેતરમાં જ રાજયના વિવિધ જિલ્લા કક્ષાના વિતરણ કેન્દ્રો પર ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની હોલ ટિકિટ પહોંચાડી દેવાની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. જિલ્લા વિતરણ કેન્દ્રો પરથી જે તે શાળાઓને આ હોલ ટિકિટ પહોંચાડવાની તજવીજ પણ હાથ ધરાઇ હતી. તા.૧લી માર્ચથી જે તે શાળાઓ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને આ હોલ ટિકિટ વિતરણ કરવાનું

અનુસંધાન પાના નં.૬

વર્ષોની પરંપરા... આતુરતાનો અંત...
આવી રહી છે રખેવાળની વાર્ષિક લવાજમ યોજના ટુંક સમયમાં જ...

**સૂર્યોદય - ૬.૫૯ સૂર્યાસ્ત - ૬.૪૫**

## તિથિદર્શન

ફાગણ વદ ૫ મંગળવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૧૨ | ૧૧ સુ.લ.બુ. શુ.કે. | ૧૦ કે. |
| ૧ | ૨ | ૮ મં. ૯ શ. |
| ૩ | ૫ | ૭ ચં.ગુ. |
| ૪ રા. | | ૬ |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ફાગણ વદ :પાંચમ મંગળવાર નક્ષત્ર: સ્વાતી રાત્રે ૨૧.૦૪ પછી વિશાખા યોગ :ધ્રુવ કરણ :કૌલવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**કાન્તા કટાક્ષવિશિખા ન લુનન્તિ
યસ્ય ચિતં ન નિર્દહતિ કોપકૃશાનુતાપઃ
કર્ષન્તિ ભૂરિવિષયાંશ્ચ ન લોભપાશા
લોકત્રયં જયતિ કૃતસ્ત્રમિદં સ ધીરઃ**

'નારીજનોનાં કટાક્ષરૂપી બાણો જેના ચિત્તને વેધી શકતાં નથી. (જેમને સ્ત્રીઓની તીરછી નજરની અસર થતી નથી.) કોપ રૂપી અગ્નિનનો તાપ જેના ચિત્તને બાળતો નથી; લોભ રૂપી બંધનો જેને ઘણા વિષયો તરફ ખેંચી જતાં નથી; એવા ધીર પુરુષ છે અને તે ત્રણેય લોકને જીતી જાય છે.' માણસનું મન મક્કમ અને શુદ્ધ હોય તો ગમે તેવી લપસણી ભૂમિ પર પણ તે ચલિત થતી નથી. મોહ- માયા- વાસનાથી તેનું પતન થતું નથી. આવી વ્યક્તિ ધીરજવાન હોય છે. નાની નાની વાતે ઉશ્કેરાટ કરી પોતાનું અને આસપાસના પરિવારના લોકોનું અને ઘરનું વાતાવરણ ક્ષુબ્ધ કરી નાખે છે. ક્રોધી લોકોનું મન અશાંત રહે છે. જેને પોતાનાં મન - વિચાર- વાણી પર સંયમ હોય તે સદાય શાંત 'મગજ' ધરાવતા હોય છે. એવા ધીરજવાન કદી ઉશ્કેરાટમાં ક્ષુબ્ધ થતા નથી. જે માણસ અસંતુષ્ટ છે એને કોઈ જ બાબતમાં સંતોષની સીમા સ્પર્શતી નથી, હું એકલો જ બધું ભોગવું, ખાવા- પીવામાં, સમૃદ્ધિ એકત્ર કરવામાં કે કોઈ પણ ભોગ- ઉપયોગમાં કદાપિ અને સંતોષ થતો નથી. જે 'સંતુષ્ટ' હોય એને કદાપિ કોઈ પણ લોભ- મોહ- માયા અને વાસનાના બંધન બાંધી શકતાં નથી. ધીર પુરુષ જિતેન્દ્રિય- ત્રણે લોકને જીતી લે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યવસાયિક કાર્યોમાં લાભ થાય. મકાન, વાહન જેવી વસ્તુની ખરીદી થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.)કૌટુંબિક જીવનમાં આનંદ રહે. આવકમાં વધારો થાય.**

**મિથુન : (ક.છ.ઘ.)મનમાં મૂંઝવણ અનુભવાય. અટકી-અટકીને કાર્યમાં સફળતા મળે.**

**કર્ક : (ડ.હ.)મનમાં ચિંતા રહે. વિલંબથી કાર્યમાં સફળતા મળે.**

**સિંહ : (મ.ટ.)બઢતીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે નવું આયોજન થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.)મિત્ર વર્ગથી વિશ્વાસઘાત ન થાય તે માટે સાવધ રહેવું. નાણાંકીય ખર્ચનો પ્રસંગ બને.**

**તુલા : (ર.ત.)ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. પ્રવાસ-મુસાફરીના યોગ છે.**

**વૃશ્ચિક : (ન.ય.)આળસ ન કરવી હિતાવહ. લાભની તક સરી ન જાય તે જોવું.**

**ધન : (ભ.ફ.ધ.) જીવનસાથીથી સ્નેહ રહે. આકસ્મીક મુસાફરી થાય.**

**મકર : (ખ.જ.)જીવનસાથીના સહકારથી સમસ્યાનો ઉકેલ મળે. ખર્ચના પ્રસંગમાં વધારો થાય.**

**કુંભ : (ગ.શ.સ.)સંતાનથી લાભ થાય. માંગલિક કાર્યમાં સફળતા મળે.**

**મીન : (દ.ચ.જ.થ.)નાણાંકીય વ્યવહારોમાં સંભાળવું. નોકરી-ધંધામાં મતભેદ સર્જાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર અને કાવ્યરચનાની લલિતકલાઓમાં સર્વોત્કૃષ્ટ કૃતિઓનું સર્જન કરનાર માઈકલ એન્જેલોની જન્મ જયંતિ છે. એમનો જન્મ તા. ૬-૩-૧૪૭૫ ના રોજ ઈટાલીના કેપ્રીઝમાં થયો હતો. કાવ્ય રચનાના બે સીમાસ્તંભોની વચ્ચે એન્જેલોની કલાસાધના વ્યાપક ફલક પ્રસરાવીને પડી છે. સાત વર્ષના ભગીરથ પુરૂષાર્થ પછી 'લાસ્ટ જજમેન્ટ' નામનું જગપ્રસિધ્ધ ચિત્ર (ફ્રિસ્કો પેઈન્ટિંગ્સ) શરૂ કર્યું પણ તે પુરૂ થયું નહી.

એમાં ઈ.સ. ૧૫૬૪માં ૯૦ વર્ષની વયે અવસાન થયું. એમણે એમનું વસિયતનામું ત્રણ વાકયમાં લખેલું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૬.૦૩.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૫.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૩૫૭ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૪૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૧૩ પોઈન્ટ થી ૧૦૩૦૩ પોઈન્ટ, ૧૦૨૯૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૯૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૫.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૮૬૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૯૩૯ પોઈન્ટના પ્રથમ અને ૨૫૦૨૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૮૦૮ પોઈન્ટ થી ૨૪૭૭૦ પોઈન્ટ, ૨૪૭૦૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ટેક મહિન્દ્રા (૬૩૩) :- ટેકનોલોજી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૬૧૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૬૦૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૬૪૦ થી રૂ.૬૪૬ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૬૪૬ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**તાતા સ્ટીલ (૬૫૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૩૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૬૩૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૬૬૩ થી રૂ.૬૭૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**લ્યુપિન લિમિટેડ (૭૯૩) :- રૂ.૭૮૦ નો પ્રથમ તેમજ રૂ.૭૭૩ ના બીજા સપોટ'થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૦૮ થી રૂ.૮૧૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**સન ફાર્મા (૫૪૮) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૫૭ થી રૂ.૫૬૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**હિન્દ પેટ્રો (૩૬૯) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૫૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક PSU ઓઈલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૭૭ થી રૂ.૩૮૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૨૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રીફાઇનરી સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૪૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૧૯ થી રૂ.૯૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૫૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઓરબિંદો ફાર્મા (૬૦૨) :- રૂ.૬૧૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૨૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૫૯૩ થી રૂ.૫૮૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૨૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**તાતા મોટર્સ (૩૫૩) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૩૭૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૩૪૩ થી રૂ.૩૩૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**JSW સ્ટીલ (૨૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૩૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૮૬ થી રૂ.૨૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૦૯નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ONGC લિમિટેડ ( ૧૮૩ ) :- રૂ.૧૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક PSU ઓઈલ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૭૯ થી રૂ.૧૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૯૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# કાંકરેજના રવિયાણામાં સંત સમારોહ અને પુસ્તક વિમોચનનો કાર્યક્રમ યોજાયો


મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાના રવિયાણા ગામે ૩/૩/૧૮ ને શનિવારના રોજ સંતશ્રી રામચંદ્રરામ મહારાજ રવિયાણાના અધ્યક્ષ સ્થાને ભવ્ય સંત મેળાવડો યોજાયેલ. આ સંત મેળાવડામાં પુજનીય સંતો મહેન્દ્રરામ મહેસાણા, ડાયારામ અડાલજ, પ્રવિણરામ કમલીવાડા, શંકરરામ ઉર્ફે બાવાજી લુણપુર, જીવણરામ રવિયાણા તેમજ સાધુ સંતો તેમજ ભાવિક ભક્તજનો તેમજ રવિયાણા ગ્રામજનોની સગાસંબંધીઓની હાજરીમાં રામચંદ્ર સરિતા સાગરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શોભારામ, જલોત્રા, ગાંભારામ પાટણ, મણીરામ સરીયદ, ઉમેદરામ કસરા, અમથારામ ગણેશપુરા, દાંનારામ પાટણ, ખોડીરામ વારા, ભારમલરામ રવિયાણા, મસ્તરામ માનપુર, વાઘારામ રવિયાણા, જીવણરામ તેમજ સાધુસંતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાંનજીભાઈ ઝાકોલ, ચમનલાલ સોડીયા, ભેમાભાઈ સમણવા, રાંમજીભાઈ આસેડા, જીવણભાઈ માનપુર, જેવતભાઈ ખોડા, ભેમજીભાઈ રતનગઢ, ગેમરભાઈ ઝીલવાણા, અમરતભાઈ શીરવાડા, રામજીભાઈ ભાવનગર, ખેમાભાઈ શિહોરી, રામાભાઈ ઝાલમોર, અમરતભાઈ કસરા, બાબુભાઈ રતનગઢ, બબાભાઈ રવિયાણા, પ્રહલાદભાઈ રવિયાણા તેમજ રવિયાણા ગામના સ્વયંસેવકો દ્વારા સંત મેળાવડામાં ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શંકરરામ ઉર્ફે બાવાજીએ કર્યું હતું.

# દેવાસી સમાજ દ્વારા બાલિકા શિક્ષણ પ્રોત્સાહન કાર્યક્રમ યોજાયો


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

ગતરોજ તા.૪-૦૩-૨૦૧૮-રવિવારના રોજ "દેવાસી પ્રવાસી મિત્ર ગ્રુપ ઓફ ઈન્ડિયા" દ્વારા પાલી જિલ્લાના ભાટુન્દ મુકામે, "બાલિકા શિક્ષણ પ્રોત્સાહન પ્રોગ્રામ" સાર્થક રીતે યોજાઇ ગયો, જેમા રાજસ્થાન સરકારના માનનીય મંત્રીશ્રી ઓટારામજી દેવાસી, અખિલ ભારતીય રાયકા સમાજ સેવા સંસ્થાન-હરિદ્વારના અધ્યક્ષશ્રી ખેમરાજભાઇ દેસાઇ, ગુજરાત હાઈકોર્ટ-અમદાવાદના એડવોકેટ ડો.ડી.બી. દેસાઇ, અમદાવાદના ઉદ્યોગપતિશ્રી અશોકભાઇ કાલોર, પછાત વર્ગ વિકાસના પ્રદેશ અધ્યક્ષશ્રી પ્રેમારામજી દેવાસી, પશુ-કલ્યાણ બોર્ડના ડાયરેકટરશ્રી હરિયાદેવી દેવાસી, નવપરગણા-સિરોહી જિલ્લાના અધ્યક્ષશ્રી ભુપતભાઇ દેસાઇ, બનાસકાંઠાના યુવા આગેવાનશ્રી જીવરાજભાઇ આલ, પાલી જિલ્લા પંચાયતના સભ્યશ્રી ગીતાબેન દેવાસી, ડો. કવિતા દેવાસી, ડો.પ્રીતિરાજ રાયકા, શ્રી દર્શના દેસાઇ ઉપરાંત સમાજના અનેક નામાંકિત વ્યકિત-વિશેષશ્રીઓએ હાજર રહીને કાર્યક્રમની શોભામા અભિવૃધ્ધિ કરી હતી. આ પૈકી કેટલાક મહાનુભાવોએ સમાજના ઉત્થાન અર્થે પોતાના વિચારો અને અનુભવો વ્યકત કર્યા હતા. શરૂઆતમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને આવકારતા શ્રી પારસરામ દેવાસી દ્વારા સ્વાગત-પ્રવચન તેમજ સૌ પ્રત્યે આભારની લાગણી શ્રી લલિતરામ દેવાસીએ વ્યકત કરી હતી. આ તબક્કે કુલ ૨૧૦૦ દિકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ રાજયના પાટનગર જયપુર ખાતે સમાજના શૈક્ષણિક-સંકુલ અર્થે નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો હતો. શિક્ષણ થકી સમાજના ઘડતર અને ચણતરના આવા યજ્ઞરૂપી કાર્યને હેતુલક્ષી બનાવવા અર્થે શ્રી ફુલાજી દેવાસી, શ્રી તારારામ દેવાસી, શ્રી કૈલાસ દેવાસી, શ્રી ત્રિલોક દેવાસી, શ્રી મોહન દેવાસી, શ્રી પ્રકાશ દેવાસી, શ્રી હાર્દિક દેવાસી, શ્રી નિર્મળ દેવાસી, શ્રી રતન દેવાસી તેમજ "ટીમ દેવાસી ઓફ ઈન્ડિયા "ના તમામ સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# શ્રી જે.ડી. અજબાણી સર્વોદય પ્રા.શાળામાં વાલી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ડીસા

ડીસા શહેરમાં આવેલી શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળામાં તારીખ ૨૮/૨/૧૮ ને બુધવારના રોજ વાલી સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં અધ્યક્ષ તરીકેની ભૂમિકા ઠક્કર હિતેશભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદમાં સરસ્વતીની વંદના કરી. દિપ પ્રાગટ્ય વિધિ કરવામાં આવી હતી. શાળાના શિક્ષક કાકરેચી ભરતભાઈએ પધારેલ વાલીગણનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદીએ અધ્યક્ષનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. મા. આચાર્ય જે.કે. પરમાર સાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત રાજુભાઈ માળીએ કર્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદીએ શાળામાં ચાલતી વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓથી વાલીઓને વાકેફ કર્યા હતા. તેમજ વિડિયો કેસટ બતાવીને વાલીગણને પોતાના બાળકોની વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી કરવામાં આવી હતી. વાલીગણ તરફથી કેટલાક સૂચનો કે પ્રશ્નો કરવામા આવ્યા હતા. જેનાં આચાર્ય કિશોરભાઈ ત્રિવેદીએ સંતોષકારક જવાબ આપી શિક્ષકોના મૂંઝવતા પ્રશ્નો વાલીગણ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. મા.આચાર્ય કે.જે. પરમાર દ્વારા શિક્ષણમાં વૈવિધ્યતા આવે તેમજ વાલીઓ બાળકો પ્રત્યે જાગૃત થાય તેવું સરસ ઉદ્‌બોધન કર્યુ હતું. ત્યારબાદ અનિલભાઈ પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીનલબેન ત્રિવેદીએ કર્યું હતું.

# વડગામ તાલુકા મુસ્લિમ સિપાઈ સમાજની બેઠક યોજાઈ


પુષ્કર ગોસ્વામી

## શિક્ષણ અને કુરિવાજો બંધ કરવા ચિંતન

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકા મુસ્લિમ સિપાઈ સમાજની કારોબારી સમિતિની બેઠક ગત તા. ૩/૩/૨૦૧૮ શનિવારે વડગામ નજીક યોજાઈ હતી.

૪૪ ગામ સિપાઈ સમાજના પ્રમુખ રફીકભાઈ સિપાઈ, ઉપપ્રમુખ અબકરખાન સિપાઈ-મંત્રી ઈકબાલભાઈ ડેર-ખજાનચી ઈસ્માઈલ ખાન પરમાર, એડવોકેટ ઈદ્રીશખાન પઠાણ, ઈસ્માઈલકાકા મેપડાવાળા, લિયાકત કુરેશી-મયુદિન રાઠોડ-મુસ્તુફા કુરેશી-અક્બરખાન પમાર સહિત તમામ કારોબારી સભ્યો હાજર રહ્યા હતા બેઠકમાં વડગામ તાલુકાના મુસ્લિમ સમાજના ભાઈ-બહેનોનો સર્વાંગી વિકાસ-શિક્ષણ તથા કુરિવાજો બંધ કરવા ચિંતન કરવામાં આવ્યું હતું.

# લાખણીના ગેળામાં રાજસ્થાની પરિવારો દ્વારા ધૂળેટીની ઉજવણી



પ્રતિનિધિ ગેળા

ગુજરાતને અડીને આવેલ રાજસ્થાનમાં હોળી- ધૂળેટીના તહેવારનો વિશેષ મહિમા છે. ત્યારે મૂળ રાજસ્થાનના પણ વર્ષોથી બનાસકાંઠા સહિત રાજયમાં વસતા અનેક પરિવારોએ હોળી- ધુળેટીની પરંપરાગત ઉજવણીની પરંપરા આજે પણ જાળવી રાખી છે. જિલ્લાના લાખણી તાલુકાના શ્રીફળીયા હનુમાનથી પ્રસિધ્ધ ગેળા ગામે પણ રાજસ્થાનના પ્રજાપતિ (રેડવાળ) પરિવારો ધંધા- રોજગાર અર્થે વર્ષોથી વસવાટ કરે છે. માદરે વતનથી દૂર હોવા છતાં આ પરિવારોએ પણ રંગોના તહેવાર હોળી- ધુળેટીની બાળકોની 'ઢૂંઢ' સાથે પરંપરાગત ઉજવણી કરી હતી. જેમાં લોક કલાકાર જેન્તીભાઈ લવાણા વાળાએ મારવાડી ગીતો ગાઈને ઉજવણીને ચાર ચાંદ લગાવી દીધા હતા. પરંપરાગત વેશભૂષામાં સજ્જ પરિવારોએ એકબીજા ઉપર રંગો છાંટી અનોખી ઉજવણી કરી ખુશાલી મનાવી હતી. જેમને જોવા લોકો ટોળે વળ્યા હતા.

# ડીસામાં લોધા સમાજ દ્વારા રંગોના પર્વ ધુળેટીની ઉજવણી


જમીણ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસા લોધા સમાજ દ્વારા આગવી પરંપરા પ્રમાણે રંગોના પર્વ ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. ડીસા શહેર જ્યારે કોપ તરીકે ઓળખાતુ તેના પહેલાથી આવીને ડીસામાં વસેલા ક્ષત્રિય લોધા પરિવારો દ્વારા આજે પણ પોતાની આગવી પરંપરાથી હોળી ધુળેટીના તહેવાર ઉજવી રહ્યા છે બીજા દીવસે ભાઈ-બહેનને ઘરે જાય છે બેન તેને જગાડી પ્રસાદ આપે છે અને બીજા પક્ષના પરીવારો એક બીજાને રંગ છાંટી આનંદ લૂંટે છે લોધા સમાજ દ્વારા સતત ત્રણ દીવસ સુધી ધુળેટીના પર્વની ઉજવણી કરાય છે.

# પિલુચામાં શ્રી ખોડીયાર માતાજીના મંદિરે ધજા ચડાવાઈ


ભાવેશ શ્રીમાળી

પ્રતિનિધિ પિલુચા

વડગામ તાલુકાના પિલુચા ગામે સરસ્વતી નદીના કિનારે શ્રી ખોડિયાર માતાજીનું ભવ્ય મંદિર આવેલું છે. જેમાં દર વર્ષે મંદિરની ધજા ચડાવવામાં આવતી હોય છે.જેથી આ વર્ષે પણ ફાગણ વદ-૩ (ત્રીજ) ને ૪/૩/૧૮ રવિવારે નવી ધજા ચડાવવામાં આવી હતી. જેમાં ધજાનો ચડાવો બોલાવામાં આવ્યો હતો. જેમાં ધજાનો ચડાવો બોલાવીને પિલુચા ગ્રા.પંચાયત સભ્ય નારાયણભાઈ કાનજીભાઈ શ્રીમાળીએ રૂા. ૪૫૦૦/- બોલીને શ્રી ખોડીયાર માતાજીના મંદિરે ધજા ચડાવી હતી.

જ્યારે આ શુભ પ્રસંગે શ્રી ખોડીયાર માના ભક્તોએ દર્શન કરવાનો અને પ્રસાદનો લાવો લીધો હતો અને શ્રી ખોડીયારમાંના મંદિરે પૂજા-પ્રાર્થના કરતા પુજારી રમેશભાઈ સેધાભાઈ રાવતએ સર્વ ધર્મપ્રેમીઓને આવકાર આપીને સેવામાં મદદરૂપ થયા હતા.

# વડગામ આર્ટસ અને કોમર્સ કોલેજમાં વાર્ષિકોત્સવ અને સેમ.૦૬ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાશે

તા.પ્રતિનિધિ વડગામ

શ્રી યુ.એચ.ચૌધરી આર્ટસ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૧૦ મી ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ સવારે ૮-૩૦ કલાકે વાર્ષિકોત્સવ અને સેમ.૦૬ ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ યોજાનાર છે. આ કાર્યક્રમમાં કોમર્સ કોલેજની પ્રથમ બેચ બહાર પડનાર હોઈને તે વિદ્યાર્થીઓ તથા સંસ્થામાં ખુબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ કાર્યક્રમમાં મહેમાનોના અધ્યક્ષ સ્થાને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થનાર છે.

આ કાર્યક્રમને લઈને કોલેજ પ્રિ.ડૉ.એલ.વી.ગોળ અને સર્વ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# શ્રી વિવેકાનંદ ઉ.બુ.વિદ્યાલય રાહ ખાતે હોળી ધૂળેટીપર્વની ઉજવણી

પ્રતિનિધિ રાહ

રાહ ખાતે આવેલ વિવેકાનંદ ઉ.બુ.વિધાલયમાં હોળી અને ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક સ્ટાફમિત્રો સહિત શાળામાં ભણતા સાથે હોળી ધૂળેટી શાળાના પ્રિન્સીપાલ યાજ્ઞિક દ્વારા આ પર્વનો મહિમા તેમજ વિશેષ જાણકારી આપી હતી. શાળા દરેક સ્ટાફમિત્રો સહિત કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# શ્રીમતી સાળવી ઉચ્ચ પ્રાથમિક શાળા દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન અને રજતોત્સવનું આયોજન

પાલનપુર

શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર સંચાલિત સાળવી ઉચ્ચ પ્રાથમિક શાળા વર્ષઃ૨૦૧૭ સિલ્વર જ્યુબિલિ વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. આ પ્રસંગે આ શાળાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. રિધ્ધિ- સિધ્ધિ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં શંકરભાઈ સાળવી, પ્રો. ઉજમભાઈ મેસરા, જયંતિભાઈ વાગડોદા, પ્રો.ડૉ. દિલખુશભાઈ પટેલ, પ્રો.ડૉ. રામજીભાઈ પટેલ, પ્રો.ડૉ.જે. પી.પટેલ, ગોવિંદભાઈ ભૂટકા, મંડળના પ્રમુખ રમણિકભાઈ દેલાત, મંત્રી અશોકભાઈ ઈલાસરીયા સહિત મંડળના પદાધિકારીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ કલાકારોએ ગીત- સંગીતના વિવિધ કાર્યક્રમો રજુ કર્યા હતા. તદ્‌ઉપરાંત, ગુજરાતી ફિલ્મ 'છેલ્લો દિવસ' ફેઈમ પ્રિન્સીપાલ ઘનશ્યામ સર (જીગ્નેશ મોદી) અને એન્કર પિયુષ પ્રજાપતિએ હળવી હાસ્ય શૈલીમાં ઉપસ્થિત સૌનું મનોરંજન કર્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ ભૂ.પૂ.વિદ્યાર્થીઓને સ્વસ્તિક પરિવાર તરફથી એક સ્મૃતિચિહન આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન શ્રીમતી સાળવી ઉચ્ચ પ્રા.શાળાના આચાર્ય ચંદ્રકાન્ત પટેલ, સ્વસ્તિક હાઈસ્કુલના આચાર્ય મહેન્દ્રભાઈ પંચાલ અને ધો.૧ થી ૫ નાં આચાર્ય મગનભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું એન્કરીંગ ભરતભાઈ રાવત દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં બાલમંદિરથી ઉ.મા.શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ રજતોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે દશરથભાઈ પટેલ, પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા રજુ થયેલ તમામ કૃતિઓએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમનું એન્કરીંગ હાઈસ્કુલના શિક્ષક અમૃતભાઈ ભાટીયા, પ્રા.શાળાના શિક્ષિકા પિનકીબેન પટેલ અને ગીતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રજતોત્સવને માણવા બાળકો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સ્વસ્તિક શૈક્ષણીક સંકુલના તમામ સ્ટાફ પરિવારે ખુબ જ જહેમત ઉઠાવી હતી.

# જયાં સ્ત્રીઓનું શાસન છે – ઓન અને ઓફ સ્ક્રીન



કલર્સે હંમેશા સ્ત્રીઓના અધિકારો અને તેઓના સશક્તિકરણની વકીલાત કરી છે – ભલે પછી તે ચેનલ પરના શોઝ કે પછી તે ઈવેન્ટસને ટેકો કરવા મારફત. મજૂબત સ્ત્રીઓની કહાણીઓ કહેવા અને ઉડાન, લાડો–વીરપુર કી મર્દાની જેવા ડ્રામા અને શક્તિ જેવા જોડી રાખનાર વર્ણનોથી લઇ 'સ્ત્રીઓના સુસ્વાસ્થ્ય'નો સંદેશ પ્રસરાવનાર – પિન્કાથોન વડે, ચેનલે સમાજમાં સકારાત્મક પરિવર્તન આણવા સ્ત્રીઓને સશક્ત બનાવવા તરફે પણ કામ કરેલ છે – જે ફેમિના મિસ ઈન્ડિયા માટે તેઓના ટેકાને પ્રતિબિંબિત કરે છે.

કલર્સના ઉડાનમાં મુખ્ય નાયકની ભૂમિકા ભજવતા, વિજયેન્દ્ર કુમારિયા દરરોજ ચોકસાઇ રાખે છે, કે તે પોતાનો સવારનો નાસ્તો માત્ર ડોઢ જ વરસની વયની પોતાની દીકરી કીમાયા સાથે કરે. તેણી પોતાના પિતાને સાથ આપે છે, તેમની કાર સુધી નીચે પણ જાય છે અને તે પોતાના કામે જવા નીકળી જાય ત્યાં સુધી રાહ પણ જુએ છે. એમણે કહ્યું, "અમારા જીવનમાં મારી દીકરીએ પ્રવેશ કર્યો ત્યારથી મારું જીવન સુંદર બની ગયું છે. તેણી મારા જીવનની લેડી લક છ"મારી પત્ની મારા જીવનમાં સર્વાધિક મહત્વપૂર્ણ સ્ત્રી છે. તેણી એક સરસ વ્યક્તિ છે જેણે પોતાના પુષ્કળ પરીશ્રમ વડે ઈન્ડસ્ત્રીમાં પોતાના માટે એક કેડી કંડારી છે. આજે, તેણી વિખ્યાત સ્ટાઈલિશ છે, મનોરંજન જગતમાં ફેશનિંગ ટોપ–નોચ સેલિબ્રિટિઝમાંની એક છે અને મને તેણીના માટે ખૂબ જ ગર્વ છે. મને નેહા મહાજનના પતિ તરીકે ઓળખાવું પસંદ છે" "જયારે આપણે મહિલા સશક્તિકરણની વાત કરીએ છીએ, આપણે મૂળભૂત રીતે સમાજને કહીએ છીએ કે સ્ત્રીઓ હાલમાં ઓછી સશક્ત છે. હું માનું છું સ્ત્રીઓ શ્રેષ્ઠ લિંગ છે અને તેઓ પૂર્ણપણે સશક્ત છે. તેઓ પ્રેમ, કાળજી, ભારે શ્રમ અને આકર્ષણનો સાર છે. તેઓ સૌથી મજબૂત છે. કલર્સ જોતાં રહો.

# કુંપટમાં શિતળા સાતમે ભાતીગળ લોકમેળો ભરાશે

## સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા તડામાર તૈયારીઓ શરૂ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના કુંપટ ગામે આવેલ ઐતિહાસિક શિતળા માતાના મંદિરે ફાગણ વદ-૭ ને તા. ૮/૩/૨૦૧૮ ને ગુરૂવારના રોજ પરંપરાગત લોકમેળો ભરાશે. મેળાની સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

બનાસ નદીના કાંઠે આવેલ કુંપટ ગામના શિતળા માતાનું મંદિર પંથકમાં આસ્થા સ્થાનક રૂપે પૂજનીય છે. શિતળા સાતમના રોજ ભરાતા ભાતીગળ લોકમેળામાં આજુબાજુના ગામોના લોકો મોટી સંખ્યામાં મેળો મ્હાલવા ઉમટી પડશે. મેળામાં ઉમટી પડનાર જનમેદનીને ધ્યાને લઈ ગ્રામ પંચાયતના સરપંચ લાખુસિંગ ખેમસિંગ સોલંકીના

અનુસંધાન પાના નં.૬


નરસિંહ દેસાઈ


બનાસ નદીના કિનારે આવેલ કુંપટ ગામનું શિતળા માતાનું મંદિર અતિપ્રાચીન છે. શિતળા માતા દુઃખીઓના દુઃખ દૂર કરી ભાવિકોની મનોકામના પૂરી કરે છે. માના ધામમાં દર વર્ષે શિતળા સાતમે ભરાતો મેળો ઉત્તર ગુજરાતમાં પ્રખ્યાત છે. આ વખતે પણ મેળામાં ઉમટી પડનાર જનમેદનીને દયાને લઈ ગ્રામ પંચાયત દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

લાખુસિંહ સોલંકી - સરપંચ, કુંપટ

# સુરતમાં નાસ્તાની લારીની સફાઈ કરતાં વીજ કરંટ લાગતા ત્રણ કારીગરોના મોત

સુરત

સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં કૈલાસ રેસીડન્સી ખાતે મધરાતે એક નાસ્તાની લારીની સાફ સફાઇ કરી રહેલા ત્રણ કારીગરોને અચાનક વીજ કરંટ લાગ્યો હતો. વીજ કરંટ લાગતા આ ત્રણેય યુવાનોના મોત થયા હતા અને સમગ્ર વિસ્તારમાં હોબાળો મચી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં લારીમાં ગેરકાયદેસર રીતે વીજ લાઈન લંબાવીને જોડાણ લેવાયું હોવાનું બહાર આવ્યુ છે.

ડિંડોલી પોલીસના જણાવ્યા પ્રમાણે, ડિંડોલી કૈલાસ રેસીડન્સી ખાતે આવેલી દુકાનોની સામે ફુટપાથ ઉપર શ્રી ઉમિયા પાંઉભાજી અને ચાઈનીઝ ફુડની લારી ઉભી રહે છે આ લારીમાં કામ કરતા ત્રણ યુવાનો રવિવારે મધરાતે ૧૨ વાગ્યાના સુમારે લારીને છુટ્ટા પાણીથી ધોઇને તેની સાફ સફાઇ કરતા હતા ત્યારે ત્રણેયને અચાનક વીજ કરંટના ઝાટકા લાગ્યા હતા જેના કારણે રાજુ જાટ, શિવા અને ગણેશ રાવત નામના ત્રણ કારીગરોને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો અને તેઓ દૂર ફેંકાઇ ગયા હતા. બનાવ અંગે સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ મોબાઇલ એમ્બ્યુલન્સને જાણ કરી હતી જેથી તેના ચાલક જીગરભાઇ તુરંત ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા. ત્રણેય યુવાનોને તપાસવામાં આવતા તેમના મોત થઇ ચુક્યાનું જણાયું હતું. જેથી ૧૦૮ના સ્ટાફ દ્વારા પોલીસને જાણકારી આપવામાં આવી હતી.

### લારીમાં વીજ લાઇન ગેરકાયદેસર રીતે ખેંચાઇ હતી

જે સ્થળે બનાવ બન્યો છે તે લારી દુકાનો સામેની માર્જીનની જગ્યામાં ઉભી રાખવામાં આવતી હતી અને તેમાં વીજ કનેકશન આ જગ્યા ભાડે આપનારની પ્રિમાઈસીસમાંથી ખેંચવામાં આવી હતી. જ્યાંથી વીજ પુરવઠો લેવાયો હતો તેમાં કોઈ જગ્યાએ વાયર ક્રેક થઈ જવાને કારણે જ આ દુર્ઘટના બની હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે. હાલમાં પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

# થરા દેના બેંકમાં પ્રિન્ટર બંધ : ગ્રાહકો પરેશાન

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં આવેલા વહેપારી મથક થરામાં છાશવારે દેનાબેંકનું પ્રિન્ટર બંધ હાલતમાં હોય છે. પાસબુકમાં ગ્રાહક એન્ટ્રી પડાવવા કે નાણાંકીય વ્યવહાર માટે સીડીના પગથીયા માંડ ચડે.. અને સાહેબ તરફથી જવાબ મળે કે પ્રિન્ટર બંધ છે. કાલે આવજો. શું છાશવારે બંધ થઈ જતા પ્રિન્ટરથી બેંકના ઉચ્ચ અધિકારીઓ અજાણ હશે? કે પછી સરકારી બેંકોમાં હોતી હૈ... ચલતી હૈ!! માર્કેટમાં પ્રાઈવેટ બેંકો ગ્રાહકોની સારી સેવાઓ હરીફાઈમાં આપી રહી છે. પરંતુ ''ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન'' ઉક્તિ મુજબ છાશવારે બગડતા પ્રિન્ટરનો કોઈ ઈલાજ બેંક સત્તાધીશો પાસે નથી? પાસબુકમાં માત્ર એન્ટ્રી પડાવવા ગ્રાહક બે- ચાર ધક્કા બેંકના ખાય. શું આને ગતિશીલ વહીવટ કહેવાય? શું ગ્રાહકોની ફરિયાદ ઉચ્ચ કક્ષાના અધિકારીઓના કાને અથડાશે કે પછી... એ.સી.માં બેઠા... બેઠા... ફોનની ઘંટડીઓ રણકાવશે. સરકારી બેંકો ગ્રાહકોની સેવા માટે છે. પરંતુ અહીયા તો ઉલ્ટી ગંગા વહે છે. જેથી ગ્રાહકો હેરાન- પરેશાન થઈ ઉઠ્યાં છે.

# સુરતમાં જર્જરીત બિલ્ડીંગ નમી જતાં દોડધામ

સુરત

સુરત શહેરના સલાબતપુરા વિસ્તારમાં એક જર્જરીત બિલ્ડીગ નમી જતા ફાયર બ્રીગેડ દ્વારા તેને ખાલી કરાવવામાં આવી છે. તેમજ બિલ્ડીગમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

ફાયર બ્રીગેડ પાસેથી મળતી વિગતો અનુસાર, શહેરના સલાબતપુરા વિસ્તારમાં આવેલી બક્ષીવાડી ખાતેની નૂરાની બિલ્ડીંગ અંદાજે ૪૦ વર્ષ પહેલા બાંધવામાં આવી હતી. આ બિલ્ડીંગ અત્યંત જુની પુરાણી થઇ ગઇ હોવાથી તેના સ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન થયું હતું તેમજ તે એક તરફ ઢળતી જતી હતી. બિલ્ડીંગ વધારે પડતી નમી ગઇ હોવાથી અને ગમે ત્યારે તુટી પડશે એવુ લાગતા

અનુસંધાન પાના નં.૬


વસંત બારોટ

# વડગામ નજીક નેશનલ હાઈવે રોડનું કામ અધુરૂ છોડતાં અનેક તર્ક-વિતર્ક


પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

ઉદેપુર (રાજસ્થાન) થી કંડલા નેશનલ હાઈવે રોડ નંબર ૫૮ નું કામ વડગામના કોદરામથી પાલનપુરના મેરવાડા સુધી હાથ ધરાયું હતું જેમાં વડગામ કોલેજથી ખરોડીયા ચોકડી સુધી માટી કામ કરી કામ અધુરૂ છોડી દેતાં વાહન ચાલકોમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યાં છે વર્ષ ૨૦૧૭ ના ચોમાસા પહેલાં નાળા અને સાઈડે માટી-પત્થર-ડામરકામ શરૂ થયું હતું પરંતુ અમુક જગ્યાએ માટી લેવલ કરી કામ અધુરૂ છોડતાં ચર્ચાનો વિષય બન્યો છે.

# વિધાનસભામાં ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલની ખેડૂતોના પ્રશ્ને રજૂઆત

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ એચ.પટેલે જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની ચિંતા કરવાની વાત કરે છે. ત્યારે ખેડૂતોના ટ્યુબવેલના બીલ મોટરોનું ચેકીંગ કરીને ખોટી રીતે વધારાના બીલ આપે છે તો આ બાબતે સરકાર શું વિચારણા કરવા માંગે છે ? મોટરો તો એટલીને એટલી જ હોય છે. તો બમણીને દોઢી મોટર કેવી રીતે થઈ ગઈ. તો મોટરનું ધ્યાન આપવામાં આવે છે કે કેમ ?



તેઓએ બીજા પ્રશ્નમાં જણાવ્યું હતું કે અમારા ધાનેરા મત વિસ્તારમાં વોલ્ટેજ ન મળવાના કારણે મોટરો બળી જાય છે આ માટે સરકાર કયા નવા સબ સ્ટેશન બનાવવા માગે છે અને, મજુંર થયેલ હોય તો કયા કયા નવા સબ સ્ટેશનો મંજુર થયેલા છે ? જ્યારે ત્રીજો પ્રશ્નમાં, ૨૪ કલાક સીંગલ ફેઝની ખેડૂતોની વીજળી આપતી સરકાર વાતો કરનારી સરકારને મારે કહેવું છે કે ખેડુતો મોટા ભાગના ખેતરોમાં જ રહે છે. ત્યારે વિદ્યાર્થી ભણવામાં, પોતાના પશુને દૂધ દોહવાના મશીનો લગાવેલા હોય તે વખતે ૨૪ કલાક ખેડુતોને વીજળી આપવાની ખાતરી આપે છે.પરંતુ ઘણાં વિસ્તારોમાં સીગલ ફેઝની વીજળી પણ અપાતી નથી તો આ બાબતે સરકાર શું કરવા માગે છે ?

# એબીવીપીએ ગુજરાતની ભાજપ સરકાર સામે બાંયો ચઢાવી


પુષ્કર ગૌસ્વામી

## સેમેસ્ટર પ્રથા વિરૂધ્ધ આંદોલન શરૂ કરાયું

તા.પ્રતિ. વડગામ

વર્તમાન ગુજરાત ભાજપની સરકારે શિક્ષણનું વ્યાપારી કરણ કરતાં રાજ્યમાં ભાજપ-કોંગ્રેસના શિક્ષણકાર્ય ઉપર માઠી અસરો થઈ છે. મોટાભાગે ભાજપ-કોંગ્રેસના નેતાઓની શિક્ષણ સંસ્થાઓ હોઈ પોતાને મન ફાવે તેવા કાયદા ઠોકી બેસાડી ગ્રામ્યસ્તરનું શિક્ષણ અસ્થિર કરી નાંખ્યું છે એમાંય સેમેસ્ટર પ્રથામાં દરેક સેમેસ્ટરે તગડી ફી ઉઘરાવી કરોડો રૂપિયાનું ઉઘરાણું કરી બેનામી વેપલો કરવામાં આવે છે. જેને કાયમી રદ કરવા એબીવીપીએ આંદોલન શરૂ કરતાં રાજકરણ ગરમાયું છે

દરમ્યાન વડગામ વિધાનસભા વિસ્તારમાં વડગામ આટર્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) વડગામ શાખા દ્વારા ગત શનિવારે ''સેમેસ્ટર પ્રથા વિરૂધ્ધ'' સહી અભિયાનનું અયોજન કરાયું હતું જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓ જોડાયા હતા. એબીવીપીના યુવા નેતાઓએ સેમેસ્ટર પ્રથાના ગેરફાયદાઓ વિશે જાણકારી આપી હતી.

# ભરૂચ સક્રિય પત્રકાર સંઘ દ્વારા મિલે સુર મેરા તુમ્હારા સંગીત સંધ્યાનું આયોજન



## ધારાસભ્ય દુષ્યંતભાઈ પટેલ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત જિલ્લાના વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

પ્રતિનિધિ અંકલેશ્વર

ભરૂચ જિલ્લાના પત્રકારોના સંગઠન ભરૂચ સક્રિય પત્રકાર સંઘ દ્વારા મિલે સુર મેરા તુમ્હારા સંગીત સંધ્યા ભરૂચના પંડિત ઓમકારનાથ ઠાકુર હોલ ખાતે આયોજીત કરાયુ હતું.

આ પ્રસંગે ભરૂચ શહેર જિલ્લાનું નામ રમતગમત શિક્ષણ સહિત અન્ય પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે રોશન કરનાર મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભરૂચના જ પત્રકાર અને બિનવારસી મૃતદેહોને અંતિમવિધિ કરી પાંચ મહાભૂતમાં વિલીન કરવાનું પુણ્યકાર્ય કરનાર ધર્મેશ સોલંકીનું પણ ધારાસભ્ય અને સંગઠનના સભ્યો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

મિલે સુર મેરા તુમ્હારા સંગીત સંધ્યામાં મુંબઈના પ્રસિદ્ધિ કલાકાર પ્રતિમ શુક્લા અને તેઓના સાથીદારોએ જુના અને નવા ગીતોની રમઝટ બોલાવી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે ભરૂચ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ ઈન્દીરાબેન રાજ, અંકલેશ્વર નગરપાલિકાના એજ્યુકેશન ચેરમેન ધર્મેશ મકવાણા, જાણીતા કન્સ્ટ્રક્ટર હેમંત પટેલ, નગરપાલિકા સભ્ય મનહર પરમાર, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર કંસારા, શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ ધ્રુતા રાવલ, પૂર્વ પાલિકા પ્રમુખ દક્ષાબેન પટેલ સહિત અન્ય અગ્રણીઓ અને જિલ્લાના પત્રકારમિત્રો અને સંગીતરસીકો ઉપસ્થિત રહ્યા હતા.

# થરાદી મેમન કાઉન્સીલની જનરલ મીટીંગ મેત્રાણા ખાતે યોજાઈ

## પ્રમુખ પદે આબિદભાઈ કલોલવાળાની બિનહરીફ વરણી



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

થરાદી મેમન કાઉન્સીલની જનરલ મીટીંગ મેત્રાણા મુકામે શનિવારે રાત્રે હોલમાં યોજવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે આગામી ત્રણ વર્ષ માટે આબિદભાઈ (કલોલ) વાળાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સતત ત્રણ વર્ષ સુધી ફરજ બજાવેલ મહંમદસુફી નેતાજીએ જણાવ્યું કે

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા રસ્તા ઉપરના ટ્રાફિકથી રાહદારીઓ ત્રાહીમામ


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રસ્તાઓ ઉપર ટ્રાફિક સમસ્યા વધવાના કારણે રાહદારીઓને ભારે મુસ્કેલી ભોગવવી પડી રહી છે. ખાસ કરી ને જુના બસસ્ટેન્ડથી ડીસા રોડ, નેનાવા રોડ તેમજ ગંજ રોડ ઉપરના રસ્તામાં વાહનો આડેધડ પાર્ક કરી દેવામાં આવતા હોવાથી તેમજ લારીઓ વાળાઓ રસ્તાની વચ્ચે લારીઓ રાખીને વેપાર કરતા હોવાના કારણે જ ટ્રાફિકની મોટી સમસ્યા ઉભી થવા પામી છે. રસ્તાઓ વચ્ચે લારીઓ અને વાહનો હોવાથી ઈમરજન્સી વાહનોને પણ મુસ્કેલી નો સામનો કરવો પડે છે. આ બાબતે ધાનેરા નગરપાલિકા તેમજ પોલિસને અવાર નવાર રજુઆત કરવા છતાં આ સમસ્યાનો અંત આવતો નથી.

## ઉનાળાના આગમન ટાણે

# પાલનપુરમાં પાણી, છાસ અને શરબતની પરબ ખુલ્લી મુકાઇ


સંજય જોષી

પાલનપુર

પાલનપુર ખાતે અમીરરોડ ઠાકોર સમાજના યુવકો દ્વારા રવિવારે "માનવ સેવા એ જ પ્રભુ સેવા" સંસ્થા દ્વારા ઉનાળાની સિઝનમાં લોકો માટે પાણીની પરબ વિનામૂલ્યે શરૂ કરવામાં આવી હતી.

આ અંગે રાહુલભાઈ ઠાકોરે જણાવ્યું હતુ કે, સમગ્ર ઉનાળામાં દરરોજ પાણી તેમજ એક રવિવારે છાશ તો બીજા રવિવારે શરબતનું વિતરણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ યુવાનો માનવ સેવા એજ પ્રભુ સેવા સંસ્થા દ્વારા પાલનપુરમાં અમીરરોડ ઠાકોરવાસથી નિકળતી તમામ શોભાયાત્રાઓને છેલ્લા ચાલીસ વર્ષોથી ચા પાણીની વ્યવસ્થા અપાય છે. છેલ્લા પાંચ વર્ષોથી અંબાજી જતા પદયાત્રિકો માટે કેમ્પ યોજીને મા અંબાના ભક્તોની સેવા કરવામાં આવે છે.

# ડીસા મીરા મોહલ્લાની પરીણીતા બાળક સાથે ગુમ થઈ

પ્રતિનિધિ રાજપુર

ડીસા મીરા મોહલ્લામાં રહેતા અને સિલાઈનું કામ કરીને ઘરનું ગુજરાન ચલાવતા નજીર મહંમદ શેખની પત્ની તબ્બસુમ તથા અઢી વર્ષનો બાળક મહંમદસાદ સાથે ઘરેથી કહ્યા વગર પંદર દિવસથી ગુમ થઈ જતા ચકચાર મચી જવા પામી છે. સતત ચાર દિવસ સુધી તેની સાસરીમાં સિધ્ધપુર તથા દરેક જગ્યાએ તપાસ કરી પરંતુ પતો ન મળતા આખરે સાસરીવાળા સાથે રહીને નજીર મહંમદ શેખે ડીસા દક્ષિણ પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. તબ્બસુમે ગુલાબી કલરનો ડ્રેસ પહેરેલ છે. તેની ઊંચાઈ આશરે પાંચ ફુટની છે. તથા રંગે ઘઉં વર્ણી છે. જે કોઈને મળે તો તેમણે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફોન નં.૦૨૭૪૪ ૨૨૨-૨૨૨ નો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



# મીઠી- પાલડીમાં રામચન્દ્રસૂરિ મહાભવ્ય આરાધના ભવનનું ઉદ્‌ઘાટન


નવિન દોશી

પ્રતિનિધિ મીઠી પાલડી

દિયોદર તાલુકાના મીઠી પાલડી ગામે ગઈકાલ તા. ૪/૩/૨૦૧૮ ના રોજ પ.પૂ.પંન્યાસ પ્રવર મુનિરાજશ્રી હાર્દશ્રમણ વિજયજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં ''શ્રી રામચન્દ્રસૂરિ મહાભવ્ય આરાધના ભવનનું' ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લાભાર્થી પરિવાર દ્વારા તેમજ શ્રી પાલડી જૈન સંઘ સહિત પધારેલા મહેમાનો, સાજન- માજન સહ ઢોલ- બેન્ડ- બેડા પૂજ્ય ગુરૂભગવંતોનું સામૈયું કરવામાં આવ્યું હતું. તેમજ મંગલ મુહુર્તે લાભાર્થી પરિવાર દ્વારા આરાધના ભવનનું દ્વાર ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ત્યરબાદ વ્યાખ્યાન- માંગલિકમાં પૂજા ગુરૂભગવંતોની પ્રેરણાથી જીવદયાની ટીપ થવા પામી હતી. જેમાં ઉદાર હાથે સૌ ભાગ્યશાળીઓએ ફાળો આપ્યો હતો. ત્યારબાદ શ્રી પાલડી જૈન સંઘ દ્વારા ભૂમિ દાતાનું તેમજ આરાધના ભવન બનાવનાર દાતાનું બહુમાન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રભાવના થવા પામી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ આરાધના ભવનનાં નિર્માણકર્તા લાભાર્થી પરિવાર માતુશ્રી ધાપુબેન ધનજીભાઈ નાગરદાસ પારેખ પાલડી- મીઠી તરફથી ત્રણ ટાઈમ સંઘ સ્વામીવાત્સલ્ય (સંઘ જમણ) પણ રાખવામાં આવ્યું હતું.

# વડાવળ ગામે બનાસ ડેરી પાલનપુર દ્વારા પશુ વંધત્વ નિવારણ કેમ્પ યોજાયો


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામમાં બનાસડેરી પાલનપુર અને દુધ ઉત્પાદક મંડળી વડાવળના સયુક્ત ઉપક્રમે પશુ વંધત્વય નિવારણ કેમ્પનું ગતરોજ તા.૩/૩/૨૦૧૮ ને શનિવારના આયોજન થયુ હતું. વડાવળ દુધ મંડળી ખાતે યોજાયેલ પશુ વંધત્વય નિવારણ કેમ્પમાં ૬૦ થી વધુ પડતર પશુઓની વંધત્વય સારવાર કરવામાં આવી હતી બનાસડેરી પાલનપુરના પશુ તજજ્ઞ ડૉ. વાસ્તવ તેમજ ડૉ.અશોકભાઈ પટેલની ટીમ દ્વારા પશુઓની તપાસ કરવામાં આવી હતી અને પશુને જાતીય વિકાસ ના થતો હોય તેવા પશુઓને યોગ્ય સારવાર કરેલ આ કેમ્પમાં વડાવળ દૂધ મંડળીના ચેરમેન બાબુભાઈ આર.દેસાઈ મંત્રી કરમશીભાઈ દેસાઈ તથા એ.આઈ. કર્મચારી વિરાભાઈ દેસાઈ ખાસ હાજર રહી સહયોગ પૂરો પાડ્યો હતો.


**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડગામ**

લાલજીમામા માર્કેટયાર્ડ, મુ.પો.તા.વડગામ, જિ.બનાસકાંઠા

**જાહેર સુચના**

આથી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડગામ, તા.વડગામ, જિ.બનાસકાંઠાના બજાર વિસ્તારમાં નિયંત્રિત ખેત ઉત્પન્નની ચીજોનો વેપાર ધંધો કરતા તમામ પ્રકારના વેપારીઓ, કમીશન એજન્ટો, ગોડાઉન/વખાર સંગ્રહ કરનાર, પ્રોસેસીંગ, કલીનીંગ કરનાર અને આ ધંધામાં રોકાયેલા તમામ ઈસમોને જણાવવાનું કે, બજાર સમિતિ વડગામનું સને : ૨૦૧૭-૧૮ નું વર્ષ તા.૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરૂં થતું હોઈ સબંધકર્તા લાયસન્સદારોએ તા.૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સને : ૨૦૧૮ - ૧૯ ના બજાર વર્ષ માટે બજાર ધારાની જોગવાઈઓ મુજબ તા.૨૮/૦૩/૨૦૧૮ સુધીમાં બજાર સમિતિ વડગામની ઓફીસે લાયસન્સ અરજી આપી લાયસન્સ ફી ભરી જવી. લાયસન્સનું અરજી ફોર્મ બજાર સમિતિ વડગામની ઓફીસેથી મળશે. અધુરી વિગતોવાળુ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. લાયસન્સ અરજી સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટો (ભાગીદાર પેઢી માટે અધિકાર આપેલ હોય તેવી વ્યકિતના ફોટા), રેશનકાર્ડ અથવા ચૂંટણી કાર્ડની નકલ, પાનકાર્ડની નકલ, ધંધાના સ્થળનું આધાર સાથે સરનામાની વિગત રજુ કરવી.

તા.૧/૦૪/૨૦૧૮ થી જે ઈસમ કાયદેસરનું લાયસન્સ મેળવ્યા સિવાય બજાર સમિતિ, વડગામના બજાર વિસ્તારમાં નિયંત્રિત ચીજોનો વેપાર કરશે તેમની સામે ગુજરાત એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટસ એકટ ૧૯૬૩ ની કલમ ૬, ૮ અને ૩૬ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

નોંધ : (૧) જે ઈસમોની પાસે માર્કેટ શેષ કે બજાર સમિતિનું અન્ય કોઈ લ્હેણું બાકી હશે તેવા બાકીદાર ઈસમોની લાયસન્સ માગણી અરજી મંજુર થશે નહીં.

(૨) સહકારી સંસ્થાઓને છેલ્લા ત્રણ વર્ષના ખરીદ - વેચાણના હીસાબી પત્રકો તથા ભરેલ માર્કેટ શેષની વિગત અને છેલ્લા ઓડીટ અહેવાલની નોંધ રજુ કરવાથી લાયસન્સ ફોર્મ ઈસ્યુ કરવામાં આવશે.

રહીમભાઈ ટી. મોકણોજીયા, વાઈસ ચેરમેન — મોઘજીભાઈ જી.ધુળિયા, સેક્રેટરી — કેશરભાઈ પી. ચૌધરી, ચેરમેન

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડગામ**

ફોન નં. ૦૨૭૩૯ - ૨૬૧૧૩૧, તા.૫/૦૩/૨૦૧૮



**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાંથાવાડા**

ફોન નં.૦૨૭૪૮-૨૨૨૫૫૨

**જાહેર સુચના**

આથી જણાવવામાં આવે છે કે, ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાંથાવાડાનું નવુ વર્ષ તા.૦૧/૦૪/૨૦૧૮ થી શરૂ થાય છે. સમગ્ર દાંતીવાડા તાલુકામાં માર્કેટ ધારો (ખેત ઉત્પન્ન બજાર ધારો) અમલી હોઈ નિયમન હેઠળના ખેતી ઉત્પન્નો જેમ કે અનાજ, કઠોળ, તેલબીયા અને મસાલા તેજાનાનો વેપાર અગર વ્યવહાર જેમ કે, ખેત ઉત્પન્નો ખરીદ કરનાર કે ગોડાઉનોમાં સંગ્રહ કરનાર ઈસમોએ બજાર સમિતિ પાંથાવાડા (માર્કેટ કમિટી પાંથાવાડા)નું લાયસન્સ લેવું તેમ સંગ્રહ કરેલ ખેત-ઉત્પન્નોનાં ગોડાઉનો, વખારો વિગેરેની નોંધણી કરાવવી ફરજીયાત છે. વગર લાયસન્સે કે નોંધણી કરાવ્યા વિના ધંધો કરનાર ઇસમબજાર ધારાની જોગવાઈઓ મુજબ ગુન્હાને પાત્ર ઠરે છે.

બજાર સમિતિ પાંથાવાડાનું સને ૨૦૧૭-૨૦૧૮ નું વર્ષ તા.૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરૂ થતું હોઈ આગામી વર્ષનું લાયસન્સ મેળવવા માટે તા.૨૧/૦૩/૨૦૧૮ સુધી બજાર સમિતિ પાંથાવાડાની ઓફીસે લાયસન્સની અરજી ફોર્મ આપી લાયસન્સ ફી પેટે ડિપોઝીટ ભરી જવી લાયસન્સ અરજી ફોર્મ બજાર સમિતિ પાંથાવાડાની ઓફીસેથી ઓફીસ સમય દરમ્યાન મળી શકશે. અધુરી વિગતોવાળું કે ચેકચાકવાળું અરજી ફોર્મ સ્વીકારવામાં કે ધ્યાનમાં લેવામાં આવશે નહીં જેની સર્વેએ નોંધ લેવી.

નોંધ :- (૧) જે ઈસમોની પાસે માર્કેટ સેસ ફીની રકમ કે માર્કેટ કમિટીનું મુદતવિતી કે અન્ય કોઈ લ્હેણું બાકી હશે તેવા બાકીદાર ઈસમોની લાયસન્સ ફોર્મ ઈસ્યુ કરવામાં આવશે નહીં.

(૨) તા.૦૧/૦૪/૨૦૧૮ થી જે ઈસમ કાયદેસરનું લાયસન્સ મેળવ્યા સિવાય પાંથાવાડા બજાર વિસ્તારમાં નિયંત્રિત ચીજોનો વેપાર કરે તેમની સામે ગુજરાત એગ્રિકલ્ચર પ્રોડ્યુસ માર્કટસ એકટ ૧૯૬૩ ની કલમ ૬/૮ અને ૩૬ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) આગામી વર્ષનું લાયસન્સ મેળવવા ઈચ્છતા ઈસમોએ તેમના તાજેતરના પાસપોર્ટ સાઈઝના બે ફોટા તથા ચુંટણી કાર્ડની ઝેરોક્ષ કોપી અચુક લાવવાના રહેશે.

(૪) સહકારી સંસ્થાઓએ છેલ્લા વર્ષના ખરીદ-વેચાણના હિસાબી પત્રકો તથા ભરેલ માર્કેટ સેસની વિગત અને છેલ્લા ઓડીટ અહેવાલની નોંધ રજૂ કરવાથી લાયસન્સ ફોર્મ ઈસ્યુ કરવામાં આવશે.

સ્થળ :- પાંથાવાડા

તારીખ :-૦૫-૦૩-૨૦૧૮

મનોહરસિંહ ડી. દેવડા, ઈન્સ્પેકટરશ્રી — હરીભાઈ એમ. પટેલ, સેક્રેટરીશ્રી

ગણપતસિંહ યુ. દેવડા, વા. ચેરમેનશ્રી — હજીવનભાઈ સી. ભુતડીયા, ચેરમેનશ્રી

## તંત્રી સ્થાનેથી ...

### સંસાર ક્ષણિક છે તો સંસારસુખ ક્યાંથી સ્થાયી હોય ?

## દેશમાં જળસંકટને નિવારવા માટે વ્યુહાત્મક નીતિ જરૂરી

વર્તમાન સંજોગોમાં પૃથ્વી ઉપર લગભગ ૧.૫ મિલિયન ક્યુબિક કિ.મીટર જેટલું પાણી છે તેવું સંશધકોનું માનવું છે. મતલબ કે ૧.૫ મિલિયન ટ્રિલિયન લિટર પાણી, આટલું બધું પાણી જો ધરતી પર હોય તો પાણી બચાવવાની ઝુંબેશ ચલાવનારાઓને મુર્ખા ગણી શકાય. પરંતુ આટલા બધા પાણીમાં ૯૭ ટકા પાણી તો દરિયાનું પાણી છે. જે એકદમ ખારું છે. જેનો પીવામાં કે કોઈ કામમાં ઉપયોગ નથી થઈ શકતો. હવે જેટલા ટકા પાણી વધ્યું છે તેને લીધે આખી સૃષ્ટિ ચાલે છે. ત્યારે હવે ૩ ટકામાંથી કેટલા ટકા પાણી બચાવી શકીશું? હમણાં એક બે અઠવાડિયા પહેલાં નજીકના ભવિષ્યમાં આવી રહેલા જળ સંકટના સમાચારથી લોકો ભયભીત થઈ ચુક્યા હતા. પાણીની અછતમાં આપણો માનવીય (નાગરિક) અભિગમ ‘પાણી’ ને બચાવવાનો છે. અસંખ્ય નળોમાંથી વેડફાતા પાણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. સોએ પોતાની ફરજ અનુસાર પાણીનો બચાવ કરવો જોઈએ. નળ હેઠળ સીધાં વાસણ ધોવાના બદલે ટબમાં પાણી લઈને વાસણ ધુઓ તો પાણીનો બચાવ થઈ શકશે.

ગુજરાત સહિત દેશભરમાં પાણીની સમસ્યાના ઉપાય માટે જેટલી જરૂર વિજ્ઞાનની છે. તેનાથી વધુ સામાજીક જાગૃતિની છે. વોટર રિસોર્સના તજજ્ઞોએ તો ક્યારની ચેતવણી આપી દીધી છે કે ત્રીજુ વિશ્વ યુધ્ધ માત્ર પાણીના પ્રશ્ને લડાશે. એક આગાહી પ્રમાણે આવતી સદીમાં પાણી પેટ્રોલિયમ ગણાશે. જેની પાસે પાણીનો ભંડાર હશે તે ધનવાન ગણાશે. આજે દેશભરમાં સરકાર દ્વારા પાણીની સમસ્યાના ઉકેલ માટે કરોડોનું આંધણ થાય છે પરંતુ પાણીને બચાવવાના જે પ્રયત્નો થવા જોઈએ તે જણાતા નથી. ખેતરોમાં સિંચાઈના પાણી માટે કૃષિ વિભાગે વિચારવું જોઈએ. પાણી ક્યાંથી લવાશે અને કેટલા ખેડુતોને આપવામાં આવશે. સિંચાઈ માટેના પાણીનો પ્રશ્ન સરકારે વહેલી તકે ઉકેલવો જોઈએ.

આમ જોવા જઈએ તો વિશ્વમાં ૮૪૪ મિલિયન લોકો ચોખ્ખા પાણીથી વંચિત છે. ૨- મિલિયન લોકો પાસે ચોખ્ખું સંડાસ નથી. કહેવાય છે કે દર નેવું સેકન્ડે એક બાળક પાણી દ્વારા ફેલાતા રોગને કારણે મૃત્યુ પામે છે. ગામડાઓમાં મહિલાઓ- કિશોરીઓને પાણી ભરવા માટે દૂર જવું પડતું હોય છે. મોટાભાગના કલાકો પાણી લાવવામાં વેડફાય છે. સમયની કિંમત સમજવી જોઈએ.

રોજ નદીઓ અને નાળામાં કેટલું પાણી જતું હશે? અને તેના કારણે પાણીજન્ય રોગોનું પ્રમાણ વધ્યું છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, ત્રિપુરા, સહિત કેટલાક રાજ્યોમાં નાળાની આસપાસ રહેતા અસંખ્ય પરિવારો અનેકવિધ રોગોમાં સપડાતા હશે જેની સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ ચલાવવી જોઈએ. જો આમ કરવામાં નહિં આવે તો કોઈ નવો રોગચાળો ફાટી નિકળવાની દહેશતને નકારી શકાશે નહિં. ગંગાને શુધ્ધ કરવાની ઝુંબેશ સરકાર દ્વારા ચલાવાવમાં આવી રહી છે. તેમાં કેટલી પ્રગતિ થઈ હશે. તે બાબતનો અહેવાલ જો તૈયાર થયો હોય તો સરકારે ગૃહમાં રજુ કરવો જોઈએ. ગંગાના પાણીને અશુધ્ધ કરનારા લોકો સામે સરકારે પગલાં ભરવા જોઈએ. ખાસ કરીને નદી તટ પરના ઉદ્યોગો- કેમીકલ ફેક્ટરીઓ સામે કાર્યવાહી કરવામાં સરકારની ઢીલી નીતિ કારણભૂત માની શકાય. જ્યાં પાણીની અછત છે. ત્યાં પાણી પહોંચતું કરવા માટેના પ્રયાસો યુધ્ધના ધોરણે થવા જોઈએ. દૂર દરાજના ગામડાઓમાં જળસંકટને નિવારવા સરકાર દ્વારા કયા પગલા અખત્યાર કરવામાં આવ્યા છે. તેની જાણકારી લોકોને પ્રાપ્ત થવી જોઈએ.

## કલર્સ પર અર્શી બેગમ પાછી ફરે છે



કલર્સના રિઆલિટી શો બિગ બોસ- ૧૧ માં ભારે લોકપ્રિયતા મેળવનાર, અર્શી ખાન ટૂંક સમયમાં જ કલર્સની બદલાની ગાથા - ઈશ્ક મે મરજાવાંમાં અગત્યની કેમીઓ ભૂમિકા ભજવવા ચેનલ પર પાછી ફરશે. મનોરંજનના પ્રમાણને વધુ ઉપર લઈ જતાં, અર્શી શોમાં હોલી પાર્ટીની નાચ ગાના ટોલીના ભાગ રૂપે પ્રવેશ કરશે.

શો ઈશ્ક મેં મરજાવાં દીપ તરીકે અર્જુન બિજલાની અને આરોહી તથા તારાની બેવડી ભૂમિકા ભજવવા અલીશા પંવારનું નિરૂપણ કરે છે. આરોહીએ વિનીત રૈના દ્વારા અભિનિત વિરાટ/લક્ષ્ય દ્વારા તેના તમામ દુષ્કૃત્યોનો બદલો વાળવા યોજના બનાવી છે જેમાં અર્શી ખાન એક સાધન રૂપ ભૂમિકા ભજવે છે. કેવી રીતે અર્શીનો પ્રવેશ બદલા માટેની આરોહીની લડાઈમાં મદદ કરશે?

જાણવા માટે, દર સોમવારથી શુક્રવાર સાંજે ૭-૩૦ કલાકે જોતા રહો ઈશ્ક મેં મરજાવાં ફક્ત કલર્સ પર!

## ઈન્ફલેમ એપલાયન્સીસ લિ.નો પબ્લિક ઈસ્યુ આજે ખુલશે

ઈન્ફલેમ એપલાયન્સીસ લિ.(આઈએએલ) સોલન (હિમાચલ પ્રદેશ) માં આવેલ નફો કરતી કંપની છે. કંપની એલ.પી.જી. એસ સ્ટોવ/ કુકટોપ્સના ઉત્પાદનમાં રોકાયેલ છે અને ૬ ઠ્ઠી માર્ચ, ૨૦૧૮ ના રોજ પબ્લિક ઈસ્યુ (આઈપીઓ) લાવી રહી છે. ૧૨,૦૦,૦૦૦ ઈક્વીટી શેરનું પબ્લિક ઈસ્યુ શેર દીઠ રૂા. ૧૦ ની મૂળ કિંમત ધરાવતી શેરદીઠ રૂા. ૫૪ ના ભાવે કુલ રૂા. ૬૪૮ લાખ રૂપિયાનું પબ્લિક ઈસ્યુ છે. આમાંથી ૬૪,૦૦૦ ઈક્વીટી શેર માર્કેટ મેકર દ્વારા ભરણા માટે રીઝર્વ રાખવામાં આવેલ છે. ચોખ્ખું ભરણું કંપનીની ફુલ્લી ડીલ્યુટેડ પોસ્ટ ઈસ્યુ પેડ- અપ કેપીટલના ૨૮.૪૦ % રહેશે. કંપનીના શેર બી.એસ.ઈ., એસ.એમ.ઈ. પ્લેટફોર્મ જેમ કે બીએસઈ એસએમઈ ઉપર લીસ્ટેડ થશે. પબ્લિક ઈસ્યુ ૮ મી માર્ચ, ૨૦૧૮ ના રોજ બંધ થશે. સ્વસ્તિક ઈન્વેસ્ટમેન્ટ લિ. ઈસ્યુના લીડ મેનેજર છે અને બીલાઈન બ્રોકિંગ લિમિટેડ ઈસ્યુના માર્કેટ મેકર છે.

ઈન્ફલેમ એપલાયન્સીસ લિમિટેડ અગાઉ પાર્ટનરશિપ ધારો ૧૯૩૨ ‘‘(પાર્ટનરશીપ એક્ટ) અન્વયે મેસર્સ ટેકનો એન્જીનીયરીંગ કોર્પો’’ ના નામે પાર્ટનરશીપ ફર્મ તરીકે ૨૦ માર્ચ, ૨૦૧૦ ના રોજના પાર્ટનરશીપ ડીડથી સ્થપાયેલ હતી અને પબ્લિક લિમિટેડ કંપની તરીકે નવેમ્બર ૧૪, ૨૦૧૭ ના રોજ કંપનીધારો ૨૦૧૩ નો ભાગ-૧ ચેપ્ટર ૨૧ અન્વયે ‘‘ઈન્ફલેમ એપલાયન્સીસ લિમિટેડ’’ ના નામે પબ્લિક લિમિટેડ કંપની તરીકે રૂપાન્તર થયેલ છે.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## પર્યાવરણને પોતીકું બનાવવા સમજાવતું પુસ્તક: પર્યાવરણની સમીપે

છેલ્લા બે દાયકાથી વિશ્વ આખામાં પર્યાવરણનો મુદો ચર્ચામાં છે. અનેક ઠેકાણે પર્યાવરણનેસાચવવા માટેની ચર્ચાઓ થાય છે. સમગ્ર માનવજીવનનું અસ્તિત્ત્વ ટકાવી રાખવું હશે તો પર્યાવરણને બચાવવાની દિશામાં આ જ ઘડીથી ચાલવું પડે એવી સ્થિતિ છે.ખેર, આપણે ત્યાં શાળા કક્ષાએથી માંડીને કોલેજકક્ષા સુધીના શિક્ષણમાં પર્યાવરણનો વિષય આવે છે. જોકે આમ છતાં કેટલાક લોકો પર્યાવરણ પ્રત્યે જોઈએ એવા સભાન નથી એવું આજની આપણી આસપાસના પર્યાવરણની સ્થિતિ જોતાં લાગે છે.આવી સ્થિતિમાં ભારત સરકારે વર્ષ ૨૦૧૪થી સ્વચ્છ ભારત મિશન આરંભ્યું અને એ દિશામાં પ્રયત્નો ચાલુ છે એ સ્થિતિ થોડોક સંતોષ તો આપે જ છે.અલબત્ત આટલું પૂરતું નથી. બૃહદ જનસમાજને પર્યાવરણ પ્રત્યે સહાનુભૂતિ દાખવતો કરવા માટે પર્યાવરણ વિષયક લખાણ લખાય અને એમના સુધી પહોંચે એ જરૂરી છે. સમાજમાં રહેતો અને વિશેષ રીતે લેખન ક્ષેત્રે સંકળાયેલો એક વર્ગ આ દિશામાં પ્રયાસ કરી જ રહ્યો છે. આ વર્ગમાંના જ એક વ્યકિત છે તે લેખક ફાધર વર્ગીસ પોલ. હા, તેઓ પર્યાવરણને લગતું એક પુસ્તક ‘પર્યાવરણની સમીપે’ લઈને આવ્યા છે. નટવર હેડાઉ દ્વારા આ પુસ્તકની પ્રસ્તાવના લખવામાં આવી છે. આ પુસ્તકમાં કુલ ૨૪ જેટલા નિબંધો છે. અહીં લેખકે પર્યાવરણ અંગેનો લોકોમાં જે સીમિત ખ્યાલ કે સમજ છે એને વ્યાપક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આ સંગ્રહમાંનો પ્રથમ નિબંધ ‘પર્યાવરણની સભાનતા’ અંગેનો છે. પર્યાવરણને થતાં નુકશાનો રોકવા માટે કાર્ય કરતી સંસ્થા ‘તરુમિત્ર’નો ઉલ્લેખ પણ આ નિબંધમાં વાંચવા મળે છે. પર્યાવરણ જેવા અઘરા વિષય ઉપર સરળ ભાષામાં સર્જનાત્મક લખવું અત્યંત કઠિન કાર્ય છે જે લેખકે અહીં કર્યું છે.આ સંગ્રહના સર્જનાત્મક નિબંધો વાંચતા વાચક જો પર્યાવરણ પ્રત્યે જરૂરી સભાનતા નહીં દાખવતો હોય તો પણ અહીં વ્યક્ત થયેલ વિચારો વાંચીને એનામાં પર્યાવરણ પ્રત્યે થોડી નિસબત તો પેદા થશે. ‘પર્યાવરણપોષક દિપોત્સવ’ નિબંધમાં લેખકે રાષ્ટ્રીય કક્ષાના દૈનિકનો સંદર્ભ ટાંક્યો છે અને શ્વેતા મરાન્ડીએ કરેલા હૃદયસ્પર્શી વિધાનની પણ વાત કરી છે. આવો જ બીજો નિબંધ તે ‘માટીની મહેક.’ આ નિબંધમાં લેખક લખે છે કે આપણી આ દુનિયામાં ભગવાને કોઈ માણસને કે અન્ય અચેતન વસ્તુને પણ નકામા સર્જ્યા નથી. આજકાલ મોટાભાગના લોકો એ વાત સાવ વીસરી ગયા હોઈ એવું લાગે છે કે તેઓ આ ધરતી પર એકલા જ નથી રહેતા બલકે એમની સાથે પશુઓ અને પંખીઓ તેમજ પર્યાવરણ પણ અસ્તિત્ત્વ ધરાવે છે. આપણે ત્યાં કેટલાક લોકો માટીને ક્ષુલ્લક ગણે છે. જોકે આ નિબંધ વાંચ્યા બાદ કોઈ પણ વ્યકિત માટીનું મહત્ત્વ કેટલું બધું છે એ જાણી શકશે. બિહારના એક ગામનો ઉલ્લેખ પણ આ નિબંધમાં વાંચવા મળે છે. ‘ગંદકી અને નાગરીક સભાનતા’ નિબંધમાં આપણે ત્યાં જાહેર રસ્તા ઉપર તથા ટેલિફોનના જંક્શનબોક્ષે લઘુશંકા કરતા પુરુષો તરફ લેખકે અંગૂલીનિર્દેશ કર્યો છે અને સુચવ્યું છે કે તેઓ ગંદકી કરવા માટે જવાબદાર છે.




મોટાભાગના વાચકો આ વાસ્તવિકતાને નકારી શકે નહી કે જાહેર રસ્તા ઉપર લઘુશંકા કરીનેલોકો પોતાના અને આસપાસમાં રહેતા લોકોના આરોગ્ય સાથે ચેડાં કરે છે. ખેર, પર્યાવરણ જેવા વિષય ઉપર છાપામાં અવારનવાર લેખો આવતા રહે છે. એ લેખો અને ફાધર વર્ગીસ પોલના આ નિબંધસંગ્રહના મૌલિક નિબંધોમાં વાચક ચોક્કસ તફાવત જોઈ શકશે. પર્યાવરણનું રક્ષણ કરવા માટે પ્રદૂષણની માત્રા કેવી રીતે ઘટાડી શકાય એ માટેના એમના સુચનો કે વિચારો દરેક વાચકને ઘડીભર માટે વિચારતા કરી મૂકે એવા છે. ‘લઈ જાઓ પ્રકૃતિની સુંદર ચીજો મફતમાં’ નિબંધ વાંચતાં અવું લાગે છે કે કે નિબંધ સંગ્રહનો શ્રેષ્ઠ નિબંધ છે. અહીં લેખકે તેઓ જ્યાં રહે છે એ નિવાસસ્થાન અને એની આસપાસની પ્રકૃત્તિ સાથેનો સ્વાનુભવ વર્ણવ્યો છે.

તાજગીસભર નિબંધો લખતા સર્જક એવા ફાધરનો દિવસ પંખીઓના કલરવથી શરૂ થાય છે.અમદાવાદ જેવા મેગાસિટીમાં રહેતા ફાધરનો દિવસ પંખીઓના કલરવથી શરૂ થાય છે એ વાતમાં કદાચ થોડું આશ્ચર્ય લાગે પણ હકીકત એ જ છે કે એમને વહેલી સવારે પંખીઓનું ગાન સાંભળવા મળે છે. વિવિધ પંખીઓના નામ જાણવાની આ લેખકની જિજ્ઞાસાવૃત્તિ કેવી કે તેઓ લખે છે એ પ્રમાણે પંખીઓના નામ જાણવા પંખીઓ વિશેનું એક પુસ્તક ખરીદી લાવે છે. કોઈપણ સર્જક માટે નિત્ય નૂતન વિચારો કરવા અને વાચકો સમક્ષ રજૂ કરવા એ ભારે જહેમત માંગી લેનારુ કાર્ય છે. આ નિબંધ સંગ્રહમાંના નિબંધો એ બાબતની પ્રતીતી કરાવે છે કે લેખકે ખરેખર ચિંતન મનન થકી આટલા સરસ નિબંધો વાચકોને આપ્યા છે. આપણે ત્યાં પર્યાવરણ પ્રેમીઓએ પર્યાવરણ વિષયક લેખોલખ્યા છે. એ વિષય અંગેના પુસ્તકો પણ લખાયા છે પણ એ બધામાં એક પત્રકાર અને લેખક ફાધર વર્ગીસપોલના નિબંધો એક અલગ ભાત પાડનારા છે. માનવ માત્ર જે તે બાબતમાં તાજગીની અપેક્ષા રાખે છે. લેખકની કૃતિમાં પણ જો એ તાજગી કે ફ્રેશનેસ હોય તો એ આવકારદાયક લખાણ બની રહે છે. આવી તાજગી આ સંગ્રહમાં જોવા મળે છે. બાઈબલનો સંદર્ભ પણ અહીં ટાંકવામાં આવ્યો છે. ચિંતા મુક્ત જીવન જીવવા માટે ભગવાન ઈસુએ પંખીઓને દાખલો બેસાડ્યો હતો તેનો પણ અહીં ઉલ્લેખ વાંચવા મળે છે. ‘જીવ વિજ્ઞાનની આધ્યાત્મિકતા’ માં જમીન માટે ઝઘડતા બે પડોશીઓની વાત આવે છે. તેઓ આ સમસ્યાના ઉકેલ માટે એક ધર્મગુરુ પાસે જાય છે. ત્યાં ધર્મગુરુ આ અંગે જમીનનો અવાજ સાંભળે છે. જમીનનો જવાબ છે કે આ જમીન બંનેમાંથી કોઈની માલિકીની નથી. પયગંબર મહંમદના શબ્દોનો પણ અહીં ઉલ્લેખ વાંચવા મળે છે.“ દુનિયા લીલીછમ છે અને સુંદર છે અને અલ્લાહે તમને એના કારોભારી નીમ્યા છે.” ‘પાયાર્વરણની આધયાત્મિકતા’ નિબંધમાં લેખકે પર્યાવરણની પણ આધ્યાત્મિકતા હોય છે કે હોઈ શકે છે એવા મતલબની વાત કરીને કેટલાક લોકોના આધ્યાત્મિકતા વિશેના મર્યાદિત ખ્યાલનો પણ વાચકને પરિચય કરાવ્યો છે. મોટાભાગના લોકો આધ્યાત્મિકતાની એમની સમજ ધર્મ પૂરતી મર્યાદીત રાખીને જીવન જીવતા હોય છે. એમના માટે આ નિબંધમાંના લેખકના વિચારો પુનર્વિચાર કરવા પ્રેરશે. ફાધર લખે છે કે પ્રકૃત્તિ હંમેશા બધા જ પ્રકારના જીવનનું જતન કરે છે. ફક્ત બેવકૂફ માણસ જ મુશ્કેલી આવે ત્યારે , આપત્તિનો સામનો કરવાનું થાય ત્યારે હારીને આત્મહત્યા કરવા જેવું મુર્ખામીભર્યું પગલું લે છે. આ નિબંધવાંચતા પર્યાવરણને એક વિશિષ્ટ દૃષ્ટિથી જોવાની લેખકની એક નિજી કલાના દર્શન થાય છે. વાચક પણ આરીતે પ્રકૃત્તિને જોતો થાય અને એની કદર કરતો થાય એટલી તાકાત અહીં વ્યકત કરેલા વિચારોમાં છે.

પ્રકૃત્તિના એના પોતાના આગવા ગુણો અહીં વાંચવા મળે છે. સામે પક્ષે માણસજાતની નબળાઈ પણ વાચકજાણી શકે છે કે તે માત્ર ગણ્યાંગાંઠ્યા ગુણોને સાથે રાખીને જીવન જીવ્યે જાય છે! ‘એક પર્યાવરણ પ્રેમી ‘ નિબંધમાં શેક્સપિયરનું કથન વાંચવા મળે છે. પ્રકૃતિ સાથેનો સંપર્ક સમગ્રદુનિયાને એક કુટુંબ કબીલું બનાવે છે એવી શેક્સપિયરની વાત અહીં ટાંકીને લેખકે વાચકને એક નવો વિચાર આપ્યો છે. વિષયને અનુરૂપ આવા વિધાનો વાંચતા ખ્યાલ આવે છે કે લેખકનું વાંચન બહોળું છે. અફાટ સાગરમાંથી ઉત્તમ વિચારોરુપી મોતી શોધી લાવવાનું કામ લેખકે કર્યું છે. પેલો સર્વ સામાન્ય પ્રસંગ જુઓ. એક દિવસ વહેલી સવારે લેખક ઊઠે છે ત્યારે એમની ઓરડીમાં કપડાં લટકાવવાની દોરડી પર એમણે કલકલિયો બેઠેલો જોયો. એ પછીનું લેખકનું કલકલિયા સાથેનું વર્તન અને સંવાદ જિજ્ઞાસુ વાચકે વાંચવું રહ્યું.‘બાળકો અને પ્રાણી જગત’ નિબંધ પણ વાંચવો રહ્યો. લગભગ દરેક ગુજરાતી બાળક ‘તરસ્યા કાગડા’ની વાર્તાથી વાકેફ છે. લેખકે નિબંધનો પ્રારંભ પણ આ વાર્તાથી કર્યો છે. એમણે સ્વયં લખ્યું છે કે આ વાર્તાથી એમનું બાળમાનસ ખૂબ પ્રભાવિત થયું હતું. અહીં કૂતરો ,બિલાડી વગેરે પ્રાણીઓનો ઉલ્લેખવાંચવા મળે છે. વફાદારીના પ્રતીક સમાન સારસ પક્ષીઓનો પણ અહીં ઉલ્લેખ વાંચવા મળે છે.‘બાળકો અને પ્રાણીજગત’ માં લેખક બાળકો માટે કાર, વિમાન જેવી નિર્જીવ વસ્તુઓ લાવવાના બદલે જાતજાતના પ્રાણીઓના પૂતળા લાવવાની ભલામણ કરે છે.વળી બાળકોને બાળવાર્તા કહેવાનું બને ત્યારે પ્રાણીજગતને લગતી બાળવાર્તાઓ પસંદ કરવાનો અનુરોધ છે. બાળક બાળપણથી જ વિવિધ પશુઓને ઓળખતું થાય અને એના વિશે જાણે એ માટે એમણે આ વાત કરી છે. પ્રકૃત્તિ પ્રેમી કવિ એમર્સનની વાત પણ અહીં વાચવા મળે છે. ‘ ખિસકોલી અને પર્વત’ નિબંધ પણ સરસ છે. આ નિબંધમાં એમર્સને કરેલી વાત લેખક સરસ રીતે આપણી સમક્ષ પેશ કરે છે.ખેર, માણસ મૃત્યુ પામે ત્યારે તેની અંતિમક્રિયા કરવામાં આવે છે.જુદી જુદી રીતે મૃતદેહની અંતિમ ક્રિયા કરવામાં આવતી હોય છે. લેખક એનો નિર્દેશ કરીને પર્યાવરણની દૃષ્ટિએ સૌથી ઉત્તમ ભૂમિસંસ્કાર છે એવું જણાવે છે. અલબત્ત આ સિવાયના મૃતદેહનો નિકાલ કરવાના રિતરિવાજ સંદર્ભે લેખક લખે છે કે એ બધામાં પૂજ્યભાવ તો રહેલો જ છે. અગ્નિસંસ્કાર વિધિમાં પર્યાવરણનું નિકંદન નીકળી જાય છે એ વાત સમજાવવા અહીં સચોટ અને સ્પર્શી જાય એવી હકીકતો દર્શાવવામાં આવી છે.

લેખક લખે છે એ મુજબ એક મૃતદેહને બાળવા માટે ૩૦૦થી ૫૦૦ કિલોગ્રામ સૂકાં લાકડાંની જરૂરપડે છે. ઉપસંહારમાં પણ વાચકને ભૂમિસંસ્કાર શ્રેષ્ઠ હોવાનું પ્રતિત થાય એવું બની શકે. પર્યાવરણ વિષયકઆ પુસ્તકમાં વિવિધ ઋતુઓનો પણ મહિમા ગાવામાં આવ્યો છે.પર્યાવરણનો દુરુપયોગ કરવો એ પણ અનેક પાપોમાંનુ એક પાપ છે એ વાત ફાધરના નિબંધ‘પર્યાવરણ સામેના પાપો’ માં છે. ‘પર્યાવરણ જાળવણીના શપથ લો’ માં લેખક એક અંગ્રેજી કવિતાનો અનુવાદ પેશ કરે છે કે જેમાં વૃક્ષ ,પવન, સૂર્ય ,સમુદ્ર , પર્વત વગેરે સાથે કવિનો સંવાદ વાંચવા મળે છે. સમગ્ર રીતે જોઈએ તો લેખકે અહીં એમના નિબંધોમાં વિદેશી લેખકો અને કવિઓની કાવ્યરચનાનો સંદર્ભ ટાંક્યો છે. ‘પૃથ્વીનું સાજાપણુ ’ નિબંધમાં ઈ-બુકનો ઉલ્લેખ વાંચવા મળે છે. ઈસુસંધીઓ અને બીજા નિષ્ણાતો દ્વારા સાકાર કરાયેલો આ પ્રોજેક્ટ એવું સ્પષ્ટ કરે છે કે પર્યાવરણ અને સજીવસૃષ્ટિના પ્રશ્નો અને સમસ્યાઓ બીજા લોકો કરતાં ગરીબો અને હાંસિયામાં ધકેલાયેલા લોકોને બૂરી અસર કરે છે. સમીપે હોવું એટલે કે પાસે હોવું અથવા નજીક હોવું. આ પુસ્તક આપણને એ બાબતે વિચારવા પ્રેરશે કે આપણે કોની સમીપે છીએ. દરેક વાચક સ્વયં આ બાબત તપાસી શકે છે કે પોતે ખરેખર પર્યાવરણની સમીપે છે કે નહીં. આજકાલ લોકો મોબાઈલની સમીપે છે, ઈન્ટરનેટની સમીપે છે, ટી.વી.ની સમીપે છે પણ જેની વચ્ચે રહે છે એ પર્યાવરણની સમીપે છે?

પુસ્તકનું નામઃ પર્યાવરણની સમીપેલેખકનું નામઃ ફાધર વર્ગીસ પોલ કિંમતઃ રૂ. ૧૨૦પ્રકાશકનું નામઃ રન્નાદે પ્રકાશન૫૮/૨ ,બીજે માળ, જૈન દેરાસર સામે,ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

**અમિત ચૌહાણ**

## કરોડો લોકોના શોષણનું મુળ કારણ આધુનિક યંત્રવાદ

આધુનિક યંત્રવાદના કારણે દેશની આબાદીનાં ફળ મુઠ્ઠીભર લોકો સુધી જ સીમીત રહ્યાં છે. યંત્રવાદ સેંકડો લોકોની રોજગારી છીનવી લઈને અમુક લોકોને જ સુખી કરી શકે છે. જે આર્થિક વિકાસનાં ફળ ૧૦૦ માંથી ૧૦૦ વ્યક્તિઓને પહોંચવાના હોય તે આ મશીનયુગ મોટા ભાગનાને બેકાર બનાવી અમુક જ વ્યક્તિઓના હાથમાં સમૃધ્ધિ જમા કરાવે છે. આ રીતે યંત્રવાદ કરોડો લોકોનું શોષણ કરે છે. સમૃધ્ધિના ફળથી તેમને વંચિત રાખે છે, મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ બીજાની મહેનત, મજુરી, રોજગાર ઉપર તરાપ મારી અબજોપતિ બને છે. બાકીની પ્રજા ભુખમરાના ખપ્પરમાં હોમાય છે, સેંકડો લોકો રડે છે ત્યારે આ માલેતુજારો હસે છે.

ગરીબોના પેટની આગ બુઝાવવી હોય તો તેમને નોકરી નહીં એમને પરાપુર્વનો સ્વતંત્ર ધંધો પાછો આપો. ઘર ઘરમાં ચાલતા ગૃહઉદ્યોગોના લીધે ભારતનું હૃદય ગામડાઓમાં ધબકતું હતું. ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરતા કારીગરોની આ સુઝ અને ખુમારીને કોણે તોડી ? વણકર કોમને ચીંથરેહાલ કોણે કરી ? ઢાકાની બારીક મલમલ બનાવનારા કુશળ કારીગરોના હાથના અંગુઠા કોણે કાપ્યા ? ગરીબોની આ આધારસ્તંભ અર્થ વ્યવસ્થાને કોણે આંચકી? ગરીબોના ઝંડાધારીઓ અને કહેવાતા આધુનિક ભારતના ઘડવૈયાઓએ પ્રજાને અવળે માર્ગે દોરી હોય એમ નથી લાગતું ? પશ્ચિમની વિચારધારાએ લોકોના મગજમાં અપ્રતિમ ભ્રમણાઓ ઉભી કરી છે.

શોષિતો પીડીતોના નામે આંસુ સારવાના ખરેખર અભરખા હોય તો આ દેશનેતાઓ બહુજન સમાજના કલ્યાણ માટે કાયમી ઉદ્ધાર માટેની કાયમી રોજગારીની વ્યવસ્થાને વેગવાન બનાવો. ભારતીય જીવન વ્યવસ્થા પ્રમાણે અમુક ચીજોનું ઉત્પાદન અમુક વર્ગો, જાતિઓ માટે અનામત હતું. જનસુખાકારી કે અર્થકારણની દ્રષ્ટીઓ નહીં પણ મતો મેળવવા માટે કરાતી બેફામ અને અવિચારી ખેરાતોએ દેશને વર્તમાન કટોકટીમાં ધકેલ્યો છે.

દરેક વ્યક્તિ પોતાના વડવાઓના વ્યવસાયનું અનુસરણ આજીવીકા માટે કરે તો અનામતના આંદોલનલ પણ શાંત થઈ જશે. હડતાલ, મોરચા, સભા સરઘસના કરોડો માનવ કલાકો તથા જાનમાલની સલામતી, ભાંગફોડ વિ.અનેક સમસ્યાનો ઉકેલ ચપટીમાં આવી શકે. પ્રજામાં પેદા થતાં વર્ણીય વૈમનસ્યો પરસ્પર તનાવ, હિંસાત્મક, પરિસ્થિતિ, સમાજમાં પેદા થતા ભાગલા વિ.વિષમ ઘટનાઓ નિવારી શકાશે. ઉપરાંત પોલીસ, ટ્રાફિક, પર્યાવરણ, રોગો અને દવાઓ પાછળ થતો અબજોનો ખર્ચ પણ ઘટી જશે.

મહેનત, લગન અને સંઘર્ષ કર્યા વિના મેળવવું છે તો એમાં ગુણવત્તા કયાંથી આવશે ? આર્થિક ઉત્કર્ષ માટે દ્રઢ ઈચ્છાશક્તિ, આવડત અને કૌશલ્યથી જ વ્યકિત સફળતા પ્રાપ્ત કરી શકે નહીં કે અનામતથી ? નહીં કે નોકરીઓના સર્જનથી !

દેશના ૭૩ ટકા સંપત્તિ એક ટકા ધનવાનો પાસે છે. વળી આ ઉદ્યોગોના કારણે કરોડો યુવાનો બેરોજગાર બન્યા છે. દેશવાસીઓને હવે નોકરીના ટુકડાને બદલે જોઈએ છે કાયમી રોજગાર, જેથી દેશના સંપત્તિ કરોડો ઘરોમાં વહેંચાય, ગરીબોના નામે, મગરનાં આંસુ સારનારાઓ આ મુદ્દે કેમ ચુપ છે ?

**સેવંતી મ.સંઘવી (થરાદ)**

## હિન્દી ફિલ્મ જગતની હવા હવાઈ ગર્લ શ્રીદેવીની અલવિદા



તા.પ્રતિનિધિ થરા

વો ‘ચાંદની’ ના રહી, ગહરા ‘સદમા’ દે ગઈ જિંદગી બહોત ‘ચાલબાજ’ નિકલી, સબસે ‘જુદાઈ’ દે ગઈ બહોત ‘લમ્હે’ જીને બાકી થે, બડી જલ્દી ‘આખરી સસ્તા’ સે ચલી ગઈ કાશ કોઈ મિસ્ટર ઈન્ડીયા ‘આયે ઔર વો ‘નગીના’ લૌટા દે..

હિન્દી ફિલ્મ જગતના રસીકોમાં ૧૯૮૩ માં ‘હિમ્મતવાલા’ ફિલ્મથી પ્રસિદ્ધ થયેલ ફીલ્મ અભિનેત્રી શ્રીદેવી આ ફાની દુનિયાને અલવિદા કહી તા.૨૪/૨/૨૦૧૮ ના ચાલી ગઈ.

શ્રીદેવીનો જન્મ સિક્કાસી (તમીલનાડુ) માં આજથી ૫૪ વર્ષ પહેલા તા.૧૩/૮/૧૯૬૩ ના રોજ થયો હતો. તેનું અસલી નામ ‘અમ્મા યંગર અપ્પયન’ હતું શ્રીદેવી ચાર વર્ષની નાની ઉંમરથી જ ફિલ્મ જગતમાં પ્રવેશ કર્યો હતો. ૧૯૭૮ સોલહવા સાલ, ૧૯૮૩ માં હિમ્મતવાલા, જસ્ટીસ - ચૌધરી, જાની દોસ્ત, કલાકાર, સદમા, ૧૯૮૪ માં અક્કલમંદ ઈન્કલાબ, જાગ ઉઠા ઈન્સાન, નયાકદમ, મકસદ, તોહફા ૧૯૮૫ માં બલીદાન, માસ્ટરજી, સરફરોશ, ૧૯૮૬ માં આખરી રાસ્તા, ભગવાનદાદા, ધર્મઅધિકારી, ઘરસંસાર, નગીના કર્મા, સુહાગન, સલ્તનત ૧૯૮૭ માં ઔલાદ, હિમ્મત ઔર મહેનત, નજરાના, મજાલ, જોશીલા, જવાબ હમ દેંગે, મિસ્ટર ઈન્ડીયા, ૧૯૮૮ માં શેરની રામ અવતાર, વક્ત કી અવાજ, સોને પે સુહાગા, ૧૯૮૯ માં ચાલબાજ, ચાંદની, ગુરૂ ગૈરકાનૂની, નિગાહે ૧૯૯૧ માં ફરિસ્તે, પત્થર કે ઈન્સાન, લમ્હે ૧૯૯૨ માં ખુદા ગવાહ, હીરરાંઝા ૧૯૯૩ માં ગુમરાહ, ચંદ્રમુખી, ગુરૂદેવ, રૂપકી રાની ચોરો કા રાજા ૧૯૯૪ માં ચાંદકા ટુકડા, લાડલા, ૧૯૯૬ માં આર્મી, મિ.બિચારા ૧૯૯૭ માં કૌન સચ્ચા - કોન જુઠા, જુદાઈ ૨૦૦૭ માં મિ. ઈન્ડીયા. ફિલ્મ કારકિર્દીમાં પદ્મશ્રી એવોર્ડથી ૨૦૧૩ માં નવાજવામાં આવેલ. શ્રીદેવીએ તમિલ, મલાયલમ, તેલગુ, કન્નડ ફિલ્મોમાં પોતાના અભિનયનો પ્રકાશ પાથર્યો હતો. ૧૯૭૩ જૈસે કો તેસા અને ૧૯૭૫ માં જુલીમાં બાલ અભિનેત્રી તરીકે કામ કરેલ. મુન્દ્રુહુમુદ્રિછુ પહેલી તમીલ ફિલ્મ.

૧૯૮૫ માં ડીસ્કો ડાન્સર અભિનેતા મિથુન ચક્રવર્તી સાથે લગ્ન ગ્રંથીથી જોડાઈ લગભગ ત્રણ સાડા ત્રણ વર્ષના લગ્નજીવનમાં ભંગાણ પડયું ને ૧૯૮૮ માં મિથુન ચક્રવર્તીથી છુટાછેડા લીધા. આઠ વર્ષ એકલવાયું જીવન વ્યતિત કર્યા બાદ ૧૯૯૬ માં કપુર પરિવારમાં બોની કપુર સાથે બીજા લગ્ન કર્યા.બોલીવુડ અને ટોલીવુડની આ પ્રસિદ્ધ અભિનેત્રી શ્રીદેવીનું ૫૪ વર્ષની ઉંમરે ગત તા.૨૪/૨/૨૦૧૮ ને શનિવારના રોજ મોડી રાત્રે તેના ભત્રીજા મોહિત મારવાહના લગ્ન પ્રસંગની ખુશાલી મનાવતા દુબઈમાં હૃદયરોગના હુમલામાં દુઃખદ અવસાન થતાં ફિલ્મ જગત અને શ્રીદેવીના ચાહકોએ કારમો ઝટકો લાગ્યો. શ્રીદેવીના અવસાન સમયે તેના પતિ બોની કપુર, નાની પુત્રી ખુશી તેમની સાથે હતી મોટી પુત્રી જહાન્વી મુંબઈમાં ફિલ્મ શુટીંગમાં વ્યસ્ત હોવાના કારણે લગ્ન સમારંભમાં જઈ શકી નહોતી. શ્રીદેવીના દિયર સંજય કપુરે શ્રીદેવીના અવસાન બાબતે જણાવ્યું હતું કે તમને શનિવારે મોડી રાત્રે જોરદાર હૃદયરોગનો હુમલો આવતા અવસાન થયું છે. હું દુબઈ હતો ને ભારત આવ્યો છું આ સમાચાર મળતાં હું દુબઈ પાછો જવા રવાના થાઉ છું ને તેમને ભારત લાવી અંતિમ સંસ્કાર સમાજના રીતરિવાજ મુજબ કરવામાં આવશે. ફિલ્મ ક્ષેત્રે અનેક એવોર્ડ પાત્ર કરનાર હિન્દી ફિલ્મ જગતને રસીયાઓની માનીતી હવા હવાઈ ગર્લ શ્રીદેવી આ ફાની દુનિયા છોડીને ચાલી ગઈ ત્યારે ભારતીય ફિલ્મ જગતે એક ઉમદા અભિનેત્રી ગુમાવ્યાનો વસવસો કાયમી રહેશે. મનોરંજન થકી માનવહૃદયને હળવું કરનાર એક ઉમદા કદના કલાકારને ભાવભીની શ્રધ્ધાંજલિ સહ...

**યશપાલસિંહ ટી. વાઘેલા, થરા**

## અમૂલ ધ્વારા સેટેલાઈટના ઉપયોગથી ઘાસચારાનું ઉત્પાદન નકકી કરવામાં આવશે



રામસિંહ પરમાર, ચેરમેન, જીસીએમએમએફ, તપન મિશ્રા, ડાયરેકટર, એસએસી, ઈસરો, અમદાવાદ,આર.એસ.સોઢી, મેને. ડિરેકટર, જીસીએમએમએફ લિ. આણંદ અને કે રથ્નમ, મેને.ડિરે., અમૂલ દ્વારા તા.૩ માર્ચ ૨૦૧૮ના રોજ અમૂલ રીમોટ સેન્સીગ સેન્ટરનું અમૂલડેરી, આણંદ ખાતે ઉદઘાટન કરવામાં આવેલ છે. જીસીએમએમએફ અને ઈસરો વચ્ચે ૨૦૧૭માં સેટેલાઈટ રિમોટ સેન્સીગ ટેકનોલોજીના ઉપયોગ માટે મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીગ (MOU) કરવામાં આવેલ. સદર પ્રોજેકટના અમલીકરણ માટે ગુજરાત રાજયમાં ખેડા દૂધ સંઘ ધ્વારા ખેડા, આણંદ અને મહિસાગર જિલ્લામાં તેમજ બનાસકાંઠા દૂધ સંઘ ધ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓમાં ઘાસચારાના વાવેતરનો અંદાજ મેળવવાની કામગીરી કરવામાં આવશે, આ નવિન ટેકનોલોજી ઉપગ્રહ ધ્વારા લેવામાં આવેલ ફોટાઓનું પૃથ્થકરણ કરી દૂધ ઉત્પાદકોને ઘાસચારાના વાવેતર માટે જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડશે. આ ટેકનોલોજી દૂધ ઉત્પાદકોને ઘાસચારાના ઉત્પાદનનું અનુમાન અને આયોજન કરવામાં તથા ઘાસચારાની ઉપલબ્ધતા વધારી દૂધ ઉત્પાદન વધારવામાં તેમજ આર્થિક પ્રગતિ કરવામાં મદદરૂપ થશે. ઉપગ્રહના ફોટાઓનો ઉપયોગ કરી શિયાળા ઉનાળા અને ચોમાસા દરમ્યાન ઘાસચારાનું આયોજન કરવાના નવા યુગની આ શરૂઆત છે. દુષ્કાળની પરિસ્થિતીમાં સદર ટેકનોલોજી ડેરી ઉધોગ માટે ખૂબ જ લાભદાયી નિવડશે. આ ટેકનોલોજીનું ખેડા અને બનાસકાંઠા દૂધ સંઘોમાં સફળતા પૂર્વક અમલીકરણ થયા બાદ અન્ય ગુજરાતના દૂધ સંઘોમાં વિસ્તારવામાં આવશે.

### સ્કાયબેગ્સ દ્વારા રોડ્સની સાથે ઉચ્ચ ઉડાન



સ્કાયબેગ્સ, વી.આઈ.પીના ઘરેથી સ્ટાઈલિશ યુવા બેગ ધરાવતી બ્રાન્ડ ઈન્ડસ્ટ્રીઝ, રોડ્સ, તેની ટ્રોલી બેગની નવીનત્તમ શ્રેણીનો પરિચય આપે છે. તેના ‘ટુ પ્રોટેક્ટ’ લક્ષણો સાથે, બહોળા ઘડતર કરાયેલા સામાનની આ નવી શ્રેણી પ્રવાસીના સામાનને સુરક્ષિત રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રહસ્યમય મુસાફરીની જરૂરિયાતોને સમન્વય રાખતી વખતે રોડ્સ એક ગૂઢ શૈલીનું નિવેદન કરે છે.ડિઝાઈન ગુણવત્તાની આંખ ધરાવતા લોકો માટે રચાયેલ છે. રોડ્સ સંગ્રહ ટેફલોન સાથે કોટેડ છે – જે તેને પાણી અને ગંદકી પ્રતિરોધક બનાવે છે. તે્ જીછ લોકથી સજ્જ છે, જે તેની પ્રકારની સૌથી સુરક્ષિત અને વિશેષ છે. રંગ સંકલિત હાર્ડવેર સાથે, મેશ ‘કન્વીપેક’ અને આંખ આકર્ષક ફેબ્રિકેટ, સંગ્રહ પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે સુયોજિત કરે છે.ટ્રોલીઝની રોડ્સ શ્રેણી મહત્તમ જગ્યા અને સુરક્ષા પૂરી પાડે છે. સંગ્રહ અપવાદરૂપે પ્રીમિયમ ફેબ્રિક સાથે રચાયેલ છે અને તે બે અલગ રંગોમાં ઉપલબ્ધ છે, ડામર અને એક્વા ગ્રીન.ડિઝાઈનમાં અવિભાજ્ય પરંતુ હજુ સુધી અનન્ય, સંગ્રહ શૈલી અને આરામ એક સંપૂર્ણ મિશ્રણ તક આપે છે. આ શ્રેણીમાં ત્રણ જાતો રોડ્સ ૫૯, રોડ્સ ૭૧ અને રોડ્સ ૮૨માં પાંચ વર્ષનો વિશ્વવ્યાપક વોરંટી છે. રોડ્સ તમારી મુલાફરીની શૈલીમાં કાળજી લે છે!

<u>રસના તમારા ઉનાળાને વધુ મજેદાર બનાવેછે,</u>

### નવા‘રસના મસાલા આરેન્જ’ અને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કરીના કપૂર ખાનની સાથે




અમદાવાદ

આ ઉનાળાને વધુમજેદાર બનાવો, કારણકે રસના જેઓ સાફ્ટ ડ્રિંક કોન્સન્ટ્રેટના સૌથી મોટા વેપારી છે અને તેઓની ઉપસ્થિતિ ૫૩ દેશોમાંછ તથા ભારતભરમાં એમનાં ૧.૬મિલિયન આઉટલેટ્સ છે;

એક નવા સ્પાઈસી ડ્રિંક ફ્લેવરને લાન્ચ કરવાની ઘોષણા કરીછે, રસનામસાલાઆરેન્જ; જેમાટેબ્રાન્ડએમ્બેસેડર તરીકે કરીનાકપૂર ખાનની નિયુક્તિ કરીછે. રસના મસાલા આરેન્જ દ્વારા કંપની એસ્પાઈસીફન ડ્રિંક્સની નવી કેટેગરી તૈયાર કરીને ભારતની બેવરેજ દુનિયામાં આવિષ્કાર માટેનું મહત્ત્વપૂર્ણ પગલું લીધું છે.રસના મસાલા આરેન્જ સ્વાસ્થ્યપ્રદ હોવાની સાથે સાથે વિખ્યાત રસના નાગપુર આરેન્જ ફ્લેવર સાથ અનોખો સ્પાઈસી સ્વાદ પણ ધરાવેછે. કરીના કપૂર જાણીતાં, નીડર અભિનેત્રી છે અને તેઓ ગુણવત્તામાં વિશ્વાસ ધરાવેછે.

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

## સુવાકયો

ક્યારેક તો આપણને એવા લોકો પાસેથી પણ જ્ઞાન મળે છે જેને આપણે અભિમાનવશ અજ્ઞાની સમજીએ છીએ.
લેવામાં નહીં પરંતુ ત્યાગ કરવામાં જ સર્વસુખ સમાયેલું છે.
શ્રધ્ધા અને ધીરજ એ ગુણોની ખાણ છે, જે કઠીન પરિસ્થિતિઓનો સામનો કરવાની શક્તિ આપી સફળતા અપાવે છે.
ત્યાગથી સાચી શાંતિ મળે છે.
પર્વતોને ઉખેડી ફેંકવામાં કદાચ હાથીનો દાંત તૂટી જાય, તો પણ તે પ્રશંસા કરવા યોગ્ય છે.
'ભક્તિ' આ લોક અને પરલોક બન્ને લોકના બાદશાહ તમને બનાવી દેશે.
રાજાને તેના પ્રજાના પાપના ફળ ભોગવવા પડે છે.
ભરપુર ઘડો ક્યારેય અવાજ નથી કરતો, અધુરો ઘડો જ અવાજ કરે છે.
ઈશ્વરકૃપાથી જે મળે તેમાં આનંદ પામનાર માટે અહિંજ સ્વર્ગ છે.
સંસાર ક્ષણિક છે તો સંસારસુખ ક્યાંથી સ્થાયી હોય ?



આરાધના — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

# બાળકને હાથમાંથી ચાકુ છોડાવવા તેને રમકડું આપીએ

દરેકના ઘરમાં ચાકુ હોય છે શાક સમારવા માટે ચાકુ જરૂરી છે તેથી ચાકુને ધારદાર રાખવું પડે છે, આવું ધારદાર ચાકુ બાળકના હાથમાં આવે નહીં તેનું પણ ધ્યાન રાખીએ છીએ છતાં કયારેક બાળકના હાથમાં ધારદાર ચાકુ આવી જાય તો આપણે તેની પાસેથી ઝુંટવવાનો પ્રયત્ન કરીશું તો તેને અથવા આપણને ચાકુ લાગી જવાની પુરી શકયતા હોય છે. તેથી સમજુ વાલીઓ આવા પ્રસંગે બાળકને ગમતું રમકડું તેને આપવા પ્રયત્ન કરે છે અથવા ચોકલેટ કે બિસ્કીટ તેની સામે ધરે છે. બાળક રમકડું અથવા ચોકલેટ લેવા માટે પોતાનું પાસે રહેલું ચાકુ છોડી દેશે.

આ રીતે બાળકની સામે સારા વિકલ્પ રાખતાં આપણે શીખવું પડશે.આપણા ભારતીય વૈદિક સંસ્કૃતિમાં અનેક પ્રકારના તહેવારો મનાવવાનું મહત્વ સમજાવ્યું છે. ઉત્સવ ઘેલા આપણે કોઈ પણ બહાના હેઠળ જાતજાતના તહેવારો મનાવીને મનને હળવું કરવા પ્રયત્ન કરીએ છીએ.

૧૪ મી ફેબ્રુઆરીના દિવસે જાહેર બગીચાઓ અને તેવાં સ્થળો કે જ્યાં પ્રેમી યુગલ મળે અને એકબીજાને ગુલાબનું ફુલ કે જે પ્રેમનું પ્રતીક ગણાય છે તેની આપલે કરે છે. આ દિવસનો વિરોધ કરતા અનેક સંગઠનોએ જાહેર બગીચામાં અને તેવાં જાહેર સ્થળોમાં જઈને આવા યુગલોને ભગાડયા છે કે તેમને અમાનુષી સજા કરી છે, દંડ બેઠક કરાવી છે અને હાથોપાઈ પણ કરી છે. તેવાં દ્રશ્યો ટીવીના માધ્યમથી જોઈ શકયા છીએ તે સાચો રસ્તો નથી. મેં ઉપર કહ્યું તેમ આપણે તેમને ભારતીય પરંપરાના તહેવારોમાંથી એક 'માતૃ પિતૃ પુજન દિવસ' તરીકે મનાવતાં શીખીએ તો એ પણ એક જાતના પ્રેમની સાચી અભિવ્યક્તિ જ છે.

દરેક શાળા મહાશાળાઓમાં ચાર પાંચ મહાનુભાવોની ટોળી બનાવીને જવાનું, ત્યાંના આચાર્ય અને ગુરૂજનોને માતૃ પિતૃ પુજનનું મહત્વ સમજાવવું અને તે રીતે વાલીઓને શાળામાં બોલાવવા, તેમની સામે તેમનું બાળક બેસે, તે બાળક માતા પિતા કે ગુરૂનું પુજન કરે, તેમને ચરણ સ્પર્શ કરે તેમને ફુલની માળા પહેરાવે, કંકુ તીલક કરે તેમની આરતી ઉતારે અને પછી ભગવાન ગણેશજીએ શિવ-પાર્વતી (માતા પિતા)

અનુસંધાન પાના નં.૬ ઉપર

# યયા તું ધર્મકામાર્થાન્ધૃત્યા ધારયતેડર્જુન ।
# પ્રસડગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ રાજસી ।।

માણસની બુધ્ધિ જે જાણે છે તે રીતે તેના સંકલ્પ અને ધૃતિની દશા હોય છે, તેવી જ ધારણા તેની બની જાય છે. તે રીતે તેની શ્રદ્ધા હોય છે તે પ્રમાણે તેના વિકલ્પો હોય છે અને નિશ્ચયી તેમજ નિર્ણયો પણ હોય છે. ધૃતિના પણ ગીતા સાત્વીક, રાજસિક અને તામસિક એમ ભેદ બતાવે છે. આગળના શ્લોકમાં સાત્વીક ધૃતિને સમજાવ્યા બાદ હવે રાજસી ધૃતિને સમજાવતાં ભગવાન કહે છે કે :

**યયા તું ધર્મકામાર્થાન્ધૃત્યા ધારયતેડર્જુન ।**
**પ્રસડગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ રાજસી ।। ૧૮-૩૪ ।।**

'પરંતુ વળી (તું) હે અર્જુન ! જે જેનાથી (યયા) ધૃતિ વડે, ધૃતિથી (ધૃત્યા) ધર્મ, કામ અને અર્થને (ધર્મ કામ અર્થાન્) ધારણ કરે છે. (ધાચ્યતે) તેમજ ઘણી આસક્તિને લીધે અતિ આસક્તિ વડે (પ્રસડગેન) ફળની આકાંક્ષા રાખતો મનુષ્ય-કર્મફળની ઈચ્છાવાળા મનુષ્યની (ફલાકાક્ષી) તે (સા) ધૃતિ (ધૃતિ) હે પૃથાપુત્ર (પાર્થ) રાજસી છે. (રાજસી)'

આ શ્લોકમાં રાજસી ધૃતિનું લક્ષણ આપવામાં આવ્યું છે. ભગવાન કહે છે કે વળી હે અર્જુન ! ફળની આકાક્ષાવાળા લોકો જે ધૃતિથી ધર્મ, કામ અને અર્થને આસક્તિપૂર્વક ધારણ કરે છે. તે 'રાજસી ધૃતિ' છે. અર્થાત ફળની ઈચ્છાવાળો મનુષ્ય (ફલાકાંક્ષી) અતિ આસક્તિથી (પ્રસડગેન) જે ધારણા દ્વારા ધર્મ, કામ અને અર્થની ધારણા કરે છે તે રાજસી ધૃતિ છે. એટલે કે ફલાસાસહિત ધર્મ, કામ અને અર્થને ધારણ કરનાર ધૃતિ રાજસિક છે. રાજસી ધૃતિ વડે મનુષ્ય પોતાની કામના પૂર્તિ માટે ધર્મનું અનુષ્ઠાન કરે છે. પૂજા, પાઠ, પ્રાર્થના પણ કરે છે. 'કામ એટલે ભોગ પદાર્થોને ભોગવે છે અને અર્થ એટલે ધનનો સંગ્રહ કરે છે.

કેટલાક મનુષ્યો ધર્મ અને અર્થની પ્રવૃત્તિઓ ફળની ઈચ્છાને મેળવવા માટે થઈને કરતા હોય છે. તેઓ હંમેશા ઈન્દ્રીય સુખની કામના કરતા હોય છે. જેમની એક માત્ર ઈચ્છા ઈન્દ્રીય તૃપ્તિ હોય છે. તેમનાં મન, પ્રાણ અને ઈન્દ્રીયો આવા પ્રકારનાં સુખો મેળવવાની લાલસામાં લાગેલા હોય છે .તેમની રાજસિક ધૃતિ જ તેમની પાસે આવા પ્રકારની પ્રવૃત્તિઓ કરાવે છે. તેઓ જાણતા સમજતા હોય છે કે માત્ર ફળની આકાંક્ષાથી જ કોઈ કયારેય કાયમી સુખને પામ્યો નથી છતાં પણ તેમનામાં રહેલી અતિ આસક્તિપુર્વકની ફલાકાંક્ષા તેમને આવી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રાખે છે. જો કે ફલાકાંક્ષા માણસને દુઃખી કરે છે જેનાથી વિષાદ દુઃખ પેદા થાય છે. કદાચ આવી આકાંક્ષાઓ પુર્ણ થાય તો પણ તેની તૃષ્ણા દુઃખી જ બનાવે છે. ભર્તૃહરી સાચું જ કહે છે કે તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ'

ધર્મનું અનુષ્ઠાન અર્થ (ધન) પ્રાપ્ત કરવા માટે અને અર્થ (ધન)નો વ્યય ધર્મ કરવા માટે કરવામાં આવે તો ધર્મથી ધન અને ધનથી ધર્મ બંને પરસ્પર વૃધ્ધિ પામે છે પરંતુ ધર્મનું અનુષ્ઠાન અને ધનનો વ્યય કેવળ કામના પુર્તિ-ઈચ્છાપૂર્તિ માટે કરવામાં આવે તો ધર્મ (પુણ્ય) અને અર્થ (ધઃ) પરસ્પર બંનેની કામનાપુર્તિ કરીને નષ્ટ પામે છે. ભોગ-પદાર્થોની કામના પુર્તિમાં જ લાગેલા રહેવું તે કામ. ઈચ્છાને ધારણ કરનાર છે. ધનનો સંગ્રહ કરીને ધનપ્રાપ્તિમાં જ રચ્યાપચ્યા રહેવું એ 'અર્થ' ને ધારણ કરનાર છે. આવા પ્રકારના ફળની કામના વાળા તથા સંસારમાં અત્યંત આસકત થયેલા મનુષ્યની 'ધારણશક્તિ' રાજસી કહેવાય છે.

રાજસી ધૃતિનું સ્વરૂપ સમજાવતાં ભગવાન કહે છે, કર્તૃત્વાદિકના અભિનિવેશ વડે સ્વર્ગાદિક ફળની આકાક્ષાવાળો થઈ મનુષ્ય જે ધૃતિ વડે ધર્મ, કામ તથા અર્થને ધારણ કરે છે તે રાજસી છે. રાજસી ધૃતિવાળો પોતાની ઈચ્છાપુર્તિ માટે ધર્મનું અનુષ્ઠાન ધાર્મિક હોવાનો ડોળ કરે છે. કામ અર્થાત ભોગ પદાર્થોને ભોગવે છે અને અર્થ અર્થાત ધનનો સંગ્રહ કરે છે. કર્તૃત્વાદિકનો અભિનિવેશ એટલે હું પણાનું ઘમંડ, ફલાકાંક્ષી એટલે ફળની કામનામાં ધર્મ, અર્થ અને કામની ઝંખના સ્વર્ગાદિક મેળવવાની અતિ આસક્તિથી ધર્મ, અર્થ અને કામની અપેક્ષા રાજસી ધૃતિ દ્વારા થાય છે રાજસગુણમાંથી ઉત્પન્ન થતી આવા પ્રકારની ધૃતિ રાજસી છે.

અધ્યાત્મ — ૬૦૧ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

જીવન દર્શન — ભગવાનદાસ બંધુ

# સ્વયંશિસ્ત, સ્વચ્છતા, માનવતા, વિકાસ, રાષ્ટ્ર ભાવના સહિતના સદ્દગુણોનાં સાક્ષાત દર્શન કરવાં હોય તો દુબઈની મુલાકાત લેવી જરૂરી છે

જગતપિતા પરમકૃપાળુ પરમાત્મા શ્રી સીતારામ ભગવાન અને પૂજ્ય જલારામ બાપાની અસીમ કૃપાથી દુબઈ, શારજાહ, અબુધાબી સહિતનાં રાજયોનો તાજેતરમાં તા.૨૬-૨-૧૮ થી તા.૧-૩-૧૮ સુધી વિદેશ પ્રવાસ કરી મુલાકાત લેવાનો અનેરો અવસર મળ્યો. મારા પરમમિત્ર કમલેશભાઈ ભોગીલાલ ઠક્કર (સેન્ટોસા અમદાવાદ) વાળાના માધ્યમથી અમદાવાદના પરિવાર ટ્રાવેલ્સ પોઈન્ટ એલ.એલ.પી.સાથે પરિચય અને સંકલનના માધ્યમથી ઉત્તર ગુજરાત રઘુવંશી લોહાણા પરિવાર દ્વારા આ ટુરમાં જોડાવાનું થયું. આ ટુરના આયોજક, સંકલક, સંચાલક, વ્યવસ્થાપક અને ખુબ જ ધીરગંભીર તેમજ હસમુખા એવા મયુરભાઈ હસમુખલાલ ઠક્કરે સૌ ટુરીસ્ટોને સવાયો આનંદ થાય તે રીતે સહકાર આપી સર્વોત્તમ સગવડ પુરી પાડવા પ્રયત્નો કર્યા હતા.

તા.૨૨-૨-૨૦૧૮ ગુરૂવારે રાત્રે ૧૨ વાગ્યા આસપાસ અંદાજે ૭૮ જેટલા રઘુવંશી લોહાણા પ્રવાસીઓ અમદાવાદના ટર્મિનલ-૨ ઉપરના ઈન્ટર નેશનલ એરપોર્ટ ઉપર પહોંચી ચુકયા હતા. સૌને રસ્તામાં તકલીફ ના પડે તે માટે વલસાડથી ખાસ મંગાવેલ ઉત્તમ પ્રકારની ત્રણ જાતની પુરી તેમજ થેપલાં સહિતનું નાસ્તાનું પેકેટ પુરૂં પાડવામાં આવ્યું હતું. તમામ પ્રવાસીઓ આવી જતાં જ ચેકઈનની વિધિ પુર્ણ કરી ઈમીગ્રેશન પ્રોસીજર પૂર્ણ કરી સૌ એરપોર્ટની લોંજમાં ગોઠવાયા હતા. રાત્રે અંદાજે ત્રણ કલાક વેઈટ કર્યા બાદ તા.૨૩-૨-૧૮ શુક્રવારની સવારે ૪.૩૦ કલાકે એર અરેબીયાની ફલાઈટ નં. જી.૯-૪૮૪ માં સૌએ આરામદાયક બેઠક લીધી હતી અને બરાબર સવારે ૫.૨૫ કલાકે વિમાન શારજાહ તરફ રવાના થયું હતું. અમારામાંના કેટલાક મિત્રોએ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર જવાનું પસંદ કર્યું હતું. તેમનું વિમાન અમારા કરતાં બે કલાક વહેલું હતું અને તેઓ સીધા દુબઈ પહોંચી તેમણે એરપોર્ટની મુલાકાત લીધી હતી. બરાબર સવા બે કલાકની હવાઈ મુસાફરી બાદ અને સૌ શારજાહ એરપોર્ટ ઉપર પહોંચ્યા અને ત્યાંની ચેકઆઉટની સંપૂર્ણ વિધિ પૂર્ણ કરી ત્યાંના સમય મુજબ સવારેના ૬.૪૫ કલાકે અમો સૌએ દુબઈ હોટલ ઉપર જવા ત્યાંની નક્કી કરેલ બસ દ્વારા તેમાં બેસી સો આનંદ કિલ્લોલ કરતા નીકળ્યા. ત્યાંની તમામ બસો, ટેક્ષીઓ, ચાર રસ્તા, બિલ્ડીંગ, હોટલ વિગેરે ઉપર બે વાકયો સરસ રીતે લખેલ જોવા મળતાં હતાં. (૧) PROUD To BE EMARATI (2) MY SOUL & MY BLOOD ARE FOR MY COUNTRY આ વાકયો થકી જ જાણે કેં.છ.ઈ. (યુનાઈટેડ આરબ અમીરાત) નામનો આ દેશ વધુને વધુ મજબુત, વિકાસશીલ, શિસ્તબદ્ધ અને પ્રગતિશીલ બન્યો હોય તેવું લાગ્યું. શારજાહથી દુબઈ અંદાજે એક કલાકની રોડ મુસાફરી પછી અમો પહોંચ્યા. અમને સૌને ફ્રેશ થવા અને નાસ્તો કરાવવા માટે પ્રથમ ભારતીય હોટલ શ્રવણભવનમાં લઈ જવાયા. નો ટ્રાફિક, નો હોર્ન, નો પોલીસ જેવા અતિ સ્વચ્છ, સુઘડ, સુંદર રસ્તાઓ જોઈને અમો સૌ આનંદિત થઈ ઉઠયા. હોટલ શ્રવણભવન કે જેની શાખાઓ ભારત સહિત સમગ્ર વિશ્વમાં છે એવી આ હોટલમાં પણ આવકાર અને સ્વચ્છતા બંને ઉત્તમ કક્ષાનાં હતા. હલવો, મસાલાઢોંસા, ઈડલી, મેંદુવડા, ઉપમા, સંભાર, ચટણી સહિતની નાસ્તાની ડીસ મનભાવન હતી એટલે સૌને વધારે મજા પડી. પ્રથમ દિવસથી જ ટુરના આયોજક મયુરભાઈ ઠક્કરની સરભરા ખુબ જ સારી હતી અને સમગ્ર ટુર દરમ્યાન વધારેને વધારે મજા આવશે જ તેવો અહેસાસ સૌને થયો. ટુરમાં પણ કમલેશભાઈ સેન્ટોસાવાળા, ભગવાનભાઈ બંધુ, કલેશભાઈ અખાણી, મધાભાઈ, હરીબા, વર્ધાભાઈ ટી.ઠક્કર, પ્રતાપભાઈ તન્ના, આર.કે., અરવિંદભાઈ કુવાળાવાળા, મોહનભાઈ વારાહીવાળા, વસંતભાઈ માંડવીવાળા, સુરેશભાઈ વાલેવડાવાળા, પ્રવિણભાઈ ગોકલાણી, રમેશભાઈ સીયાવાળા, મહેશભાઈ ઠક્કર, નવીનભાઈ અનારકટ, ભરતભાઈ ઠક્કર (ગાંધીધામ), નીશીતકુમાર, પાર્થભાઈ ઠક્કર, કમલભાઈ ભાભરવાળા, રમેશભાઈ સરપંચ, અરવિંદભાઈ લાટીવાળા, કીરીટભાઈ, ગીરીશભાઈ પાટણવાળા, પ્રવિણભાઈ ગોતરકાવાળા, હસુભાઈ ભુજ, હસમુખભાઈ ડી.ઠક્કર, શોભનાબેન અખાણી, ભારતીબેન ઠક્કર, કલાબેન, બીનાબેન ઠક્કર, જાન્હવીબેન સહિતનાં પરિવારો મળીને અંદાજે ૭૮ જેટલી સંખ્યા થતાં સૌને વિશેષ મજા આવી હતી.

એરપોર્ટથી રેસ્ટોરન્ટ ઉપર નાસ્તો કરી અમો સૌ અમારી હોટલ સમાના ૩૭ મી સ્ટ્રીટ, અલમીનારોડ, અલ રફા દુબઈ ઉપર પહોંચ્યા. હોટલના રીસેપ્શન કાઉન્ટર ઉપર સૌને આવકાર્યા બાદ ધીરે ધીરે સૌને રૂમોની ફાળવણી કરવામાં આવી. અમારામાંના થોડાક મિત્રો એસ્કોટ હોટલ ઉપર હતા તેઓ ત્યાં પહોંચ્યા. આ રીતે બે હોટલ ઉપર સૌની રહેવાની સર્વોત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં સુધી તમામ ભાઈઓ, બહેનોને રૂમોની ફાળવણી થઈ ત્યાં સુધી આયોજક મયુરભાઈ ઠક્કરે થોડુંક ભારે શરીર હોવા છતાં પણ રીસેપ્શન, કાઉન્ટર ઉપર હાજર રહી સૌને સંતોષ થાય તે રીતે રૂમોની ફાળવણી કરાવવામાં પૂર્ણ સહયોગ આપ્યો.બપોરે હોટલ ઉપર સૌ નાહી ધોઈ ફ્રેશ થયા અને થોડોક આરામ પણ કર્યો. બરાબર પાંચ વાગ્યે ક્રુઝની મુસાફરી એન્જોય કરવા ફરીથી સૌ બસમાં બેઠા અને ટ્રેડીશનલ ક્રુઝની મુસાફરી માટે ઉપડયા. રસ્તામાં દુબઈની ઉંચી ઉંચી ઈમારતો જોઈ આશ્ચર્ય અને આનંદની લાગણી થઈ. વિકાસની માત્ર વાતો નહીં પણ સાચા અર્થમાં વિકાસ જોવો હોય તો ભારતની એક એક વ્યક્તિ કે જેને આર્થિક સગવડ હોય તેઓએ અવશ્ય દુબઈની મુલાકાત લેવી પડે. પ્રજા અને શાસક બંનેમાં દ્રષ્ટી, શિસ્ત અને સમયપાલન હોય તો જ દુબઈ જેવો વિકાસ શકય બને. મરીના ક્રુઝમાં સૌએ દરીયાઈ મુસાફરીનો આનંદ કર્યો સાથે સાથે તનુરા ડાન્સ પણ માણ્યો. અમારામાંના કેટલાક ભાઈ બહેનોએ પણ તનુરા ડાન્સ કર્યો. ક્રુઝમાં વેલકમ ડ્રીંક અને સંપૂર્ણ શાકાહારી ભોજન માણ્યું.સુપ, ગુલાબજાંબુ, રોટી, પાઉં, બ્રેડ, બિસ્કીટ, ફ્રુટ, ખીર, ડ્રાયમેન્યુરીય,

અનુસંધાન પાના નં.૬ ઉપર

# શુદ્ધ સત્ય જ ધર્મ છે, અનૃત ધર્મ ન હોય ! જયાં પોષાતી કલ્પના, ધર્મ લુપ્ત ત્યાં હોય !!

ચિંતન — યશપાલસીહ ટી.વાઘેલા

લુંટો મારા ભાઈ લુંટો જે રીતે પ્રજાની આંખમાં ધુળ નાખીને આ દેશને તમારાથી અને તમારા સહયોગીઓથી લુંટાય એ રીતે બધી બાજુથી લુંટો, વિધાન-લોક-રાજય સભાના સભ્ય બની ગયા તો પગાર ભથ્થાંને પેન્શન ને બીજી સુવિધાઓ લેવામાં પ્રજાનો કયાં મત લેવાનો છે ? અહીં તો દલા તરવાડીયો ભેગા થઈને લુંટવામાં કોઈ કચાશ રાખશો નહીં. નોકરીયાત, સામાન્ય વર્ગનો માનવી આ દેશમાં અઢી લાખથી વધુની આવક ધરાવે તો તે કમાણી કરવાવાળાને કંઈ જ નહીં. જે કંઈ ખરીદે વેચે તો તેને ટેક્ષ ચુકવવાનો. ફરજીયાત છતાં ૩૧ મી માર્ચ આવે એટલે ઈન્કમટેક્ષની ઝંઝટ તો ખરી જ. ખરા પરસેવાની કમાણી કરી કુટુંબનું ભરણપોષણ કરતા માનવીને સતત સરકારના ભયમાં જ જીવવું પડે છે ને બીજી તરફ માલ્યા, મોદી, કાર્તિ, રાઠોડ અબજો રૂપિયા લુંટયા, ટુજી કોલ કૌભાંડના પડઘા તો અગાઉ ગુંજ્યા હતા. આ લુંટારાઓ કફન સ્મશાન, શૌચાલય, ગૌ-ગૌવંશને બીજા એવા રૂપકડા લોકોની આસ્થા-શ્રદ્ધાના નામે કરોડો અબજોની ગ્રાન્ટ ઈશ્યુ કરી લુંટાય તે રીતે લુંટવામાં કંઈ જ બાકી રાખતા નથી. વિદેશી આક્રમણોમાં દેશમાં જે લુંટણખોરી ચાલી તેના કરતાં તો સ્થાનિક સ્વરાજયની કહેવાતી સંસ્થાઓમાં વિકાસના નામે મોટી લુંટ ચાલી રહી છે .કયાં કઈ બાજુ શું બોલો ? ધર્મ-જાતીના વાવાઝોડા ઉમટયા છે હવે કોઈ સાચો નેતા ચૂંટાય ને દેશ પ્રજા વિસ્તારનો વિકાસ થાય તે આશા છોડી દેજો. તમારી આજુબાજુ સીમેન્ટ, કોંકીટનો રોડ થાય કે બીજા કહેવાતા કામો તેમાં તપાસ કરજો. અમે કાકા બાપાના પોયરા રણઝણીયા વાગે ચોતરફ જેવી જ સ્થિતિ હોય છે. શિક્ષણ, આરોગ્યના નામે મોટી લુંટ તમે જાઓ કયાં પેટ્રોલ, ડીઝલ, પાણી, વીજળી, વાહન વ્યવહાર જ્યાં જુઓ ત્યાં લુંટાવવાનું જ છે. વાહન ખરીદો તો આજીવન રોડ ટેકસ વસુલ કરીને પછી જ વાહનનું પાસીંગ થાય ને છતાં આજે ૩૫ -૪૦ કી.મી.ના એરીયામાં તમને ટોલનાકાના નામે નજરકેદ કરીને લુંટણખોરી આ લોકો ચલાવી રહ્યા છે. ખાનગી એજન્સીઓને તેમાં પાછી જે તે સ્થાનિક પેટા કોન્ટ્રાકટમાં અસામાજીક તત્વોની ભાગીદારી બોલી તો જુઓ. કહેવાતા આપણા લોકસેવકોને તેમના ચમચાઓને કયાં ટેકસ બેકસ ભરવાના થાય છે ? ગરીબ કરતાં મધ્યમ વર્ગને જ વધુ રીબાવવાનું છે. તમે કયાંક વિરોધ તો કરી જુઓ. હમણાં એક વોટસએપ કોમેન્ટ શરૂ થયેલ જે ખાસ તમારા માટે :

શિક્ષકે વિદ્યાર્થીઓને પુછ્યું, ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો હોય તેવી ચાર વ્યક્તિના નામ બોલો.

વિદ્યાર્થીઓમાંથી ચંદુ ઉભો થયો. સાહેબ હું કહું. બોલ ચંદુ ચાર નામ જણાવ.

ચંદુ કહે : વિજય માલ્યા, લલીત મોદી, મેહુલ ચોકસી અને નિરવ મોદી.

શિક્ષકે ચંદુને ભારત રત્ન એવોર્ડ મળે તે માટે નરેન્દ્ર મોદીને ભલામણ પત્ર લખ્યો. શિક્ષણની ઘોર ખોદાઈ રહી છે. વિજય-નિરવ-લલીત-મેહુલ જેવા અનેક દેશ પ્રજાના પૈસે તાગડધિન્ના કરી રહ્યા છે. તમારી આજુબાજુ નજર નાખશો તો ખબર પડશે કે જીંદગીભર પરસેવાનું ટીપું પાડયું નથી. કોઈ નોકરી કામ ધંધો નથી છતાં દલાલીને કાળાં કામો થકી કરોડોની હેરાફેરી આ શું યુવા પેઢીના આદર્શ છે ? કોઈ સન્માન સમારંભ ગામ, તાલુકા, જિલ્લા, રાજયના યોજાતા કોઈપણ કાર્યમોમાં આવા આદર્શો સ્ટેજ પર ગૌરવભેર બેઠા હોય ને લોકો તેમને તાળીઓ પાડીને સન્માન પણ આપે આ દેશ પ્રજાના લુંટારાઓને આપણે જ સન્માન આપીને સાહેબ બનાવી દીધા છે. ને તેઓ ચારે બાજુથી ખુલ્લેઆમ લુંટવામાં કોઈ કચાશ રાખતા નથી.

આ પ્રજા સરકારી ચોપડે આઝાદ બની છે. બાકી કયાંકને કયાંક કોઈને કોઈ સ્વરૂપે ગુલામ છે. રાજાશાહી અંગ્રેજ નવાબશાહી કરતાં ય લોકશાહીના શાસન પ્રજા દેશ માટે ધનીક નિવડી રહ્યા છે. સાત આઠ દાયકાના વાણા વહી ગયા. પવછી એ લોકશાહીમાં લોકોથી શાસન ચાલવાને બદલે જે ચાલી રહ્યું છે તે તમે હું આપણે અનુભવી રહ્યા છીએ. જ્ઞાતિવાદ, ધર્મની આંધીમાં હવે આત્મવિલોપનનું એક નવું ગતકડું ઉભું થયું જેમાં લોકોએ ન્યાય મેળવવા સરકાર સમક્ષ આત્મ વિલોપનની ધમકી આપવી પડે ને તેમાં દુદખાના દલીત ભાનુભાઈ જીવતા જીવ ભુંજાયા ને તે પછી જેના માટે લડતા હતા તે પરિવારને ન્યાય મળ્યો. આ પ્રક્રિયા લોકશાહી માટે કલંકરૂપ છે. ગામ, નગર, શહેરમાં શાસકો દબાણ પ્રત્યે કુણી લાગણી રાખે કે દબાણદારોને જાણી જોઈને રાજકીય સ્ટંટ બાજીમાં પ્રોત્સાહન આપે ત્યારે શું પરિણામ આવે. આજે ગુજરાતના ઘણા ખરા ગામડામાં ગૌચર, ખરાબા, ગામ, તળાવ, સરકારી મકાનોની જમીનો પર ગામના કહેવાતા નેતા, અસામાજીક તત્વોએ દબાણ કર્યા કે કરાવ્યા ને પછી જ્યારે વિવાદ ઉભો થાય ત્યારે કોઈને બલીનો બકરો બનાવી દેવાય તે સારૂં. ગામ, સમાજ, દેશ માટે નથી જ કોઈપણ સમાજ, ગામ કે સંપ્રદાય હોય, ગામ નગર, સોસાયટી, પરા, મહોલ્લા, વાસમાં શાંતી સુલેહ ભાઈચારાની ભાવના કાયમી રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ. ગામ, પરા સમાજ, મહોલ્લા, વાસમાં મંદિર સ્થાપનાનું કારણ જ એ છે કે અહીં સૌ એકમેક બનીને શાંતિમય રીતે રહે. મંદિરમાં પોતાના પ્રશ્નોનો નિવેડો લાવી સાથે પૂજા અર્ચનમાં ભાગ લે પણ આજે ઠેર ઠેર મંદિરોની સ્થાપના, દેવ દેવીઓની પ્રતિષ્ઠા થાય છે પણ સવાર સાંજની આરતીમાં કોઈ ફરકતું નથી. ગામના ચોરા પણ દબાણદારોએ દબાણોગ્રસ્ત બનાવી દીધા છે કે જ્યાં ગામના વડીલો સાંજ પડે ત્યાં બેસતા હવે ? આ બધું તમે જોઈ રહ્યા છો ? પણ કંઈ બોલી શકતા નથી. તેની પાછળનું કારણ તમે જાણો છો.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# શઠે શાઠયં સમાચરેત્

શ્રદ્ધા અને સંસ્કાર

ચોરી ન કરવી જોઈએ એ વાત એકદમ સાચી છે કારણ કે ચોરી કરવાથી પાપ બંધાય છે, આ લોક પણ બગડે છે, અને પરલોક પણ બગડે છે. પણ બુધ્ધિશાળી કેટલાક માણસો ચોરી કરીનેપણ પુણ્યનું ઉપાર્જન કરે છે.કારણ કે ચોરી કરવા પાછળનો આશય માત્ર પેટપુર્તિનો નથી હોતો પણ બીજો જ કોઈ સારો આશય હોય છે. જેનાથી તેઓ તો કીર્તિ મેળવે જ છે સાથે બીજાનું જીવન પણ પરિવર્તન કરાવે છે. જોઈએ રામગુપ્તે ચોરી કરીને પણ કેવી રીતે પુણ્યનું ઉપાર્જન કર્યું ? લક્ષ્મીપુર નામના નગરમાં ઘણા ખરા ધનાઢયો રહેતા હતા. ધનાઢયોની પ્રથમ હરોળમાં આવવાવાળા રામગુપ્ત શ્રેષ્ઠી નામના એક વણિક હતા. વણિક જાતિ એટલે હોંશિયાર તો હોય છે તેમને બે પુત્રો હતા. તે બંને પણ ભિન્ન ભિન્ન વ્યાપાર કરીને સારી રીતે જીવન નીર્વાહ કરતા.

શ્રેષ્ઠી રામગુપ્તને ગામના ઘણા લોકો રામભાઈ કહીને પણ બોલાવતા હતા. રામભાઈ તેમના બંનેય છોકરાઓની સાથે મસ્તીથી જીવન પસાર કરતા હતા. મસ્તીથી જીવવાની દરેક જીવની ઈચ્છા હોય પણ કયાં બધાની હોવી જોઈએ ને ? ભાગ્યની ઈચ્છા ન હોય તો કોની ઈચ્છા પરિપુર્ણ થવાની હતી ? તત્રાડન્યથા ભવતિ યલ્લિખિતં લલાટે લલાટે લખેલા લેખ ઉપર મેખ લગાવવાની કોની શક્તિ હોય છે ? રામગુપ્તના લલાટે પણ બસ આવા જ કંઈક લેખ લખેલા હશે. જો કે સાવ ભિક્ષુક થવાનો તો તેમનો વારો નથી આવ્યો પણ વ્યાપારમાં તેમને ખુબ જ નુકશાન થઈ ગયું. આપત્તિઓની હારમાળા સર્જાઈ. ત્રણ ગામમાં તેમના ઘાસના ગોડાઉન હતા. અચાનક ઘાસના ભાવ ઘટી ગયા.બીજા ગામમાં પુર આવ્યું એટલે બધું ઘાસ પાણીમાં તણાઈ ગયું અને બીજી જગ્યાએ ગોડાઉનમાં આગ લાગી એટલે ત્યાં બધું ઘાસ બળી ગયું. સુખમાં રાચતા રામગુપ્તને આજે રડવાનો વારોઆવ્યો. તેમની જે બાપ દાદાની જમીનહતી તેઅને હીરા ઝવેરાતો વેચીને દેવું પુર્ણ કર્યુ. હવે તો રામગુપ્તને માત્ર ઘર જ વેચવાનું બાકી હતું તો પણતેઓ મનના મજબુત હતા કે ભુતકાળની જેમ ભવિષ્યમાં મારૂં ભાગ્યરૂપી ગુલાબ ખીલશે બસ આ જ આશાથી તેઓ નાનો મોટો વ્યાપાર કરીને જીવન ચલાવતા.

લક્ષ્મીપુર નગરમાં ચોરોનું અને લુંટારાઓનું આક્રમણ પણ કયારેક કયારેક થતું. જ્યારે નગરવાસીઓને ખ્યાલ આવતો કે હવે થોડા દિવસમાં લુંટારાઓ આપણા નગરને લુંટવા આવવાના છે ત્યારે તેઓ પોતાની ધન સંપત્તી કયાંક છુપાવીને બીજા નગરમાં જતા રહેતા. લુંટારાઓ જતા રહે એટલે પાછા આવીને રહેતા.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# જીવનમાં આવતા વિધ્નો ઉપર વિજયી બનવા માટે અડગ આત્મવિશ્વાસ હોય છે

આપણા જીવનમાં દરેક અવસ્થાઓનું આગવુ સ્થાન છે, પરંતુ એમાં વિશેષ યુવા અવસ્થાએ જીવનનો મહત્ત્વનો સમય છે. યુવાનીએ જીવનનો અમુલ્ય સમય છે. જે સમયે આપણી પાસે મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ હોય છે. જીવનમાં આવતા વિધ્નો ઉપર વિજયી બનવા ખાસ અડગ આત્મવિશ્વાસ હોય છે. સાહસ અનેક લક્ષ્યાંકો સર કરવાની પ્રબળ ઈચ્છાશક્તિ ધરાવે છે. અને આવા અરમાનોને પુરા કરવા માટે માનસિક શક્તિની સાથે શારિરીક શક્તિનો પણ સહયોગ મળી રહે છે. આપણે જાણીએ છીએ કે કલા, સાહિત્ય, જ્ઞાન - વિજ્ઞાન અને ઉદ્યોગોના ક્ષેત્રોમાં જે.જે. નવી શોધો, પ્રગતિ થઈ છે....એ પણ યુવા અવસ્થામાં જ થઈ છે. આમ યુવાકાળએ બહુ વેલ્યુબલ સમય છે. યુવા શબ્દને અંગ્રેજી YOUTH કહે છે...જો તેને ડીવાઈડ કરીએ તો (૧) (Y - YOGA) એટલે કે એકાગ્રતાની શક્તિની જીવનમાં ઘણી જરૂરિયાત છે.યુવાકાળમાં એકાગ્રતાથી દરેક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય છે.... (૨) ( O - OPTIMIST ) યુવા જીવનમાં કદાચ નિષ્ફળતા મળે તો પણ નિરાશ થવાની જરૂર નથી... હંમેશા આશાવાદી રહો.(૩) U - UNITY કાર્યની સફળતામાં એકતા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્વ.અને વિશ્વને બંધુત્ત્વની ભાવનાથી સર્વ ઈશ્વરપિતાની સંતાન છે... એમ સમજીએ. (૪) T.TRUSTY SH

સૌરભ — બી.કે.નીતાબેન

અનુસંધાન પાના નં.૬ ઉપર

### સાંસદમાં ...
પાના નં .૧ ચાલુ

છે. સત્રના પ્રથમ હિસ્સામાં બજેટ રજૂ કરવામાં આવ્યુ હતુ. સંસદના બજેટ સત્રના પ્રથમ તબક્કાની શરૂઆત ૨૯મી જાન્યુઆરીના દિવસે થઇ હતી. નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. બજેટની સાથે રેલવે બજેટ પણ રજૂ કરવામાં આવ્યુ હતુ. બજેટ સત્ર રિશેસ સાથે બે તબક્કામાં છે. સેશનનો પ્રથમ હિસ્સો નવમી ફેબ્રુઆરી સુધી ચાલ્યો હતો. સંસદ સત્રનો બીજો તબક્કો આજે શરૂ થયા બાદ છઠ્ઠી એપ્રિલ સુધી ચાલશે.સંસદના બન્ને ગૃહો બજેટ સત્રમાં એક મહિના સુધી રિશેષ રહ્યા બાદ ફરી મળી રહ્યા છે. સરકારના એજન્ડામાં ત્રિપલ તલાક બિલ પણ છે. પંજાબ નેશનલ બેંકની સાથે ૧૨૭૦૦ કરોડ રૂપિયા અથવા તો ૧૨૭ અબજ રૂપિયાની છેતરપિડીં કરનાર હીરા કારોબારી નીરવ મોદી અને અન્ય આરોપી ફરાર થઇ ગયા બાદ સરકાર દ્વારા ફગેટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ બિલને સરકારે મંજુર કર્યુ હતુ.

### ૧૦ લાખ...
પાના નં .૧ ચાલુ

પ્રતિ કિલોમીટરથી ઘટીને ૧૦૦ કરોડ રૂપિયા પ્રતિ કિલોમીટર થઇ શકે છે. રેલવે દ્વારા યાત્રીઓને વિશ્વ સ્તરની ઝડપી સુવિધા આપવા માટેની તૈયારી પણ કરી લેવામાં આવી છે. આ ઉપરાંત લાઇટવેટ એલ્યુમિનિમ કોચ આ લાઈનોને ધ્યાનમાં લઇને તૈયાર કરવામાં આવશે. આ રેલવે લાઈન પર ટ્રેનો વિજળીથી દોડાવવામાં આવશે. ફન્ડિંગ માટે આ બાબતની શક્યતા છે કે, ફાઈનાન્સિયલ સંસ્થાઓ અને મલ્ટીલેટરલ એજન્સીઓ પાસેથી ફંડ લેવામાં આવશે. સાથે સાથે રેલવે પોતાની જમીન બેંકથી પણ પૈસાની વ્યવસ્થા કરશે.

### સીબીએસઇ...
પાના નં .૧ ચાલુ

કરાઈ છે. જ્યારે ધોરણ ૧૨માં ૫૯૯ સેન્ટર ખાતે ૧૬૮૦ શાળાઓ પરીક્ષા માટે નિયત કરાઈ છે. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે કેટલાક નવા નિયમો અમલી કરવામાં આવ્યા છે. ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓના પાસ થવા માટેના માપદંડ બદલાઈ ગયા છે. હવે આંતરિક અને બોર્ડ પરીક્ષાના મૂલ્યાંકનને મળીને ૩૩ ટકા માર્ક મેળવનાર વિદ્યાર્થી પાસ ગણાશે. સીબીએસઈએ આ વર્ષે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. ઈન્ટરનલ અને બોર્ડની પરીક્ષાના મૂલ્યાંકનના આધાર પર ૩૩ ટકા માર્કની ગણતરી કરવામાં આવી છે. બોર્ડે પરીક્ષાના પાસિંગ ક્રાઈટેરિયામાં ફેરફાર કર્યા છે. હવે વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પાસ કરવાની બાબત સરળ રહેશે. હવે ઈન્ટરનેશનલ મૂલ્યાંકન અને બોર્ડ પરીક્ષાના માર્કને મળીને ૩૩ ટકા માર્ક મેળવનાર પાસ ગણાશે. જો કે, બોર્ડની પરીક્ષામાં આ નિયમ આ વખત માટે જ રહેશે. આ સત્રના ૧૦ના વિદ્યાર્થીઓને ૨૦ માર્કના ઈન્ટરનલ અને ૮૦ માર્કની બોર્ડ પરીક્ષામાં મળીને ૩૩ ટકા માર્ક્સ લાવવાના રહેશે. પહેલા વિદ્યાર્થીઓને પાસ થવા માટે ઈન્ટરનલ અને બોર્ડ પરીક્ષામાં જુદા જુદા ૩૩ ટકા માર્ક મેળવવાની જરૂર હતી.

### અયોગ્ય...
પાના નં .૧ ચાલુ

સામાન્ય માણસોની સમસ્યામાં વધારો કરશે. ધાનાણીએ સણસણતા સવાલો ઉભા કરી, સત્તાપક્ષને ચાબખા માર્યા હતા. ચર્ચાની શરૂઆત કરતા જણાવ્યું કે, આ દેશે એક કુશળ અર્થશાસ્ત્રી આપ્યા એ ચાણક્ય, ચાણક્યે કહ્યું છે કે, કોઈપણ સુશાસન માટે એના નાણાની સુયોગ્ય વ્યવસ્થા એ પાયાનો સિધ્ધાંત છે. જો લોકોનાં પરસેવાની કમાણીમાંથી ઉઘરાયેલા કરવેરા, એનો ખર્ચ લોકોની સુખાકારી માટે લોકોનાં ભવિષ્યનાં પથને સુશકત, સમૃધ્ધ બનાવા માટે થાય તો એ વિકાસનાં ફળ સર્વાંગી વિકાસ નાં સ્વપ્નને સાકાર કરે અને રાજ્ય હોય કે રાષ્ટ્ર આગળ ધપતું હોય છે.

### પ્રત્યેક તાલુકાઓમાં...
પાના નં .૧ ચાલુ

સરકારે આયોજન કર્યું છે. ત્યારબાદ જે તે તાલુકામાં જરૂરિયાત મુજબની વધારાની કોલેજ શરૂ કરવા રાજ્ય સરકાર વિચારણા કરશે એમ પણ મંત્રીએ જણાવ્યું હતું. મંત્રી ચૂડાસમાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, જે તે તાલુકામાં કોલેજોની મંજૂરી મળતા જ જે તે શાળાનું સુવિધાપૂર્ણ મકાન હોય ત્યાં કોલેજ શરૂ કરવામાં આવે છે ત્યાર બાદ જમીન મેળવી કોલેજ માટે મકાન બાંધવાની કામગીરી હાથ ધરાય છે. આમ મંજૂરી મળતા જ કોલેજ શરૂ કરવામાં આવે છે.

### હોલ ટિકિટો ...
પાના નં .૧ ચાલુ

શરૂ કરાયું હતું પરંતુ હજુ પણ કેટલીક શાળાઓ અને સંચાલકો એવા છે કે, જેમણે ઉંચી ફી ભરવાના દબાણને લઇ વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવી રાખી છે. બોર્ડના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓની છૂટીછવાઇ આવી ફરિયાદો બોર્ડ સત્તાવાળાઓ સુધી પહોંચતા રાજયના શિક્ષણવિભાગના અધિકારીઓ પણ હરકતમાં આવ્યા હતા. શિક્ષણવિભાગ દ્વારા આવતીકાલે તા.૬ઠ્ઠી માર્ચ સુધીમાં કોઇપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને તેમની હોલ ટિકિટ આપી દેવા શાળાઓ અને આચાર્યોને કડક તાકીદ કરી છે અને જો શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવાય તો વિદ્યાર્થીઓને સીધી જ જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરવા તાકીદ કરી છે. જિલ્લા શિક્ષણાધિકારીને મળેલી ફરિયાદના આધારે આવી કસૂરવાર શાળાઓ વિરૂધ્ધ સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ શિક્ષણવિભાગ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની મદદ માટે હેલ્પ લાઇન ૧૮૦૦૨૩૩૫૫૦૦ નંબર ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર માટે ૯૯૦૯૯૭૦૨૦૧ અને અમદાવાદ ગ્રામ્ય માટે ૯૯૦૯૯૭૦૨૦૨ મોબાઇલ નંબર જારી કરી તેની પર વિદ્યાર્થીઓને સીધી ફરિયાદ કરવા મંજૂરી આપી છે.

### ભારત અને...
પાના નં .૧ ચાલુ

ટકરાશે. ટોપની બે ટીમો ૧૮મી માર્ચના દિવસે રમાનાર ફાઇનલમાં ટકરાશે. શ્રીલંકન ટીમ યુવા ખેલાડીઓથી ભરચક છે જેમાં દિનેશ ચાંદીમલ કેપ્ટન તરીકેની ભૂમિકામાં છે. શ્રીલંકાની સ્વતંત્રતાના ૭૦ વર્ષની પૂર્ણાહુતિના પ્રસંગે આ શ્રેણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ શ્રેણીમાં ભારત અને શ્રીલંકાની સાથે ત્રીજી ટીમ તરીકે બાંગ્લાદેશ છે. ડી સ્પોર્ટસ પર આ મેચોનુ પ્રસારણ કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે ભારતે હાલમાં દક્ષિણ આફ્રિકા પર વનડે બાદ ટ્વેન્ટી શ્રેણીમાં પણ ૨-૧થી જીતી લીધી હતી. છેલ્લી ટ્વેન્ટી મેચમાં વિરાટ કોહલી રમ્યો ન હતો અને રોહિત શર્મા કેપ્ટન તરીકે રહ્યો હતો. છતાં ભારતે શાનદાર જીત મેળવી હતી. આવી સ્થિતીમાં આ શ્રેણીમાં રોહિત પાસેથી જોરદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે.સેન્ચુરિયન ખાતે ૨૧મી ફેબ્રુઆરીના દિવસે રમાયેલી બીજી ટ્વેન્ટી મેચ યજમાન દક્ષિણ આફ્રિકાએ જીતીને શ્રેણીને સજીવન રાખવામાં સફળતા મેળવી હતી. યજમાન ટીમે ભારતને બીજી ટ્વેન્ટી મેચમાં છ વિકેટે હાર આપી હતી. પ્રથમ ટ્વેન્ટી મેચ જીતતા પહેલા ભારતે યજમાન દક્ષિણ આફ્રિકા પર વનડે શ્રેણી ૫-૧થી જીતી લેવામાં સફળતા મેળવી હતી. દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં લાંબી શ્રેણી રમ્યા બાદ વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની, જશપ્રીત બુમરાહને આરામ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી હાલમાં પૂર્ણ થઇ છે. ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા ટીમની પસંદગી કરતી વેળા સ્ટાર ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ભારતીય ટીમ વર્તમાન શ્રેણીમાં બે મેચ શ્રીલંકા સામે અને બે મેચો બાંગ્લાદેશની ટીમ સામે રમાનાર છે. શ્રીલંકામાં રમાનારી તમામ મેચોને લઇને સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરી દેવામાં આવી છે. તમામ ટીમોને પુરતી સુરક્ષા આપવામાં આવી રહી છે. મેદાન અને હોટલની આસપાસ પણ સુરક્ષા વધારવામાં આવી છે.

### થરાદી મેમન...
અનુસંધાન ૩ નુ ચાલુ..

સમાજ સેવાએ જ સાચી સેવા છે તેમ જણાવી આગામી વરાયેલ પ્રમુખને સમાજ સેવા કરવા હાકલ કરી હતી. આ પ્રસંગે ત્રણ વર્ષનો અહેવાલ બશીરભાઈ મેમણે આપી સમાજ સેવાનો ચિતાર દર્શાવ્યો હતો. ઈરફાનભાઈ માસ્ટરે જણાવ્યું કે સતત ત્રણ વર્ષ સુધી પ્રમુખ તથા અમારી ટીમે મહેનત કરી થરાદી મેમન કાઉન્સીલને શિખર પર પહોંચાડી છે. આ પ્રસંગે મુફ્તી અ.રહેમાન સાહેબ (રતનપુર), રફીકભાઈ (કલોલ), અલ્તાફભાઈ(અમદાવાદ), રફીકભાઈ એન્જીનિયર (સિધ્ધપુર), ક્યુમભાઈ (વિસનગર), સાજીદભાઈ (કલોલ), રફીકભાઈ (કલોલ), ફારૂકભાઈ માસ્ટર, જાફરભાઈ સાંચોરા(વડગામ), ફઝલભાઈ (છાપી), એહમદભાઈ (વાસા), ઈસ્માઈલભાઈ (ડીડરોલ), ઈદરીશભાઈ ડીંડરોલ), હનીફભાઈ (છાપી) સહિત ૨૬ જમાતના પ્રમુખ તથા સેક્રેટરી તથા સભ્યો હાજર રહ્યા હતા. આ પ્રસંગે નવા વરાયેલ પ્રમુખ આબિદભાઈ કલોલવાળાએ જણાવ્યુ કે પૂર્વ પ્રમુખના અધુરા સંકલ્પો પૂરા કરવાની નેમ વ્યક્ત કરી હતી.આ પ્રસંગે કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. સાદીકભાઈ પાલનપુરવાળાએ કર્યુ હતું.

### સુરતમાં જર્જરીત...
અનુસંધાન ૩ નુ ચાલુ..

સ્થાનિક લોકોએ આ અંગે ફાયર બ્રીગેડને જાણકારી આપી હતી. ફાયર વિભાગના લાશ્કરો અને અધિકારીઓ તુરંત ઘટના સ્થળ પર દોડી ગયા હતા તેમજ બિલ્ડીગને તુટી પડતું અટકાવવા માટે તેના પાર્કિંગમાં ટેકા ગોઠવવાની કાર્યવાહી હાથ ધરી હતી ઉપરાંત આ બિલ્ડીગમાં વર્ષોથી રહેતા પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આવનારા દિવસોમાં હવે આ બિલ્ડીગને સલામતરીતે ઉતારી લેવામાં આવશે અને તેમાં આસપાસની મિલકતોને કોઇ નુકસાન ન થાય તેની પુરતી તકેદારી રાખવામાં આવશે.

### કુંપટમાં શિતળા...
અનુસંધાન ૩ નુ ચાલુ..

નેતૃત્વ હેઠળ સફાઈ- પાણી સહિત પ્રાથમિક સવલતોની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ખાણી- પીણીના સ્ટોલ, સૌંદર્ય પ્રસાધનોના સ્ટોલ, રમકડાના સ્ટોલ, ચગડોળ વગેરેની જગ્યાઓ ફાળવાઈ રહી છે. આ વખતે શિયાળુ સિઝન સારી હોઈ મેળાને લઈ ગ્રામીણ પ્રજામાં ઉત્સાહનો માહોલ છવાયો છે. ત્યારે બાધા- આખડી પૂરી કરવા માટે શ્રધ્ધાળુ લોકો અત્યારથી જ માના ધામમાં આવવા લાગ્યા છે. તેથી ધામ માતાજીના જય જય કારથી ગુંજવા લાગ્યું છે.

### પાલનપુરમાં કુટણખાનું ...
પાના નં .૮ ચાલુ

ન્યાયાધીશ આસીફ એમ. મેમણએ સરકારી વકીલ એમ. આઇ. સિંધીની દલીલો અને રજુ કરાયેલા પુરાવા ગ્રાહ્ય રાખ્યા હતા. અને આ કામના તમામ આરોપીઓને ધી ઈમમોરલ ટ્રાફીકીગ એકટ ૧૯૫૬ ની કલમ ૩ અને ૭ મુજબ તકસીરવાન ઠરાવી કલમ ૩(૧) મુજબ એક વર્ષની સખ્ત કેદ તથા રૂપિયા ૧૦૦૦ દંડ જો દંડ ન ભરે તો વધુ એક માસની શખ્સ કેદ તથા કલમ ૭(૨) (ક) મુજબ બે માસની સાદી કેદ તથા રૂપિયા ૧૦૦ દંડ, દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદ તથા કલમ ૪ મુજબ મનોજકુમાર ઠક્કર, જીબન અહેમદ, મદનકુમાર યાદવ અને શબાના મોહતાલેપને એક વર્ષની સાદી કેદ તથા રૂપિયા ૫૦૦ દંડ જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદનો હુકમ કર્યો હતો. આ દરેક સજા અલગ-અલગથી ભોગવવાની રહેશે.

### ડીસામાં લોનના...
પાના નં .૮ ચાલુ

કચેરી ખાતે ના કમ્પાઉન્ડમાં બોલાવ્યા હતા.

જેથી ત્યાં ત્રણ ઈસમો આવ્યા હતા અને પૈસાની માંગણી કરી હતી ત્યારે આરોપીઓએ તેઓને ધમકી આપી જ્ઞાતિ અપમાનિત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી આ મામલે તેઓએ જીગર માળી અને અન્ય બે ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ હતી.

### દીઓદર તાલુકા...
પાના નં .૮ ચાલુ

પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહજી વાઘેલા તથા તાલુકા સંઘના ડીરેક્ટરોશ્રી ચૌધરી મલાભાઈ વીરાભાઈ, ચૌધરી જગદીશભાઈ ભીખાભાઈ, જોષી માનજીભાઈ હરીરામભાઈ, પટેલ પેથાભાઈ શીવાભાઈ, પટેલ માનસુંગભાઈ રત્નાભાઈ, ઠાકોર ગોદીબેન અમરતજી, પટેલ સગરામભાઈ હકમાજી, ચૌહાણ ભવાનજી બાજુજી, ચૌધરી અમરાભાઈ રેવાભાઈ, તરક લીલાબેન ઈશ્વરભાઈ, વાઘેલા ગણપતસિંહ ભમરસિંહ, રાજપુત ખેંગારજી વાઘાજી, ભેદરૂ વક્તુબેન માલાભાઈ, પટેલ કમીબેન ચતરાભાઈ, કોંગ્રેસના અગ્રણી ડાયાભાઈ પટેલ, ભાજપના પૂર્વ મહામંત્રી ચેલાભાઈ પટેલ, દી.તા.યુવા ભાજપ મહામંત્રી ભરતભાઈ જોષી સહિત તાલુકાના આગેવાનો, સહકારી આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

### કુચાવાડા દારૂની...
પાના નં .૮ ચાલુ

સભ્યો આમને - સામને આવી જતા ઝપાઝપી થઈ હતી. તેથી પોલીસ જવાનો જતા રહ્યા હતો તેથી લૂટારૂઓની ગાડી સમજી સભ્યોએ ગાડીને સળગાવી દીધી હતી. બાદમાં આ પરિવારે પાંથાવાડા અને ડીસા રૂરલ પોલીસને આ બનાવની જાણ કરી હતી. તેથી રૂરલ પોલીસ દોડી આવી હતી. ત્યારબાદ નાસી છૂટેલ બે પોલીસ જવાન પણ આવી પહોંચતા પરિવારને પોલીસ મથકે લઈ જવાયું હતું અને 'ચોર કોટવાલને દંડે' ઉક્તિ મુજબ પરિવારની મહિલાઓ અને બાળકોને જવા દઈ ચાર સભ્યોને જેલ હવાલે કરી દીધા હતા તેથી ખુદ પોલીસ શકના દાયરામાં આવી ગઈ છે. હકીકતમાં કોઈ બાતમી મળે તો અધિકારીને સાથે રાખી રેડ કરવાની હોય છે. પરંતુ આ બનાવની અધિકારીને જાણ પણ કરવાની તસ્દી લેવાઈ નથી. વળી રેડ દરમ્યાન વાહન રોકવા બેરીયરનો ઉપયોગ થાય છે તેનું પણ પાલન કરાયું નથી. તેમજ ગાડી નજીકના પોલીસ મથકે લઈ જઈ તલાસી કરવાની હોય છે. પણ તે નિયમનું પણ પાલન કરાયું નથી. પોલીસને બદલે મિત્રો સાથે રેડનું શું પ્રયોજન તે પણ ખાનગી ગાડીમાં ? વગેરે અનેક સવાલો ઉઠવા પામ્યા છે તેથી વિવાદોમાં સપડાયેલ આ રેડમાં નિર્દોષોની ધરપકડ કેટલી વ્યાજબી ગણાય ? જેથી પોલીસની પ્રતિષ્ઠા ખરડાય છે ત્યારે જિલ્લા પોલીસ વડા આ મુદે તટસ્થ તપાસ કરી સચ્ચાઈ બહાર લાવે તેવો જનમત પ્રવર્તે છે.

### સૌરભ...
અનુસંધાન ૫ નું ચાલું

એટલે કે નીમિતભાવ...એટલે કે કાર્યની સફળતા પછી અહંકાર ન આવવો જોઈએ. નીમીત બન્યા એવો ભાવ ધારણ કરી લઈએ. (૫) ૐ - ૐન્રૂ એટલે કે પવિત્ર મન - બૃધ્ધિથી શુધ્ધ વિચાર કરવા, ભોજન શુધ્ધ લેવુ અને જીવન પણ પવિત્ર બનાવવુ આ પાંચ (૫) શબ્દોને જો આપણા યુવા જીવનમાં ધારણ કરવામા આવે તો યુવા જીવન દિવ્ય બની જાય.... વિપરીત... પરિસ્થિતિમાં હસી શકે અને તેની હંસી ઉડાવી શકે તે જ યુવાન કહેવાય. પાણીમાં માછલીની જેમ તરવું સહેલું છે.. પણ ખડકોની વચ્ચે તરતા રહેવુ એ યુવાની જ કરી શકે. વર્તમાન સમયે વિશ્વમાં અશાંતિનો આતંક ફેલાયેલો છે. તેનું મૂળ કારણ જાતિભેદ, ધર્મભેદ, રાષ્ટ્રભેદ અનેક ભેદોમાં વહેચાઈ લડાઈ - ઝઘડા થાય છે. આ બધા ભેદભાવો વિશ્વ બંધુત્વની ભાવનાથી જ ખતમ થાય. યુવા ઉપર આખા વિશ્વની જવાબદારી છે. આપણા ભારત દેશ પાસે ૫૫ કરોડ અત્યારે યુવાનો છે. વિશ્વની નજર આપણા દેશ પર સ્થિર થયેલી છે. જેમ નદી ઉપર બંધ બાંધવામાં ન આવે તો તેનુ પાણી વગર કારણે વહી પણ જાય છે... અને તેના માર્ગમાં આવતા અનેક ગામડા વિધ્વંશ પણ પામે છે. અને જો બંધ બાંધીએ તો.. તેમાંથી નહેરો દ્વારા જ્યાં ન પાણી હોય ત્યાં પણ પહુચતું કરી શકીએ તેમ છીએ. યુવા શક્તિને એ જ રીતે મર્યાદારૂપી બંધ અને યોગ્ય માર્ગદર્શનની જરૂર હોય છે. યુવાન પોતાનાથી નાનાનો માર્ગદર્શક અને વડીલોનો સહારો બની શકે છે. પણ વર્તમાન સમયે જોઈએ છીએ તો રેશન, વ્યસન, ભ્રષ્ટાચાર, બળાત્કાર, પાપાચાર, આતંકવાદમાં સ્વાર્થી લોકો યુવાનોનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. સારા ચરિત્રવાળા યુવાન અત્યારે ભાગ્યે જ જોવા મળે છે. એટલે જ ચાણક્યે જેવા કુશળ રાજનીતીજ્ઞે કહ્યું કે આ દેશને જેટલુ દુર્જનોથી નુકશાન નથી થયુ એટલું સજ્જનોની નિષ્ક્રીયતાથી થયું છે. પણ અત્યારે જીવનમાં દિવ્યગુણો અને શક્તિઓ કેળવવી યુવાનો માટે કપરુ બનતુ જાય છે... પણ આ દિવ્યગુણો અને શક્તિઓ ધારણ કરવી એ અસંભવતો નથી જ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં ઈશ્વરે આપેલુ નવુ જ્ઞાન અને રાજયોગની વિધિથી જબરજસ્ત પરિવર્તન આવે છે.. અત્યારે વિજ્ઞાન જે નવી નવી શોધો કરી જીવન સરળ બનાવવા કોશિશ કરી રહ્યું છે.. તેને પણ વાપરી એ જ શકશે.. કે જે પોતાના મન - બુધ્ધિ - સંસ્કાર શુધ્ધ અને પવિત્ર બનાવી લીધા હશે... ''યુવા જગનો પ્રાણ ખરો તુ, વિશ્વ તણો આધાર પ્રભુપિતાની શુભ આશાને તુ જ કરે સાકાર''

બી.કે. નીતાબેન

### આરાધના
અનુસંધાન ૫ નું ચાલુ

ની પ્રદક્ષીણા) કરીને જીવનની ધન્યતા અનુભવી હતી. તેવી ધન્યતા બાળક અનુભવશે. માતા પિતા પણ પોતાના પાલ્વને માથા ઉપર બંને હાથ મુકીને તેમને સુખી થવાના, તેજસ્વી થવાના અને આદર્શ માણસ બનવાના આશીર્વાદ આપશે તો નવી પેઢીમાં સારા સંસ્કારોનું ઘડતર થશે અને પાશ્ચાત્ય તહેવારોની અસરમાંથી મુકત થઈ શકશે.

તે રીતે તુલસી પુજન, ભગવદ ગીતા કે અન્ય ધાર્મિક ગ્રંથોનું પુજન કરતાં શીખવીશું કે ધારદાર ચાકુ જેવા છીછરા તહેવારો ઉજવવાનું છોડી દેશે, જરૂર છે સંગઠીત થઈને સઘન પ્રયત્નો કરવાની..

નાથાલાલ બ્રહ્મક્ષત્રિય

### ચિંતન...
અનુસંધાન ૫ નું ચાલું

આ લોકશાહી જ કંઈક એવા પ્રકારની છે કે લોકો બોલી શકતા નથી ને નેતાઓ ચુપ રહી શકતા નથી. બસ આ શાસનને તમારે લોકશાહી કહેવું હોય તો કહો બાકી છે લોકશાહી ? વસ્તી વિસ્ફોટમાં અમે બે અમારૂં એકનું સુત્ર ખરેખર નેતા બનવામાં ઉપયોગી થાય ખરૂં? આવા સમાજ, પરિવારનું ભવિષ્યમાં કંઈ આવશે ખરૂં અમે બે અમારા પચ્ચાસ.. આ સૂત્ર જ્ઞાતિવાદના વાવાઝોડામાં ઉભરી આવે તો નવાઈ નહીં ને કોઈ રાજકીય પક્ષનો નેતા હરખપદુડો થઈને જાહેરમાં બોલી જશે તો આશ્ચર્ય અનુભવતા પણ નહીં. આ લોકોની બોલી કયાં કેવી બદલાશે તે કાચીંડાને જઈને પુછી જજો. વાચક મિત્રો આજે આટલું જ. હોળી, ધુળેટીના તહેવારો બહુ શાંતિપૂર્વક ઉજવ્યા. ધો.૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષાઓ આગામી દિવસોમાં શરૂ થશે. તેની સાથે કાળઝાળ ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. સમાજ, સોસાયટીમાં એકતા જળવાય તેવા પ્રયત્નો કરશો. બાકી ટેકસ ભરો ને નેતાઓને આનંદીત રાખો.. દર કલાકે આ નેતાઓ પોતાના પગાર ભથ્થા વધારવા સિવાય કંઈ વિચારતા નથી. તમારી સમસ્યાનો કોઈ ઉકેલ આવશે તે આશા છોડી દેજો.. ગૌ માતા કી જય.. નદીમાતા કી જય.. ભારત માતા કી જય.. જય.. જય ગરવી ગુજરાત.. બધાનું નહીં તો કંઈ નહીં નેતાઓનું બધું થાય.. પ્રજાને દેશ ભલે ને ? અસ્તુ..

યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯

### જીવનદર્શન..
અનુસંધાન ૫ નું ચાલું

વેજબીરીયાની, દાલફ્રાય, મીક્ષવેજ, ભાત, કઠોળ સબ્જી સહિતની તમામ વસ્તુઓનો ટેસ્ટ ઈન્ટરનેશનલ હતો. કેટલાકને આ ટેસ્ટ ગમ્યો અને કેટલાકને ના ગમ્યો પણ સૌએ ભોજન અને ક્રુઝની મુસાફરી મન ભરીને માણી. દુબઈમાં રાતનો નજારો કંઈક અલગ પ્રકારનો જ હતો. મારા મિત્રો વસંતભાઈ હેમંતટાયર્સવાળા, બીપીનભાઈ એમ.ઠક્કર, સુરેશભાઈ દેવવાળા, જયંતિભાઈ ઓઢાવાળા, રમેશભાઈ આર.ટી.ઓ વિગેરે અગાઉ દુબઈ જઈ આવેલા એટલે એમણે થોડીક દુબઈ વિશે જાણકારી આપેલ પરંતુ આજે રૂબરૂ મુલાકાત માણીને વિશેષ રોમાંચ થતો હતો.ક્રુઝ મુસાફરી માણી અમે સૌ રૂમ ઉપર આવ્યા અને આરામ કર્યો.

(ક્રમશઃ) ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩

### શ્રધા અને સંસ્કાર...
અનુસંધાન ૫ નું ચાલુ

પોતાનું શું શું લુંટાયું છે તેની તપાસ કરતા.

બસ હવે કાલે લુંટારાઓ આપણા લક્ષ્મીપુર નગરને લુંટવા આવવાના જ છે. એવા સમાચાર સાંભળીને ગામના લોકો બીજા ગામ જતા રહ્યો આ બાજુ રામગુપ્તના બંને છોકરાઓએ પણ બીજે ગામ જવાની તૈયારી કરી પણ રામગુપ્તે આવવાની ના કહી. તેણે કહ્યું, 'પુત્રો ! તમે જાઓ. હું તો અહીં જ રહીશ. મારે તમારી સાથે બીજા ગામ આવવું નથી.

બંને છોકરાએ કહ્યું : પિતાજી ! આપ અહીં કયાં રોકાશો ? લુંટારાઓ તો ઘરનાં તાળાં તોડીને ઘરમાં ઘુસી જાય છે. મળે તેટલા ધનની ચોરી કરીને પાછા જતા રહે છે. જો આપણા ઘરમાં તમને જોશે તો તમને મારી જ નાખશે અને તમે પણ અહીં એકલા જ છો. એ લોકો તો ઘણા હશે પિતાજી ! આપ જાણી જોઈને જોખમની ઝોળી શા માટે ઉપાડો છો ? અમારી સાથે ચાલો. .અહીં ન રહેવાય..

તમારી વાત બરાબર છે અને હું કહું છું તે પણ બરાબર જ છે. હમણાં હું બે દિવસ ઘરમાં રહીશ નહીં. આપણા ઘરની સામે જે મોટો ઘાસનો ઢગલો છે તેમાં હું સંતાઈ જઈશ.

પં.રાજપદ્મ વિજયજી

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૨૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૨૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૬૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૬૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૫૫૦**
સીંગતેલ ૧૫ લી.૧૪૩૦
સીગતેલ ૫ લી. ૪૮૫
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૩૦
વનસ્પતિ ઘી ૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૨૪૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ.** ૩૩૦૦-૩૪૦૦
**ખાંડ એમ.** ૩૫૦૦-૩૬૦૦
ખાંડએલ. ૩૬૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૩૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૨૦૦-૪૦૦
મરચાં ૭૦૦-૮૦૦
લીંબુ ૫૦૦-૧૧૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૨૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૩૬૦-૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૮૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ...............ઉ.વ.
પરિચયઃ .....................................................
સરનામુ : ...................................................
મોકલનારની સહી : ........................................

## એટીએમનો પિન જાણી છેતરપિંડી કરતાં ૪ શખસની અટકાયત

હિંમતનગર

હિંમતનગરના રહીશ સાથે થયેલી રૂ. ૮૪,૯૯૩ની બેંક એકાઉન્ટમાંથી ઓનલાઇન ટ્રાન્સફરની છેતરપિંડીનો ગુનો નોંધાતા ચાર મહિનાની મહેનતને અંતે સાયબર ક્રાઇમ માટે કુખ્યાત બની ગયેલા ઝારખંડના જામતારામાંથી સાયબરક્રાઇમના રીઢા આરોપીને ઝડપી પાડી છેતરપિંડીના રેકેટમાં સામેલ સુરતના અન્ય ત્રણ શખસોની અટકાયત કરવામાં સફળતા મળી હતી. આ શખસો લોકો પાસેથી એટીએમનો પીન નંબર મેળવી મોબાઇલ વોલેટમાં નાણાં ટ્રાન્સફર કરી પોતાનુ કમીશન લઇ વેસ્ટ બેન્ગાલના આસન સોલની બેંકોના અલગ અલગ એકાઉન્ટમાં જમા કરાવી દેતા હતા. પૂછપરછમાં ૧૦૦થી વધુ લોકો સાથે રૂ. ૫૦ લાખની છેતરપિંડી આચરી હોવાનું ખૂલવા પામ્યુ છે.

## વડનગરમાં દારૂડિયાએ ગાડી ગેરેજના શેડમાં ઘૂસાડી દીધી

વડનગર

વિસનગરના કિરણજી ઠાકોર ટવેરા ગાડી નં જી.જે.૯ બીબી૬૯૮૭ લઈને મિત્રો સાથે વિસનગરથી વડનગર આવી રહ્યો હતો.જ્યાં વડનગરના નવા ડેપો નજીક ત્રણ રસ્તા પાસે ગાડી પર કાબુ ગુમાવતાં ગાડી પાણીની ટાંકી સાથે અથડાઈને હોટલના એલીવેશન સાથે ટકરાઈ બાજુમાં પડેલી કાર સાથે ટકરાતાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.ટક્કર મારી ગાડી સીધી બાજુમાં આવેલી ગેરજના શેડમાં ઘૂસી જતાં તેનો થાંભલો તૂટી ગયો હતો.ગાડીની ટક્કરથી વીજથાંભલો પણ પડી ગયો હતો.લોકોએ ગાડીના ચાલકને ઝડપી તપાસ કરતાં ચાલક કિરણ પીધેલી હાલતમાં હોઈ પોલીસને જાણ કરી હતી.પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## મહેસાણા સરસ્વતી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સકસેસ વિદ્યા વિજ્ઞાન પ્રદર્શન

મહેસાણા. રવિવારના રોજ સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સકસેસ વિદ્યા વિભાગ-૨ વિજ્ઞાન પ્રદર્શન થકી વિદ્યાર્થીઓમાં રહેલ આંતરિક શક્તિઓ બહાર લાવવા અને વિજ્ઞાનદિનની ઉજવણીના ભાગ રૂપે સરસ મજાનું આયોજન કરેલ.જેમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા ટ્રસ્ટીગણ, વાલીગણ અને શુભેચ્છકમિત્રો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને માવ્યો અને બિરદાવ્યો જેમાં પર્યાવરણ આધ્યાત્મીક કલાપ્રદર્શન ,વિજ્ઞાનના પ્રયોગ યાંત્રિક વિજ્ઞાન તેમજ ખાણી પીણીના સ્ટોલનું આયોજન કર્યું હતું.

## ઝાંઝરીમા બે યુવાનોના ધોધમાં પડી જવાથી અને ડૂબી જવાથી મોત

બાયડ/ મોડાસા

અમદાવાદથી ફરવા ગયેલા બે યુવાનોના ધોધમાં પડી જવાથી અને ડૂબી જવાથી મોત નિપજ્યા છે. બંને યુવાનો શાહપુરના રહીશ છે. હાલ ઝાંઝરીમાંથી બંનેના મૃતદેહ કાઢીને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામા આવ્યા છે. ઘટનાને પગલે ફરવા આવતા સહેલાણીઓમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

**બંને મિત્રો અમદાવાદ** નિલેશ પરમાર અને જિતેન્દ્ર પરમાર નામના બે યુવાનો ઝાંઝરી ધોધમાં પડી જતાં મોતને ભેટ્યા છે. રવિવારની રજાના દિવસે બનેલા દુઃખદ બનાવથી બંને પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

## જવાહર નવોદય વિદ્યાલય ધોરણ-૯ ની પ્રવેશ પરિક્ષા યોજાશે

પાટણ

જવાહર નવોદય વિદ્યાલય ધોરણ-૯ લેટ્રલ એન્ટ્રી પરીક્ષા-૨૦૧૮ માટેના ઓનલાઇન ફોર્મ ૧લી માર્ચ ૨૦૧૮ થી શરૂ થઇ ગયા છે. ધોરણ-૮ માં ભણતા પાટણ જિલ્લાના ઉમેદવારોને નીચે દર્શાવેલ વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ www.nvsad-missionclassnine.in ભરી શકાશે. દર્શાવેલ વેબસાઇટ પરથી ઉમેદવાર પોતે આ ફોર્મ ઓનલાઇન ભરી શકશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૫-એપ્રિલ-૨૦૧૮ છે. પરીક્ષા તારીખ ૧૯-મે-૨૦૧૮ શનિવારે (૧૦ AM થી ૧૨-૩૦ PM લેવામાં આવનાર છે. તેમ જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યશ્રીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ધાનેરા** | મગ | ૭૦૦-૮૯૦ |
| જીરૂ | ૨૩૦૦-૨૬૦૫ | મઠ | ૪૦૦-૫૬૦ |
| એરંડા | ૭૭૫-૭૯૩ | ગવાર | ૭૫૧-૭૯૪ |
| રાયડો | ૬૫૦-૭૨૮ | | **રાહ** |
| સુવા | ૯૬૭ | રાયડો | ૬૮૦-૭૧૦ |
| રાજગરો | ૬૫૧-૭૭૫ | એરંડા | ૭૮૦-૭૯૦ |
| બાજરી | ૨૩૬-૨૭૫ | બાજરી | ૨૬૦-૨૯૦ |
| ગવાર | ૭૮૨-૮૦૦ | | **પાટણ** |
| અન્ય | ૭૧૫-૭૯૧ | જીરૂ | ૨૨૦૦-૨૮૦૦ |
| | **સિદ્ધપુર** | વરી. | ૧૦૬૦-૧૫૨૫ |
| એરંડા | ૭૫૦-૮૧૩ | મેથી | ૪૦૦-૫૯૦ |
| રાયડો | ૬૦૦-૭૬૧ | સુવા | ૯૩૨ |
| ઘઉં | ૩૨૩-૩૬૦ | રાયડો | ૬૨૫-૭૫૧ |
| જવ | ૨૮૦ | એરંડા | ૭૫૦-૮૦૪ |
| ગવાર | ૭૭૬-૮૧૦ | અજમો | ૮૦૦-૧૦૧૨ |
| બાજરી | ૨૦૦-૨૫૨ | ઘઉં | ૩૨૦-૩૫૮ |
| જુવાર | ૭૦૦-૮૫૧ | બાજરી | ૨૨૦-૨૫૨ |
| કપાસ | ૮૩૫-૧૦૬૫ | જુવાર | ૮૧૦ |
| | **થરાદ** | અડદ | ૭૦૦-૭૫૦ |
| રાયડો | ૭૦૦-૭૩૮ | ગવાર | ૭૪૧-૮૦૦ |
| એરંડા | ૭૮૦-૭૯૭ | કપાસ | ૮૧૨-૧૦૨૭ |
| જીરુ | ૨૦૦૦-૨૭૮૦ | | |

ગુજરાતની ભૂમિ ઉપર સૌપ્રથમવાર યોજાતા

## ઈન્ટરનેશનલ કક્ષાના સાઉથ એશિયન યુનિવર્સિટીઝ ફેસ્ટિવલ 'સોફેસ્ટ: ૨૦૧૮' નો ગણપત યુનિવર્સિટીના આંગણે પ્રારંભ



મહેસાણા

એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ એઆઈયુ દ્વારા નિયમિત રીતે દર વર્ષે યોજાતા યુનિવર્સિટી કક્ષાના યુવાન વિદ્યાર્થી કલાકારો માટેના સાંસ્કૃતિક ઉત્સવ- સાઉથ એશિયન યુનિવર્સિટીઝ ફેસ્ટિવલ- 'સોફેસ્ટ:૨૦૧૮' નો ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાયેલા ઉદ્‌ઘાટન સમારંભ સાથે ભારે ઉત્સાહ અને ઉમંગભેર પ્રારંભ થયો હતો.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ ઓ.પી. કોહલી, મહેસાણા ઓએનજીસી એસેટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર વિનય પંડ્યા, ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અને પેટ્રન- ઈન- ચીફ ગણપતભાઈ પટેલ, એઆઈયુના જોઈન્ટ સેક્રેટરી સેમ્પસન ડેવિડ, યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ.મહેન્દ્ર શર્મા, પ્રો.વાઈસ ચાન્સેલર પ્રો.ડૉ.આર.કે.પટેલ, રજિસ્ટ્રાર ડૉ.અમિત પટેલ જેવા મહાનુભાવોએ દીપ - પ્રાગટ્ય દ્વારા ફેસ્ટિવલનું મંગલાચરણ કર્યું હતું.

'સોફેસ્ટ' ની ઉજવણીમાં સહભાગી થવા સાઉથ એશિયન દેશોમાંના અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, નેપાલ, શ્રીલંકા અને મોરેશિયસની મળીને ૨૫ જેટલી યુનિવર્સિટીઝના ૨૨૫ જેટલાં અને ભારતભરની ૪૦ જેટલી યુનિવર્સીઝના ૨૦૦ થી વધારે યુવાન વિદ્યાર્થી કલાકારો ગણપત યુનિવર્સિટીના મહેમાન બન્યા છે. તો ગણપત યુનિવર્સિટીના વાર્ષિક યુથ ફેસ્ટિવલ 'સતરંગ' મા ભાગ લેનાર ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સહિત સેંકડો વિદ્યાર્થીઓ, યુનિ.ના વિવિધ વિદ્યા શાખાના ડીન, આચાર્યો, વિભાગીય વડાઓ, પ્રાધ્યાપકો અને સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવો સહિત હજારોની સંખ્યામાં લોકોએ ઉદ્‌ઘાટન સમારોહમાં હાજર રહી અવસરને વધુ ઉત્સાહ અને ઉમંગથી છલકાવી દીધો હતો.

ઉદ્‌ઘાટન સમારોહ પહેલા યુનિ.ના કેમ્પસમાં જ વિવિધ દેશોમાંથી અને ભારતભરમાંથી આવેલા વિદ્યાર્થીઓએ પોતપોતાની કલાનું પ્રદર્શન કરતા પ્રોસેશને પણ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ રાજ્યપાલ ઓ.પી. કોહલીજીએ રાજ્યમાં પ્રથમવાર યોજાતા આ 'સોફેસ્ટ' સાંસ્કૃતિક મેળાના અવસરને ગુજરાતના ગૌરવ તરીકે નવાજ્યો હતો અને જણાવ્યું હતું કે સમાજમાં સંવાદિતા, એકતા અને મધુર સંબંધોના અનુબંધ માટે આવા સાંસ્કૃતિક મહોત્સવો બહુ મહત્વ ધરાવે છે. એમણે યુવા શક્તિને જ દેશના ભાવિના ઘડતરના ટ્રસ્ટીઓ ગણાવ્યા હતા.

આ પાંચ - દિવસીય 'સોફેસ્ટ' યુથ ફેસ્ટિવલમાં આજથી હજુ બીજા ત્રણ દિવસ માટે વિદ્યાર્થીઓ લાઈટ વૉકલ, ક્લાસિકલ ડાન્સ, ફોક ડાન્સ (ગ્રુપ), ફોક ઓરકેસ્ટ્રા, ડિબેટ , ઈલોક્યુશન, ક્લે મોડેલિંગ અને પોસ્ટર મેઈકિંગ જેવી વિવિધ કલા વિદ્યાઓમાં પોતાના શ્રેષ્ઠ પરફોર્મન્સ દ્વારા આ કલા-મહોત્સવની ઉજવણી કરશે અને આ માટે છઠ્ઠી માર્ચ યોજાનારા સમાપન સમારોહમાં એમને સર્ટીફિકેટ ઑફ એપ્રિસિએશન' જેવી સન્માનથી નવાજવામાં આવશે.

'સોફેસ્ટ: ૨૦૧૮' ની ઉજવણીમાં છોગારૂપ કહેવાય એવા ત્રણ કિ- પરફોર્મન્સીઝનું પણ ગણપત યુનિવર્સિટી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, તા. ૩ ની રાત્રે ૮ વાગ્યે દેશના જાણીતા બેન્ડ 'મેઘધનુષ' નો રોક એન્ડ રોલ શો યોજાયો હતો. તો રવિવારે રાત્રે આઠ વાગ્યે ખ્યાતનામ કલાકારો સુગંધા મિશ્રા અને અનાડી મિશ્રાનો લાઈવ કોન્સર્ટનું આયોજન થયુ છે. તા. પાંચમીની સાંજે ૮ વાગ્યે 'મનમોર બની થનગનાટ' ફેઈમ ગુજરાતના સુખ્યાત ગાયક શ્રી ઓસમાન મીરના લાઈવ- ઈન-કોન્સર્ટનું આયોજન કરાયું છે.

'સોફેસ્ટ-૨૦૧૮' ના સમગ્ર આયોજનને તેની શ્રેષ્ઠ કક્ષાએ સફળ અને સાર્થક બનાવવા માટે સોફેસ્ટ ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરીઝ ચિરાગ પટેલ અને પ્રો.રાજન પુરોહિત ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## સસ્તા અનાજની દુકાનોના સંચાલકોએ વિવિધ માગણીઓના પ્રશ્ને આવેદનપત્ર આપ્યું



ચાણસ્મા

ગુજરાતમાં સસ્તા અનાજની દુકાનો દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા સંભાળતા વ્યાજબી ભાવની દુકાન ડીલરોના કમીશન વધારા સહિતની પડતર માગણીઓ અને તાજેતરમાં આધાર એનેબલ ફિંગરપ્રિન્ટ મિસમેચ જેવી ટેકનીકલ જ્ઞાતિઓના કારણે થતા ગ્રાહકો સાથેના સંઘર્ષ વગેરે કારણે તા. ૨૬/૨/૨૦૧૮ ના રોજ રાજ્ય એફ.પી.એસ.ઓ. ની બેઠકમાં માગણીઓ નહી સંતોષાતાં તા. ૧/૩/૨૦૧૮ થી વિતરણ બંધ રાખવા બહુચરાજી તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનો અચોક્કસ મુદત માટે બંધ રાખી માગણીઓ બાબતે બહુચરાજી તાલુકા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જે મુજબ તા. ૧ લી માર્ચથી તમામ દુકાનો ઉપર ઉકેલ ન આવે ત્યાં સુધી તમામ પુરવઠો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. જેના પરિણામે લોકોને રેશનનો જથ્થો ન મળવાને કારણે માઠી અસર થઈ છે. તાલુકાભરના બી.પી.એલ. લાભાર્થીઓ પણ ચોખા, ઘઉં સહિતની જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓથી વંચિત રહેશે. બહુચરાજી સસ્તા અનાજના સંચાલકોના મંડળના પ્રમુખ પરમાર રમેશભાઈ કમાભાઈએ આ હડતાલ ૧૦૦ ટકા સફળ રહી હોવાનો દાવો કર્યો હતો.

## રાધનપુર નગરપાલિકા દ્વારા વેરા બાકીદારોને પાણીના કનેકશન કાપી નાંખવાની ચીમકી

*મોટા બાકીદારો જલસા કરે છે, નાના બાકીદારો સામે તવાઈ*



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર નગરપાલિકાના કોંગ્રેસના નવા સત્તાધીશો માર્ચ એન્ડિંગ હોવાથી વેરા વસુલાત માટે સાબદા બન્યા છે,અને વેરા વસુલાત માટે સાત ટીમો બનાવીને ઘેર-ઘેર અને દુકાને-દુકાને ફરીને વેરા વસુલાત કરી રહ્યા છે.પ્રમુખ કમુબેન ભુરાભાઇ ઠાકોર અને ચીફ ઓફિસર રૂડાભાઈ રબારીએ સોમવારે પત્રિકા બહાર પાડીને બાકીદારોને વેરો ભરી જવા અપીલ કરી છે,અને જે મિલકતોનો એક વર્ષથી વધુ વેરો બાકી હશે તો બાકીદારોની યાદી સોશિયલ મીડિયા ઉપર જેવા કે ફેસબુક,વૉટ્સએપ અને ટી.વી. તથા ન્યૂઝપેપરમાં પ્રસારિત કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામા આવી છે. કડકાઈના ભાગરૂપે મિલ્કતોને સીલ કરવા તેમજ પાણીના કનેકશનો કાપી નાખવાની પણ ચીમકી ઉચ્ચારવામા આવી છે.જો કે આવી કડકાઈ નાના બાકીદારો ઉપર જ બતાવવામાં આવે છે, અને જે લોકો વર્ષોથી વેરો નથી ભરતાં અને જેમની બાકીનો સરવાળો કરવા જાય તો તે લાખો રૂપિયા ઉપર જાય તેમ છે,જેથી આવા રીઢા બાકીદારો ઉપર કડકાઈ વાપરવામાં આવે તો પાલિકાની અડધી સમસ્યા આપો-આપ ઉકલી જાય તેમ છે.

નગરપાલિકાની હદમાં હાલમાં ૧૭૮૦૦ જેટલી કાયદેસર મિલ્કતો નોંધાયેલી છે.જેમનો કુલ વેરો રૂ.૩.૨૮ કરોડ જેટલો બાકી બોલે છે,જેમાંથી પાલિકાના દ્વારા તા.૨૮ ફેબ્રુઆરી સુધીમાં રૂ.૯૬ લાખ જેટલો વેરો ઉઘરાવવામાં આવ્યો છે.અને હાલમાં સાત ટીમો બનાવીને વેરાની વસુલાત પૂર જોશમાં ચાલી રહી છે.અગાઉ ભાજપની બોડી દ્વારા પણ વેરાવસુલાતની કડકાઈ માટે કઠોર પગલાં ભરવામાં આવ્યા હતા,અને મોટા બાકીદારોના નામો હાઈવે ચાર રસ્તા પાસે બોર્ડ ઉપર લખીને મુકવામાં આવ્યા હતા,તેમ છતાંય જે રીઢા બાકીદારો છે તેમને ખાસ કોઈ ફર્ક પડ્યો નહતો.કોંગ્રેસની નવી બોડી ઉત્સાહી છે અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોર જેવા નીડર નેતાનો સાથ મળ્યો છે,ત્યારે રીઢા બાકીદારો ફરતે સકંજો કસીને વેરો વસુલવામાં આવે તો એ રકમ જોતજોતામાં કરોડનો આં-કડો વટાવી જાય તેમ છે.

**મિલ્કતો સીલ કરવામાં આવશે**

પાલિકાના નવ નિર્વાચિત પ્રમુખ કમુબેન ભુરાભાઇ ઠાકોરે જણાવ્યું હતું કે પાલિકા દ્વારા વેરા વસુલાતની ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે.મોટા બાકીદારોને પણ આ વખતે છોડવામાં આવશે નહિ,ચાહે તે કોંગ્રેસના હોય કે ભાજપના.બાકીદારોને ત્રણ નોટિસ આપવામાં આવશે,તેમ છતાંય જો વેરો નહિ ભરાય તો મિલ્કતો સીલ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.વેરા વસૂલાતમાં કોઈપણ રાજકીય દબાણને વશ નહિ થવાય.

**સોમવારથી વેરા વસૂલાતમાં કડકાઈ**

પાલિકાના વેરાવસુલાત ઈન્સ્પેક્ટર પ્રકાશભાઈ ગોસ્વામીના જણાવ્યા મુજબ વેરા વસુલાત માટે સોમવારથી કડકાઈપૂર્વક કામગીરી ચાલુ કરવામાં આવી છે.જે કોઈ બાકીદારોએ વેરો નહિ ભર્યો હોય તેમના પાણીના કનેકશન પણ કાપી નાખવામાં આવનાર છે.આ માટે પત્રિકા દ્વારા લોકોને જાણ કરવામાં આવી છે.એક વર્ષથી વધુ સમયથી વેરો બાકી હશે તો એક અઠવાડિયામાં વેરો ભરી જવો પડશે.

## પાટણ જિલ્લામાં દર વર્ષે ૧૭૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઉનાળુ વાવેતર

પાટણ

પાટણ જિલ્લામાં દર વર્ષે ૧૭૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઉનાળુ વાવેતર થાય છે. જેમાં ખેડૂતો પશુપાલન માટે ઘાસચારામાં ઉપયોગમાં લેવા ઉનાળુ બાજરી, જુવાર, ઘાસચારો, રજકા બાજરી જેવા પાકોનું વધારે પ્રમાણમાં વાવેતર કરે છે. સમી-શંખેશ્વર વિસ્તારની જમીન ભાસ્મિક અને કાળી હોવાથી આ વિસ્તારના ખેડૂતો ઉનાળુ વાવેતરમાં ઓછો રસ દાખવતાં હતા. જ્યારે રાધનપુર અને સાંતલપુર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ન હોવાથી આ વિસ્તારના ખેડૂતો પણ ઉનાળુ ખેતી ઓછા પ્રમાણમાં કરતા હતા પરંતુ નર્મદાના પાણીની સિંચાઈ માટે સુવિધા શરૂ થતા ખેડૂતો ઉનાળુ ખેતી તરફ વળ્યા હતા પરંતુ આ વખતે પાણીની તંગીના કારણે કેનાલમાં સિંચાઈ માટે પાણી મળી શકે તેમ ન હોવાથી ખેડૂતો ઉનાળુ પાકોનું વાવેતર કરવામાં મૂંઝવણ અનુભવી રહ્યા છે.

હાલમાં ઉનાળુ બાજરી ૨૨૨૩ હેક્ટર વિસ્તારમાં જુવાર, ઘાસચારો ૨૪૯૭ અને રજકા બાજરી ૮૨૭ વિસ્તારમાં વાવેતર થયેલું છે. સિંચાઈ માટે પાણીની તંગીના કારણે ઉનાળુ તલ, મગ, ગવાર જેવા પાકોનું વાવેતર હજુ સુધી શરૂ થયું નથી. પાણીના અભાવના કારણે ખેડૂતો જોખમ ઉઠાવે તેવી શક્યતા ઓછી છે અગાઉના વર્ષોમાં ગવારના ઉંચા ભાવના કારણે જિલ્લામાં ૪૦૦૦ હેક્ટર આસપાસના વિસ્તારમાં વાવેતર થયું હતું. જ્યારે આ વખતે ગવારનું વાવેતર હજુ શરૂ થયું નથી.

## રાધનપુરમાં યુ.જી.વી.સી.એલ.નો લોકદરબાર યોજાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં યુ.જી.વી. સી. એલ.ની પાલનપુર વર્તુળ કચેરી અને રાધનપુર વિભાગીય કચેરી દ્વારા સોમવારે કચેરીના પ્રાંગણમાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં રાધનપુર, સાંતલપુર, સુઈગામ, ભાભર,દિયોદર તાલુકાઓના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની રજૂઆતો કરી હતી,જેનો અધિકારીઓ દ્વારા સાનુકૂળ નિકાલ કરાયો હતો.ખેડૂતોએ ગામ કે પોતાની વીજળીને લગતી સમસ્યાઓ રજુ કરી હતી. આ પ્રસંગે મહેસાણાના ચીફ એન્જીનીયર એ.કે.મંગલ, પાલનપુરના સુપ્રિ.એન્જીનીયર એલ.એ.ગઢવી,કાર્યપાલક ઈજનેર જી.ડી.પટેલ અને જે. એલ.રાઠોડ, ડેપ્યુટી એન્જીનીયર બી.એસ.પટેલ તેમજ અધિકારીઓ ઉપસ્થિર રહ્યા હતા.

## સૂરપુરા માઈનોર કેનાલમાં પુરતું પાણી છોડવામાં ન આવતાં છેવાડાના ખેડૂતો સિંચાઈથી વંચિત

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના ખાંભેલ ગામની સીમમાંથી પસાર થતી સુરપુરા માઈનોર કેનાલમાં પૂરતું પાણી છોડવામાં નહીં આવતાં છેવાડાના ખેડૂતોના ખેતર સુધી પાણી નહીં પહોંચતા પાક સુકાઈ ગયો છે. બીજી બાજુ કેનાલની કુંડી નીચે હોલ પાડીને ખેડૂતો પાણીની બેફાક ચોરી કરતા હોવા છતાં નર્મદા વિભાગ દ્વારા આંખ આડા કાન કરવામાં આવતાં હોઈ તંત્ર સામે રોષ ભભૂકી ઉઠ્યો છે.

ખાંભેલ ગામના જયપ્રકાશ કાનજીભાઈ પટેલ અને રામુભાઈ લાલભાઈ દેસાઈએ નર્મદાની કચ્છ શાખા જાહેર વિભાગ નં.૧/૫/ ના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે ખોરસમથી નીકળતી બોલેરો બ્રાન્ચ કેનાલમાંથી નીકળતી સુરપુરા માઈનોરમાંથી ભાટસર, ઈટોદા અને ખાંભેલ ગામના ખેડૂતો કેનાલમાં આડશો મૂકી પાણી ખેંચી લે છે. જેના કારણે કેનાલના છેડે પાણી પહોંચતું જ નથી. અંબાણ ગામ તરફની ૧૧ થી ૧૬ નંબરની લાઈનમાં છેલ્લા દોઢ મહિનાથી પાણી બંધ છે. જેના કારણે ખેડૂતોનો ઉભો પાક સુકાઈ ગયો છે. જ્યારે બીજી બાજુ સુરપુરા માઈનોર કેનાલની કુંડીઓની નીચે હોલ પાડી કેટલાક ખેડૂતો પાણી ચોરી લે છે. આ બાબતે કચેરીનું ધ્યાન દોરતાં કચેરી પાણી સમિતિની જવાબદારી હોવાનું કહી હાથ અધ્ધર કરી રહી છે. હકીકતમાં આ ગામે નર્મદાની પાણી સમિતિને આખો કોઈ વહીવટ

આજદિન સુધી સોંપાયા નથી. કુડી નીચે હોલ પાડતાં કેનાલને પણ નુકસાન થયું છે. જ્યારે સુરપુરા માઈનોર કેનાલની ઘીસી સાળ સાંકડી હોઈ પાણી પણ ઓછું મળે છે. નુકશાનનો ભોગ તો ખેડૂતો જ બની રહ્યા છે. આ મામલે તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં નહી આવે તો મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## પાટણ જિલ્લામાં માર્ચ-૨૦૧૮ દરમ્યાન રોજગાર કચેરી, પાટણ દ્વારા નામ નોંધણી કેમ્પનું આયોજન

પાટણ

પાટણ જિલ્લામાં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુઅલઅને વ્યવસાય માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયું છે. તો રોજગાર વાચ્છું ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુઅલ અને વ્યવસાય માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ.

તા.૧૨/૦૩/૨૦૧૮ – તાલુકા પંચાયત કચેરી, સિધ્ધપુર

તા.૧૪/૦૩/૨૦૧૮ – તાલુકા પંચાયત કચેરી, ચાણસ્મા

તા.૧૭/૦૩/૨૦૧૮ – તાલુકા પંચાયત કચેરી, સાંતલપુર

તા.૨૨/૦૩/૨૦૧૮ – તાલુકા પંચાયત કચેરી, રાધનપુર

તથા જો જાહેર રજા હોય તો તે પછીના સરકારી કામકાગના ચાલુ દિવસે કેમ્પ યોજાશે. તેમજ નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો અનામત જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીશ્રીનો જાતિનો દાખલો, શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો અને પ્રમાણિત કરેલ તમામ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ, ઈ મેઈલ આઈડી તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ સાથે લાવવા જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું.

# પાલનપુરમાં કુટણખાનું ચલાવનારા પાંચ આરોપીઓને અઢી વર્ષની સજા

**પાલનપુરની ત્રીજી જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટનો ચૂકાદો**

પાલનપુર

પાલનપુરમાં આકેસણ વિસ્તારમાં આવેલી એક સોસાયટીના મકાનમાં ચાલતા કુટણખાનાનો વર્ષ ૨૦૧૬માં એલસીબી પોલીસે પર્દાફાસ કર્યો હતો. આ અંગે પશ્ચિમ પોલીસ મથકમાં પાંચ આરોપીઓ સામે ગૂનો નોંધાયો હતો. દરમિયાન આ કેસ પાલનપુરની જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે સોમવારે પાંચેય આરોપીઓને અઢી વર્ષની સખ્ત સજા ફટકારી હતી. જેના પગલે ગેરકાયદે પ્રવૃતિઓ આચરતા શખ્સોમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

પાલનપુરમાં માર્ચ ૨૦૧૬માં ઝડપાયેલા કુટણખાનાની વિગતો એવી છે કે, શહેરના રહેણાંક એવા આકેસણ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં મકાન ભાડે રાખી કુટણખાનુ ચાલતું હોવાની બાતમી પોલીસે ડમી ગ્રાહક મોકલી ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાંથી કુટણખાનુ ચલાવતો ડીસાનો મનોજકુમાર પુનમચંદ ઠક્કર તેની પત્ની શબાના મોહતાલેપ કસીમ મુસલમાન (ગાજી) તેમજ બહારથી યુવતીઓ લાવનાર બાંગ્લાદેશના નોરાઈલ જિલ્લાના ચાતપુરના જીબન અહેમદ મુસલમાન, ગ્રાહક મુળ ભાભર અને તે સમયે ડીસા કૈલાસનગરનો નિતેશકુમાર જગદીશભાઈ ઠક્કર, ઉત્તર પ્રદેશના બનારસના મદનકુમાર બચ્ચાલાલ યાદવને ઝડપી લીધા હતા. જેમની સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ગૂનો નોધાયો હતો. દરમિયાન આ કેસ પાલનપુરની ત્રીજી એડી. સિવિલ જજ અને જ્યુ. મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં

અનુસંધાન પાના નં.૬

# ભાભરમાં બંધ દુકાનમાં આગ ભભૂકી



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભરમાં ગતરાત્રે એક દુકાનમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી, અન્ય દુકાનોમાં આગ ફેલાય તે પહેલા પોલીસે આવીને પાણીનો મારો ચલાવતા આગ બુઝાઈ જતાં હાશકારો થયો હતો.

ભાભરમાં આવેલ આઝાદ ચોકથી આગળના સોની બજારના નાકે આવેલ એક બંધ દુકાનમાં રાત્રે અચાનક આગ લાગતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. અને દોડધામ મચી ગઈ હતી. પોલીસને જાણ કરાતા પોલીસ ઘટના સ્થળે આવીને પાણીનો મારો ચલાવતા આગ બુઝાઈ ગઈ હતી. પોલીસની સમય ચૂચકતાથી અન્ય દુકાનો આગથી બચી જતાં વેપારીઓમાં હાશકારો થયો હતો.

# થરાદના ભોરલ ગામે પત્નીની હત્યાના આરોપમાં તેના પતિની અટકાયત

**પતિ, સાસુ તથા દિયર સામે હત્યાનો ગુનો દાખલ થવા પામ્યો હતો**

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના ભોરોલ ગામની જસ્માબેન દલિત નામની ૨૩ વર્ષીય યુવતી તેના પતિ ખુમાભાઇ સોનાભાઇ સુવરને તે ગમતી નહી હોઇ મારકુટ કર્યા બાદ હોળીની રાતે અથવા તો ધુળેટીના સવારે તેને મારી નાંખી પછી કેરોસીન છાંટી સળગાવવીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હોવાની ફરીયાદ યુવતીના પિતાએ થરાદ પોલીસ દફતરે નોંધાવી હતી. આથી ઇન્ચાર્જ પી.આઇ. બી આર પટેલે તેણીના પતિ ખુમાભાઇને ઝડપી લઇ જેલ હવાલે કર્યો હતો. તેમજ અન્ય મદદગાર આરોપીઓ તેણીની સાસુ તથા દિયરને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી.



# ભાભરની વડપગ - ઈન્દરવા કેનાલમાંથી પુરૂષની લાશ મળતા અરેરાટી



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના વડપગ-ઈન્દરવા ગામ પાસેથી પસાર થતી કેનાલમાંથી એક પુરૂષની લાશ મળી આવતા પંથકમાં અરેરાટી મચી છે.

વડપગ-ઈન્દરવા ગામ પાસેથી પસાર થતી કચ્છ બ્રાન્ચ કેનાલમાંથી વડપગ ગામ નજીકથી કેનાલમાં તરતી એક પુરૂષની લાશ જોવા મળતા અરેરાટી મચી છે. અજાણ્યા પુરૂષની લાશ મળી આવેલ હોવાની જાણ ભાભર પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે દોડી જઈ પંચનામુ કરીને સી.એચ.સી. ખાતે પી.એમ. અર્થે મોકલી આપી હતી.

# ડીસામાં લોનના પૈસાની માંગ કરી જ્ઞાતિ અપમાનિત મામલે ફરિયાદ

ડીસા

ડીસાના શખ્સે ફ્રીજ માટે લોન લીધી હતી. લોન પુરી કરી દીધી હોવા છતાં તેમના મોબાઈલ ફોન આવ્યો હતો. જેમાં તેઓએ દિલ્હી હાઈકોર્ટ કમ્પ્લેન્ટ ડિપાર્ટમેન્ટમાં તેઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હોવાનું જણાવ્યું હતું. બાદમાં બજાજ ફાઈનાન્સ કંપનીના વ્યક્તિ તેઓને મળવા આવ્યા હતા. જેઓએ તેમને જ્ઞાતિ અપમાનિત શબ્દો કહી તમને હવે લોન નહીં મળે કહી જાનથી મારી નાખવા મામલે ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ ડીસા ના શંતોષી માતા ના મંદિર પાસે રહેતા દિલીપ કુમાર રતિલાલ ધર્માણીએ ડીસા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી ફરિયાદ મા તેઓએ જણાવ્યું હતું કે ૨૦૧૫ માં તેઓએ ડીસાના વેલકમ એપલાયનસી દુકાન માંથી ફ્રીઝ લીધું હતું રૂપિયા ૧૭૨૯૦ ના રોકડની સામે તેઓએ રૂપિયા ૫૬૬૪ રોકડ ચૂકવ્યા હતા. જ્યારે રૂપિયા ૧૧૬૨૬ ની બજાજ ફાઈનાન્સની લૉન કરાવી હતી લૉન પેટે તેઓએ દરમાસે ૧૪૧૬ ના હપ્તા કરાવ્યા હતા આ તમામ લોન તેઓએ ભરપાઈ કરી દીધી હતી બાદ મા ગત ૮ /૯/ ૧૭ ના રોજ તેમના મોબાઈલ પર ફોન આવ્યો હતો અને તે દિલ્લી હાઈકોર્ટના કમ્પ્લેન ડિપાર્ટમેન્ટ માંથી જબરસિંહ બોલું છું તેમ કહી તમારા પર દિલ્હી હાઈકોર્ટ મા ફરિયાદ થયેલ છે તેમ જણાવ્યું હતું જેથી તેઓ એ દિલ્લી હાઈકોર્ટ ના નામે ઉઘરાણી બાબતે પૂછી તેઓએ બજાજ ફાઈનાન્સના સ્થાનિક વ્યક્તિને મળવા જણાવ્યું હતું અને તેઓને મામલતદાર

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજના થરા નજીક ધનસરી વિસ્તારમાં ખેતરની વાડમાં આગ લાગી



(યશપાલસિંહ ટી. વાઘેલા)

(તા.પ્રતિ.) થરા

જાણવા મળેલી વિગતો નુસાર કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ધનાસરી વિસ્તારમાં ગઈકાલે બપોરના સુમારે વાઘેલા મેરૂભાના ખેતરની વાડમાં અચાનક કોઈ કારણોસર આગ લાગી હતી આ બનાવના પગલે થરા પાલીકાના ફાયર ફાઈટરને જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે ફાયર ફાઈટર પહોચી આગ પર કાબુ મેળવ્યો હતો. જેનાથી મોટી જાનહાનિ થતા ટળી હતી.

# દીઓદર તાલુકા સંઘમાં ચેરમેન અને વાઈસ ચેરમેન બિનહરીફ



(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકા ખરીદ વેચાણ સંઘના તમામ ડીરેક્ટરોની બિનહરીફ વરણી થયા બાદ આજરોજ તાલુકા સંઘના સભા ખંડમાં પ્રાંત અધિકારીશ્રી એ.ડી.ચૌહાણના અધ્યક્ષસ્થાને તાલુકા સંઘના નવ નિયુક્ત ડીરેક્ટરોની બેઠક મળેલ જેમાં ચેરમેન-વાઈસ ચેરમેનની ચુંટણીનો મુખ્ય એજન્ટા હતો.જેને તાલુકા સંઘના મેનેજર ડીલાવરખાન દૈયાએ રજુ કરેલ.

જેમાં ચેરમેન તરીકે વર્તમાન ચેરમેન ઈશ્વરભાઈ તરક અને વાઈસ ચેરમેન પદે વનરાજસિંહ બી.વાઘેલા એકમાત્ર ઉમેદવાર તરીકે દરખાસ્ત થતાં બંન્નેને બિનહરીફ જાહેર કરવામાં આવેલ અને સૌએ બંનેને ફુલહારથી વધાવી લીધેલ.

ત્યારબાદ યોજાયેલા સમારોહમાં વિવિધ વક્તાઓએ ચેરમેન ઈશ્વરભાઈ તરકે સંઘનું સુકાન સંભાળ્યા બાદ સંઘનો થઈ રહેલ વિકાસને આવકારેલ અને જેના ફળ સ્વરૂપ આજે સંપૂર્ણ સમિતિ અને ચેરમેન - વા.ચેરમેન બિનહરીફ થવા પામેલ છે.તેમણે જણાવેલ કે તેમના સુકાની પદ હેઠળ સંઘ હજુ પણ પ્રગતિમય બની રહેશે. ચેરમેન તરીકે વરાયેલા ઈશ્વરભાઈ તરીકે સૌનો આભાર વ્યક્ત કરતાં જણાવેલ કે તાલુકાના સહકારી આગેવાનોએ અમારામાં વિશ્વાસ મુક્યો છે. તેને સાર્થક કરી સંઘને સફળતાના શીખરો ઉપર લઈ જશું. આ પ્રસંગે માર્કેટના ડીરેક્ટરશ્રી ભરતસિંહજી વાઘેલા, બનાસબેંકના ડીરેક્ટરશ્રી ઈશ્વરભાઈ ટી.પટેલ, ડેરીના ડીરેક્ટરશ્રી ટી.વી.પટેલ, ભાજપના પ્રમુખ પરાગભાઈ જોષી, તાલુકા

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠાના પોલીસ જવાનો ખાનગી વાહનોના કાચ ઉપર કાળી ફિલ્મ લગાવી ફરતાં હોવાની રાવ

**ખાનગી વાહનો ઉપર પોલીસ લખેલી નેમ પ્લેટનું પણ ચલણ**

પ્રતિ. છાપી

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લાં કેટલાક સમયથી ગુનાહિત પ્રવૃત્તિમાં વધારો થયો છે. આ ગુનાહીત કેસોમાં કેટલાક ગુના ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. જ્યારે અનેક ગુના ઉકેલવામાં પોલીસને ફાંફા મારવા પડી રહ્યા છે. દરમ્યાન પોલીસ જવાનો પોતાની ખાનગી કારોના કાચ કાળા કલરની ફિલ્મો લગાવી જિલ્લા ઉપર એસ.પી. ના આદેશોનું સરેઆમ ઉલ્લંઘન કરતા હોવાની રાવ ઉઠવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓને નેસ્ત નાબૂદ કરવા જિલ્લા એસ.પી. નિરજ બડગુજર દ્વારા અનેક કડક સુચનાઓ આપતા જિલ્લામાં ફરતી કારોના કાચ ઉપર કાળી ફિલ્મ લગાવનારા સામે દંડનાત્મક કાર્યવાહી કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેમાં આમ નાગરિકો સામે કાળી ફિલ્મ લગાવી ફરતાં વાહન ચાલકો સામે કડક કાર્યવાહી જિલ્લા ટ્રાફિક પોલીસ તેમજ પોલીસ દ્વારા કરવામાં આવે છે.

જો કે આ આદેશોનું સરેઆમ ઉલ્લંઘન ખુદ પોલીસ જવાનો કરતા પોતાની ખાનગી કાર સહિતના વાહનોના કાચ ઉપર કાળી ફિલ્મો સાથે 'પોલીસ' લખેલી નેમ પ્લેટો લગાવી ફરતાં હોવાની રાવ ઉઠવા પામી છે. પોલીસ જવાનો ખાનગી વાહનો રોડ વચ્ચે ઉભા રાખી કાયદેસર કાર્યવાહી હાથ ધરતા હોય છે. ત્યારે સ્ટાફ એમ કહેતા પોલીસને બે આંખની શરમ આડે આવી જતાં આવા પોલીસ જવાનોના વાહનો ઉપર કોઈ પણ જાતની દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવતી નથી. જેથી જિલ્લા એસ.પી.આવા ગુનાહિત પ્રવૃત્તિ કરતા પોલીસ કર્મીઓના વાહનો શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરે તેવી જનમાંગ ઉઠી છે.

# કુચાવાડામાં દારૂની રેડમાં નિર્દોષ લોકોની કનડગત

**પોલીસની મિત્રો સાથેની રેડ વિવાદોમાં સપડાઈ**

ડીસા

ડીસા તાલુકાના કુચાવાડા પાસે પોલીસ જવાને તેના મિત્રો સાથે ખાનગી વાહનમાં બાતમી આધારે દારૂની કરેલી 'રેડ' વિવાદોમાં સપડાતા ખુદ પોલીસ સામે આંગળીઓ ઉઠવા પામી છે. આર.આર.સેલ કચ્છ - ભૂજ રેન્જમાં ફરજ બજાવતા પોલીસ જવાન માનસંગભાઈ રત્નાભાઈએ ગત ગુરૂવારની વહેલી પરોઢે મળેલી બાતમી આધારે સાદા ડ્રેસમાં મિત્રોની ખાનગી ગાડીમાં નાકાબંધી ગોઠવી હતી તે દરમ્યાન રાજસ્થાનથી પુના પરિવાર સાથે જતી સ્વીફટ ગાડીને ઊભી રાખવાનો ઈશારો કર્યો હતો. પરંતુ પરિવારના સભ્યો સાદા ડ્રેસમાં પોલીસને ઓળખી ન શકયા અને ગાડી ભગાડી દીધી હતી તે દરમ્યાન પોલીસ જવાને ખાનગી વાહનમાં તેમનો પિછો કરતા પરિવારના સભ્યોને લૂંટનો શક ગયો હતો. ત્યારે ખાનગી વાહનની આડશથી ગાડી ઊભી રહેતા પોલીસ જવાન અને

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી



એન.કે.મોદી

**ત્રણ આરોપીની પણ અટકાયત**

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસે બાતમી આધારે વાલેર રોડ ઉપર નાકાબંધી ગોઠવી રૂા ૪૫, ૬૦૦ નો વિદેશી દારૂ ભરેલી ગાડી સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતા.

ધાનેરા પી.આઈ. આર.કે.પાઠક તથા દિલાવર ખાન, ઈશ્વરભાઈ, હર્ષદભાઈ વગેરે વાલેર ત્રણ રસ્તે રત્રિ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી આધારે સફેદ કલરની ઈકો ગાડી રામપૂરા તરફથી આવતાં તેને રોકાવી આરોપીઓને તેમનું નામ ઠામ પૂછતાં પરેશ ઉર્ફે પારસભાઈ શંકરભાઈ વણજારા (રહે. મેમકો નરોડા રોડ પ્રેમ નગર સોસાયટી, ગુપ્તાડેરીની પાછળ તા.જિ. અમદાવાદ), જગદીશ ભાઈ ભીખાભાઈ ચાવડા (રહે. ઓઢવ રબારી વસાહત, પંચનાથ પાર્ક સોસા યટી, અમદાવાદ), જયંતીભાઈ મગનભાઈ ચાવડા (રહે.ઓઢવ રબારી વસાહત, કરશનનગર, અમદાવાદ) જણાવેલ તેમની અટક કરી ગાડીની તલાસી લેતાં ગાડી મારૂતિ સુઝુકી ઈકો ૫ સ્ટાર કંપનીમાંથી, વિદેશી દારૂ બિયર બોટલ નંગ - ૧૨ ટીન નં.૪૫૬ કિંમત રૂા.૪૫, ૬૦૦ તથા ૩ લાખની ગાડી સાથે કબજે લઈ વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

### ડીસા રેલવે સ્ટેશન પર ભિક્ષુકનું મોત



ભરત સુંદેશા

ડીસા

ડીસાના રેલવે સ્ટેશન પર એક ભિક્ષુકનું મોત થયું હતું. જે બાબતે રેલવે વિભાગે ડીસા દક્ષિણ પોલીસને જાણ કરી હતી. પોલીસએ ભિક્ષુકના મૃતદેહને પી.એમ અર્થે ડીસા સિવિલ ખસેડેલ. જોકે, બીમારીના લીધે થયું. ભિક્ષુકનું મોત થયું હોવાનું અંદાજ છે.

# ભાભર સોની બજારમાં મહિલાની ચેનની ચિલઝડપ



વનરાજસિંહ રાઠોડ

(તા.પ્રતિ.) ભાભર

ભાભરમાં આવેલ સોની બજારમાં સોમવારે બપોરે રામજી મંદિર રોડ ઉપર અજાણ્યા એક બાઈકમાં સવાર બે ઈસમોએ રસ્તે જતી મહિલાના ગળામાં પહેરેલ સોનાની ચેન ખેંચીને રફુચકકર થઈ જતાં ચકચાર મચી છે. ભાભર પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવીને સોની બજારમાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા અને રામજી મંદિરનો સી.સી. ટી.વી. કેમેરો ચેક કર્યો હતો. જેમાં એક બાઈકમાં બે શકમંદો ઈસમો ચેન ઝૂંટવીને ફરાર જતાં જોવા મળ્યા હતા.

# પાલનપુરમાં વિદેશી દારૂ સાથે યુવક - યુવતીની અટકાયત



સંજય જોષી

પાલનપુર

પાલનપુર ગુરૂવંદન બંગ્લોઝ નંબર ૩૪ માં રવિવારે શહેર પશ્ચિમ પોલીસ મથકના પી.આઈ.આર.કે.સોલંકીએ સ્ટાફ સાથે રેડ કરી હતી. જેમાં એકબીજાના મેળાપીપણાથી દારૂનું ગેરકાયદેસર વેચાણ કરતા અમિતબેન હિમાશુંભાઈ ગોસાઈ અને વડગામના વિજયભાઈ કેશરભાઈ ચૌધરીને રૂા.૪૦૦૦ ના વિદેશી દારૂની ૮ નંગ બોટલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસાના ગાયત્રીનગરમાં ઝાડા ઉલટીના કેસ નોંધાતા ફફડાટ



(ભરત સુંદેશા)

ડીસા

ડીસા શહેરના ગાયત્રીનગર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીમાં ગંદુ અને દુર્ગંધયુકત પાણી ભળી જતાં ૨૦ થી વધુ લોકો ઝાડા અને ઉલટીની બિમારીમાં સપડાયા છે. આ બાબતે વારંવાર પાલિકામાં રજુઆત કરવા છતાં કોઈ પગલાં લેવાતાં ન હોય સ્થાનિક લોકોમાં પાલિકા તંત્ર પ્રત્યે કચવાટ લાગણી ફેલાઈ છે.

## ભાભર ખાતે હોમગાર્ડઝ ભરતી તા.૭/૩/૨૦૧૮

**આથી તમામ ભાભર તેમજ ૮ કિ.મી.ના અંતરમાં આવતા ગામડાઓમાંથી અગાઉ ભાભર હોમગાર્ડઝમાં ભરતી થવા ડોકયુમેન્ટની ઝેરોક્ષ તેમજ ફોર્મ ભરવામાં આવેલ હતા. જે ચકાસણી કરી ધોરણ - ૭ પાસ ઉપરના અભ્યાસ તેમજ હોમગાર્ડઝ નવીન ભરતી રાખેલ. તા.૦૭/૦૩/૨૦૧૮ ના રોજ સમય સવારે ૮ કલાકે બાલાજીનગર વાવ રોડ ભાભર ખાતે રાખેલ તેમજ હોમગાર્ડઝ ભરતીમાં હાજર રહેવાનું રહેશે તેમજ અસલ ડોકયુમેન્ટ સાથે લાવવાનું રહેશે.**

**ઓફિસર કમાન્ડીંગ,**
**હોમગાર્ડઝ યુનિટ, ભાભર, જિ.બ.કાં.**


## શ્રધ્ધાંજલિ



**સ્વ.શીવજી પીરજી દેવડા**

ડીરેકટરશ્રી, ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાંથાવાડા
તા.દાંતીવાડા જિ.બનાસકાંઠા

**સ્વ.તા.૦૨-૦૩-૨૦૧૮**

રડી પડે છે આંખો અમારી, જોઇ તસ્વીર તમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી ઇશ્વરને પુછીશું તમારે ખજાને શી ખોટ પડી હતી કે અમારે જેની જરૂર હતી, તેની તમારે શી જરૂર પડી. પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના

લિ.

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાંથાવાડા**
**ચેરમેન-વા.ચેરમેન**
**તમામ બોર્ડ ડીરેકટરશ્રીઓ**
**તથા તમામ સ્ટાફગણ**
**તા.દાંતીવાડા, જિ.બનાસકાંઠા**

## જાહેર આભાર



દીઓદર તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને વા.ચેરમેન પદે અમારા ઉપર વિશ્વાસ મુકી અમોને બિનહરીફ કરવા બદલ તમામ તાલુકા સંઘના ડીરેક્ટરશ્રીઓ,સહકારી આગેવાનો,રાજકીય મહાનુભાવો સહીત અમો સર્વનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

તાલુકા સંઘ દ્વારા વિકાસની હરણફાળ ભરવામાં અમો પુરેપુરા પ્રયત્નશીલ રહીશું.

લિ.

**તરક ઈશ્વરભાઈ જેવતાભાઈ**
(ચેરમેન)

**વાઘેલા વનરાજસિંહ બળવંતસિંહ**
(વા.ચેરમેન)

**ધી દીઓદર તાલુકા ખરીદ વેચાણ સંઘ લી.**